# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
# અમરેલી

# શિક્ષણની નવી ક્ષિતિજો

૮

## જિલ્લા કક્ષાનો
## એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ

## 2022-2023

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ

## ૨૦૨૨-૨૩

### પ્રેરણા

**શ્રી ડી.એસ.પટેલ**

નિયામક, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

### માર્ગદર્શક

**દક્ષાબેન પી.પાઠક**

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

### કન્વીનર

**ભરતકુમાર બી. ડેર**

જિલ્લા ઈનોવેશન કો-ઓર્ડીનેટર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી

### સંકલન

**હરેશકુમાર વી. ગોહેલ**

કે.આર.પી., અમરેલી

ઉપ શિક્ષક, નાનાગોખરવાળા

તા.અમરેલી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ 2022-23



**દક્ષાબેન પાઠક**

## શુભેચ્છા સંદેશ

પ્રકૃતિ અનેકવિધ વિવિધતાઓથી ભરેલી છે. પ્રકૃતિનું જ સુંદર સર્જન એવું બાળક તો અનેક વિવિધતાઓ ધરાવે છે. વિવિધતા સભર બાળકોને એક જ પધ્ધતિથી શિક્ષણ આપી શકાય નહી, તેવી સફળ અને સચોટ રજુઆત ગુજરાતની સૌ પ્રથમ શિક્ષણની પ્રયોગકથા દિવાસ્વપ્નના  લેખક સ્વ . ગિજુભાઈ બધેકાએ કથાનાયક લક્ષ્મીરામના માધ્યમથી  કરી હતી. NCF 2005નો સૂર એ છે કે  બાળક એ જ્ઞાનનો સર્જક છે. બાળકની સર્જન પ્રતિભા વિકસાવવા શિક્ષકો વિવિધ નાવિન્યપૂર્ણ પ્રયુકિતઓ અને પધ્ધતિઓ  હાથ ધરે છે. અમરેલી જિલ્લાના આવા જ પ્રાથમિક શાળાના 55 શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના 13 શિક્ષકો કુલ 68  શિક્ષકોના શૈક્ષણિક પ્રયોગોનો મેળાવડો એટલે જ એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ.

જીસીઇઆરટી, ગાંધીનગરની પ્રેરણાથી ગુજરાતનાં  પ્રત્યેક  જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ઈનોવેશન સેલ વર્ષ 2013 થી શરૂ થયા. પ્રયોગશીલ શિક્ષકોના નવતર પ્રયોગોનું જિલ્લા ક્ક્ષાએ ઇનોવેશન શેરીંગ અને રાઇટઅપ વર્કશોપમાં દરેક ઇનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ. આ વર્કશોપમાં 50 ગુણમાંથી માર્કિંગ પણ કરેલ તેના આધારે પ્રાથમિક શાળાના 55 શિક્ષકો અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક  શાળાના 13 શિક્ષકો, કુલ 68 શિક્ષકો ભાગ લઈ રહ્યા છે. અમરેલી જિલ્લામાં એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ તારીખ : 11/1/2023 થી 12/1/2023 દરમ્યાન યોજાયેલ છે, ત્યારે  ભાગ લેનાર સૌ શિક્ષકો અને જોવા આવનાર સૌ સારસ્વત મિત્રોને અભિનંદન. આ મેળાવડામાં આવી, આપ પણ આપની શાળાના પ્રશ્નોના વૈજ્ઞાનિક સમાધાન માટે અનોખો અને નવો જ પ્રયોગ આદરો તે અપેક્ષા છે.

જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા માર્ગદર્શન અને વર્ષ : 2015-16 થી એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં અમોને જે માર્ગદર્શન અને પ્રેરણા પ્રાપ્ત  થઈ છે, તે બદલ અમો ઉરસાગરના અતલેથી માર્ગદર્શક સંસ્થાઓનો  આભાર માનીએ છીએ. આ ઉપરાંત નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર પટેલ સાહેબ વિશેષ રસ પ્રેરણા અને માર્ગદર્શન આપતા રહે છે. તેના જ પરિપાક રૂપે અમે આ એજયુકેશન ઇનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરી શકયા. અને ઈનોવેશનની શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો બુકલેટ તૈયાર કરી શકયા છીએ. તે બદલ નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગરનો અમે ઉરસાગરના અતલેથી ઋણ સ્વીકાર  કરીએ છીએ. આ બુક દરેક શાળા અને શિક્ષક સુધી પહોચશે અને શિક્ષણમાં ઉપયોગી થશે તેવી શુભેચ્છાઓ.


દક્ષાબેન પાઠક<br>
પ્રાચાર્ય<br>
ડાયટ અમરેલી

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – અમરેલી

## એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ 2022-23



**શ્રી ભરતકુમાર બી. ડેર**


### એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ એક ઝલક


વર્ગખંડમાં દરેક બાળકો અલગ અલગ હોય છે. દરેક બાળકોની શીખવાની પ્રક્રિયા અને ગતિ અલગ અલગ હોય છે, આવી પરિસ્થિતિમાં ઘણી વખત વર્ગખંડમાં શીખવવામાં શિક્ષકો મુશ્કેલી અને સમસ્યાઓ અનુભવે છે. આ સમસ્યાના નિવારણ માટે પ્રાથમિક શિક્ષણમાં ઘણા શિક્ષકો કોઇ ને કોઇ ઇનોવેશન કાર્ય કરી પ્રાથમિક શાળાની અને તેના વર્ગની ગુણવત્તા ઊંચી આવે તે માટે પ્રયત્ન કરતા હોય છે. પ્રાથમિક શાળાઓની મુલાકાત દરમ્યાન ધ્યાનમાં આવેલ છે કે કેટલાક શિક્ષકો વર્ગશિક્ષણ કાર્ય રેગ્યુલર પધ્ધતિ ઉપરાંત અભ્યાસક્રમને સહાયક હોય તેવી પધ્ધતિ કે પ્રયુકિત મારફત વર્ગશિક્ષણ કાર્યને ઉત્તમ કક્ષાએ લઇ જાય છે.

પ્રાથમિક શાળા કક્ષાએ થઇ રહેલા કામોને વેગ આપવા માટે રાજય કક્ષાએ જીસીઇઆરટી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લા કક્ષાએ ઇનોવેશન સેલની રચના કરવામાં આવેલ છે, જે અંતર્ગત જિલ્લા કક્ષાએ થઇ રહેલા ઇનોવેટીવ કાર્યને વેગ આપવામાં આવે છે. શિક્ષક પોતાની શાળામાં કે વર્ગખંડમાં ઇનોવેટીવ કાર્ય કરેલ હોય તેની વિગતો અપલોડ કરે છે. અમરેલી જીલ્લાના વધુમાં વધુ શિક્ષકો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં શિક્ષકો ભાગ લે એ હેતુથી ત્રણ તબક્કામાં ગુગલ ફોર્મમાં રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. જેના કારણે 90 ઇનોવેટિવ શિક્ષકોએ રજીસ્ટ્રેશ કર્યું. અમરેલી જિલ્લામાં આવા અપલોડ થયેલ ઇનોવેશનમાંથી શ્રેષ્ઠ ઇનોવેશન પસંદ કરવા માટે જિલ્લા ક્ક્ષાએ ઇનોવેશન શેરીંગ અને રાઇટઅપ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ, આ વર્કશોપમાં દરેક ઇનોવેટિવ શિક્ષકોએ પ્રેઝન્ટેશન કરેલ તેમજ 50 ગુણમાંથી માર્કિંગ પણ કરેલ તેના આધારે પ્રાથમિક શાળાના 55 શિક્ષકો જેમાં બીઆરસી, બીઆરપી અને સીઆરસીઓએ પણ લીધેલ છે. અને માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના 13 શિક્ષકો કુલ 68 શિક્ષકોની પસંદગી કરવામાં આવેલ.

આ 68 શિક્ષકોના ઇનોવેશનની માહિતી સાથે શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજો – બુકમાં સ્ટોરી સ્વરૂપે મુકવામાં આવેલ છે, જે આગામી સમયમાં શિક્ષણ સાથે સંકળાયેલા લોકોને ઉપયોગી થશે.

શ્રી ભરતકુમાર બી. ડેર
કન્વીનર
**એજયુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ**
ડાયટ – અમરેલી


સંખ્યા
બગસરા
રાજુલા
જાફરાબાદ
લીલિયા
અમરેલી
લાઠી
સાવરકુંડલા
કુંકાવાવ
બાબરા
ખાંભા
ધારી
6%
21%
5%
10%
12%
9%
13%
4%
7%
7%
6%


માધ્યમિક
પ્રાથમિક
0
10
20
30
40
50
60
Series1

# અનુક્રમણિકા


| સ્ટોલ નંબર | ઈનોવેશન | શિક્ષકનુંનામ | પેજ નંબર |
|---|---|---|---|
| 1 | મારી શાળા, શ્રેષ્ઠ શાળા | મકવાણા સંજયભાઈ મેરૂભાઇ | 01 |
| 2 | Interactive Quiz | પ્રજાપતિ રાજેશકુમાર ગોરધનભાઈ | 02 |
| 3 | એક મિનિટરમત | કટકીયા રાઘવભાઈ ધનજીભાઈ | 03 |
| 4 | WELCOME ENGLISH | હપાણી વર્દેશભાઈ કાંતિભાઈ | 04 |
| 5 | કરલો સંખ્યાજ્ઞાન મુઠ્ઠીમે | મકવાણા જીજ્ઞેશભાઈ ચંદ્રકાંતભાઈ | 05 |
| 6 | Q.R.CODE" की जादुई बुक | જોષી ધવલકુમાર જનકરાય | 06 |
| 7 | પ્લાસ્ટિક મુકત શાળા | દવે રમેશ ચંદ્રભાનુશંકર | 07 |
| 8 | ભૂલ શોધોઅને શીખો | ખાત્રોજા લાલજીભાઇ અમરશીભાઇ | 08 |
| 9 | શાળા દફ્તરનો વજન ઘટાડવો | ઉપાધ્યાય જીજ્ઞેશકુમાર નવનીતરાય | 09 |
| 10 | પ્રોટીન બેંક | પંડિત સવિતાબેનબુદ્ધિલાલ | 10 |
| 11 | મારી સ્વપ્નની શાળા | મહેતા અરૂણાબેન મનસુખભાઇ | 11 |
| 12 | ચાલો વાચન-લેખનથી અભ્યાસનો પાયો મજબૂત કરીએ | લુહાર પૂર્વીબેન અરજણભાઈ | 12 |
| 13 | મારીશાળામાં મારો પહેલો દિવસ | નિધિબેન મહેશભાઈ સુતરિયા | 13 |
| 14 | શબ્દોનીદુનિયા | જોષી કોકીલાબેન ગીરજાશંકર | 14 |
| 15 | જ્ઞાનદીપ શૃંખલા | સોલંકી દર્શનાબેન કાંતિલાલ | 15 |
| 16 | તાલ સે તાલ મિલા | ચાવડા ઉમેશભાઈ જેઠાભાઈ | 16 |
| 17 | મારું પેજ, મારું સ્ટેટ્સ | પરમાર અરવિંદભાઈ હરીભાઈ | 17 |
| 18 | ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજની ટૂંકી રીત | સાદરાણી જયદીપ કુમનલાલ | 18 |
| 19 | સંસ્કાર સિંચન સાથે મૂલ્યલક્ષી શિક્ષણ | નથવાણી પાયલબેન અરવિંદભાઈ | 19 |
| 20 | મોબાઈલ સ્ટેટસ દ્વારા શિક્ષણ | જીકાદરા જયસુખભાઇ લાલજીભાઈ | 20 |
| 21 | રમત સંકલિત શિક્ષણ | સોલંકી પ્રકાશ કુમાર દૂદાભાઈ | 21 |
| 22 | એનિમેટેડ ડિજીટલ કન્ટેન્ટ | ત્રિવેદી કૃતિકા ધીરુભાઇ | 22 |
| 23 | COLOUR WORDS કલરવર્ડ્સ | કાતરિયા પ્રફુલભાઈ કાનજીભાઈ | 23 |

# અનુક્રમણિકા


| સ્ટોલ નંબર | ઈનોવેશન | શિક્ષકનુંનામ | પેજ નંબર |
|---|---|---|---|
| 24 | રમતો દ્વારા શિક્ષણ | ચૌહાણ મનીષાબેન અરવિંદભાઈ | 24 |
| 25 | NMMS કા લક્ષ્યવેધ | ગોજારિયા હિતેશકુમાર ચુનિભાઈ | 25 |
| 26 | પ્રવૃત્તિ દ્વારા પરિણામ | નિમ્બાર્ક ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ | 26 |
| 27 | પરિશ્રમથી પરિણામ સુધી | બોરીચા મધુભાઇ કાથડ ભાઈ | 27 |
| 28 | લર્ન મેથ્સ ઈઝિલી | ગજેરા ચિરાગભાઈ દિલીપભાઈ | 28 |
| 29 | પ્રાયોગીક તાસ આયોજન | ગોરવિયાળા બળદેવભાઈ જીવાભાઈ | 29 |
| 30 | MY CHOICE MY CLICK | દવે અખિલકુમાર રમેશભાઈ | 30 |
| 31 | ટોબેકો ફ્રી યુથ | વેલાણી સમીરભાઈ સદરૂદીનભાઈ | 31 |
| 32 | ભાર વગરનું ભણતર | અમરેલીયા ગાયત્રીબેન બાબુભાઈ | 32 |
| 33 | વનસ્પતિની જાણકારી મેંળવીએ | કડેવાળ ભાવેશભાઈ મનસુખભાઇ | 33 |
| 34 | શુભ શરૂઆત | ચાવડા પરેશકુમાર એમ | 34 |
| 35 | L.O.અવેરનેસઅને મારી સિધ્ધિઓ | ચોટલિયા ચેતનાબેનભરતભાઇ | 35 |
| 36 | અક્ષર સુધારણા ધોરણ : 3 | પરમાર જ્યોત્સનાબેન વી. | 36 |
| 37 | મહેંદી અને લોન કટ્ટર મશીન | બાવિશી હિતેશભાઈ અમૃતલાલ | 37 |
| 38 | સાપ્તાહિક પ્રશ્નમંચ | પાઘડાળહરસુખભાઈશામજીભાઈ | 38 |
| 39 | સૌની શાળા | રૂડાણી પ્રતિકકુમાર અરવિંદભાઈ | 39 |
| 40 | પક્ષી સંવર્ધન અને પક્ષી પ્રેમ | દવે  શીતલબેન પ્રતાપરાય | 40 |
| 41 | ACTIVITY BASED LEARNING | જોષી પૂજાબેન હર્ષદકુમાર | 41 |
| 42 | પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન | દેસાઈ શિલ્પાબેન મહેશભાઈ | 42 |
| 43 | પ્રોપ્સ દ્વારા વાર્તા કથન /નિર્માણ | ડૉ. રવિયા તેજલબેન રમેશભાઈ | 43 |
| 44 | શિક્ષણમાં ટેકનોલોજી | ઉપાધ્યાય વિભાકરભાઈ એલ | 44 |
| 45 | વિદ્યા માટેનું દાન | હડિયા હિમતભાઈ જાદવભાઈ | 45 |
| 46 | ગૌરવ ગુજરાતીનું | સોજીત્રા દયાબેન સમજુભાઈ | 46 |

# અનુક્રમણિકા


| સ્ટોલ નંબર | ઈનોવેશન | શિક્ષકનુંનામ | પેજ નંબર |
|---|---|---|---|
| 47 | વૈભવ મુળાક્ષરોનો | હિરપરા ગુણવંતરાય લાલજીભાઈ | 47 |
| 48 | ગણિતવિજ્ઞાન કીટ ધોરણ 6 થી 8 | દવે વરુણકુમાર એ. | 48 |
| 49 | Creativity of art | કોટડીયા કાજલબેન એમ. | 49 |
| 50 | EASY MATHS | પાનસુરીયા રાકેશ એન | 50 |
| 51 | અવયવો પાડવાની સરળ રીત | રાજ્યગુરૂ ધર્મેશકુમાર હર્ષદરાય | 51 |
| 52 | સમય દાન | ધાંધિયા દિવ્યાબેન ગૌરીશંકર ભાઈ | 52 |
| 53 | બેજીક કન્સેપટ ઓફ સાયન્સ | ટાંક સુરેશભાઈ ચુનીલાલ | 53 |
| 54 | કલાકોનું કામ મિનીટોમાં તમામ | બારૈયા સંજયકુમાર બી. | 54 |
| 55 | I CAN FLY | પઠાણ ફિરોઝખાન દિલાવારખાન | 55 |
| 56 | Website | ચૌહાણ હિનાબેન કાનજીભાઈ | 56 |
| 57 | ચાલો, નાગરિક શાસ્ત્રને વિદ્યાર્થી પ્રિય બનાવીએ | દવે સરિતાબેન તુલજાશંકર | 57 |
| 58 | ધ આર્ટ ઓફ લર્નિંગ ટુ લર્ન | કનાલા ધર્મેન્દ્રભાઈ અરજણભાઈ | 58 |
| 59 | શૂન્યથી સૂત્ર સુધીની સફર | જોષી મયંકકુમાર જનકભાઈ | 59 |
| 60 | મેજીક સ્પર્શ | જોશી આશિષભાઈ મણીલાલ | 60 |
| 61 | ધોરણ -10 ગણિત વિષય પરિણામ સુધારણા | બારૈયા વિપુલભાઈ લવજીભાઈ | 61 |
| 62 | ડિજિટલ શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા | પંપાણીયા ધાનાભાઈ અરજનભાઈ | 62 |
| 63 | Self learn & self teach | તલાવિયા કેતનભાઈ | 63 |
| 64 | અક્ષર સુધારણા | પરમાર મંજુલાબેન બાબુભાઈ | 64 |
| 65 | NA'J METHODOLOGY : FOR INTERNAL EVALUATION | ગાંગાણી નવરોજ બરકતભાઈ | 65 |
| 66 | સ્વાથ્ય અને પોષણ ( વ્યસન મુક્તિ) | જાવિયા વસંતબેન વિનોદરાય | 66 |
| 67 | 3d એનિમેશનનો ભૌતિક વિજ્ઞાનમાં ઉપયોગ | સથવારા કર્દામ્કુમાર નટવરલાલ | 67 |
| 68 | નોંધપોથી દ્વારા મૂલ્યાંકન | વઘાસિયા મહેશ રતિલાલ | 68 |

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

01



**ઇનોવેટરનું નામ :- મકવાણા સંજયભાઇ મેરૂભાઇ**

**શાળાનું નામ :- શ્રી બર્બટાણા પ્રાથમિક શાળા**

**તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 98248 18280**

## :: મારી શાળા, શ્રેષ્ઠ શાળા ::

રાજુલા તાલુકા મથકેથી 8 કિલોમીટર દૂર આવેલું ચારોડિયા ગામ. આ ગામની પ્રાથમિક શાળામાં ધોરણ 1 થી 8ના 83 જેટલા બાળકો અભ્યાસ કરે છે. શાળાના બાળકોનાં માતા-પિતા મજુરી તેમજ ખેતી કામ અર્થે બાળકને પણ સાથે લઇ જતા જેના કારણે શાળામાં 30% જેટલા બાળકો અનિયમિત રહેતા તે હેતુથી "ચાલો આદર્શ બનીએ" કાર્યક્રમ તેમજ દેશના પ્રધાનમંત્રી માન.શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ "એક ભારત, શ્રેષ્ઠ ભારત" અંતર્ગત પ્રેરણા લઇ આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો. જેમાં વર્ષ દરમિયાન જેવી કે....

(1) શાળામાં બાળકની નિયમિત હાજરી દર મહિનાના અંતે સૌથી વધારે હાજરી હોય તેવા ધોરણ 1 થી 8ના એક કુમાર અને એક કન્યાને પ્રાર્થના સભામાં પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(2) ઇકો કલબ પ્રવૃતિ અંતર્ગત "એક બાળ, એક ઝાડ" જૂન મહિનામાં શાળાના દરેક બાળકને એક છોડ આપવામાં આવે છે. જે પોતાના ઘરે આ છોડને રોપે છે. જેનું શનિવાર અને રવિવારે સમયાંતરે ઘરની મુલાકાત લઇ આ છોડનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

(3) "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" બાળક પોતાની શરીરની સ્વચ્છતા અને શાળાને સ્વચ્છ બનાવે ત્યારે શ્રેષ્ઠ કાર્ય કરનારને સ્વચ્છતા એવોર્ડ. તેમજ જે બાળકના ઘરે શૌચાલય ન હોય તેમના ઘરે શૌચાલય બનાવવા માટે સરકારશ્રી અને ખાનગી સંસ્થા દ્વારા જે સહાય આપવામાં આવે છે તેની માહિતી આપી સૌથી પહેલા પોતાના ઘરે શૌચાલય બનાવે તેમને વર્ષના અંતે બાળકના વાલીને સ્વચ્છતા એવોર્ડમાં શિલ્ડ, શાલ અને ફૂલહારથી સન્માન કરવામાં આવે છે.

(4) વર્ષ–2018થી શાળામાં દર વર્ષે જૂન મહિનામાં બચત ગલ્લા બેન્કનો પ્રારંભ કરવામાં આવે છે, ત્યારે વર્ષ દરમિયાન સૌથી વધુ રૂપિયાની બચત કરેલ હોય તેવા એક કુમાર અને એક કન્યાને શિલ્ડ આપી સન્માન કરવામાં આવે છે.

(5) સમયાંતરે શાળામાં વાલી સંમેલનમાં જેમના માતા- પિતાને વ્યસન હોય તેમને વ્યસન મુક્ત કરાવવા ચાર્ટ - ચિત્રો દ્વારા માર્ગદર્શન આપી અને સંકલ્પ લઇ વર્ષના અંતે જે બાળકના પિતાએ વ્યસન છોડયું હોય તેને શિલ્ડ, શાલ અને ફૂલહારથી સન્માન કરવામાં આવે છે.

જેમાં શાળામાં સ્વચ્છતા એવોર્ડ , ઇકો કલબ એવોર્ડ , વ્યસન મુક્તિ એવોર્ડ, શ્રેષ્ઠ કાર્ય કરેલ, સૌથી વધુ બચત કરેલ, વર્ષના અંતે શાળામાં સૌથી વધારે શાળાએ નિયમિત હાજરી આપનાર, આવા વિવિધ પ્રકારના એવોર્ડ આપી બાળકોને અને તેમના વાલીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ નવતર પ્રયોગ થી બાળકમાં અને તેમના વાલીમાં ખુબજ જાગૃતતા આવી છે. સાથો સાથ શાળાના બાળકોમાં શિક્ષણની સાથે જીવન કૌશલ્યનો વિકાસ થઇ રહ્યો છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**02**


ઇનોવેટરનું નામ :- પ્રજાપતિ રાજેશકુમાર જી

શાળાનું નામ :- શ્રી ભાક્ષી 1 પ્રા.શાળા

તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 8980 337661




## :: Interactive Quiz ::

શિક્ષણ કાર્ય દરમિયાન અધ્યયન નિષ્પત્તિના મુલ્યાંકન માટે સમયાંતરે SCE કસોટી યોજવામાં આવતી હોય છે. જેમાં SCE કસોટીનું વિતરણ, તેને લખવા માટેનો સમય અને ત્યાર બાદ તેને ચકાસણી કરી પરિણામ આપવું જે પ્રક્રિયા સમય અને મહેનત બંને વધારે માંગી લેતી હોય છે. આ સમસ્યાને દૂર કરવા અને ઓન લાઇન ઇ ક્વિઝનું નિર્માણ કરવા Edutor App પસંદ કરી. ક્વિઝ દ્વારા નવું શીખવવા માટે Edutor App પર Interactive Quiz બનાવવાનું વિચાર્યું.

સૌ પ્રથમ એજ્યુટર એપ પર રજીસ્ટ્રેશન કરી પ્રોફાઇલ બનાવી. તેમાં ક્વિઝ બનાવવાનું શરુ કર્યું. ત્યાર બાદ એજ્યુટર એપ દ્વારા વિવિધ ક્વિઝ અભિયાન શરુ થયા. તેમાં ક્વિઝ બનાવી જેમ કે સંસ્કૃત મહા અભિયાન, શ્રીમદ્ ભગવત ગીતા ક્વિઝ, ડૉ. આંબેડકર ક્વિઝ, દિન વિશેષ ક્વિઝ તેમજ NMMS અભિયાન ક્વિઝ, SCE ક્વિઝ. બાળકોને વોટ્સ એપ ગ્રુપમાં શેર કરી. તેમજ વર્ગખંડમાં પ્રોજેક્ટર પર પણ બાળકોને આ ક્વિઝ દ્વારા SCE મૂલ્યાંકન કરવાનું શરુ કર્યું. જેમાં સંસ્કૃત ઇ ક્વિઝમાં 1854 રિસ્પોન્સ, શ્રીમદ્ ભગવત ગીતા ક્વિઝમાં 2269 રિસ્પોન્સ, NMMS તેમજ SCE ક્વિઝ 33 જિલ્લાના 26,000 કરતાં વધુ વિધાર્થીઓએ આપી. આ એપમાં અત્યાર સુધી કુલ 47,000 શિક્ષકો જોડાયા છે. એજ્યુટર એપના શિક્ષણમાં અસરકારક ઉપયોગ બદલ રાજ્ય કક્ષાએ 30 શિક્ષકોને માનનીયશ્રી શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીના હસ્તે સન્માનિત કરાયા.

પરિણામ સ્વરૂપ મારા દ્વારા બનાવેલ સંસ્કૃત મહા અભિયાન ક્વીઝ, શ્રીમદ ભાગવત ગીતા ક્વિઝ સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધુ વખત અપાઇ. તેમજ અન્ય દરેક ક્વિઝને ખુબ સારા રિસ્પોન્સ મળ્યા. જેનું મુલ્યાંકન એજ્યુટર એપ દ્વારા કરાયું. આ કાર્ય બદલ એજ્યુટર એપ દ્વારા પૂર્વ શિક્ષણમંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી અને વર્તમાન શિક્ષણમંત્રીશ્રીના હસ્તે સન્માન પણ કરવામાં આવ્યું. Interactive Quiz નો શિક્ષણ કાર્યમાં સમાવેશ કરવાથી શિક્ષકના સમયનો બચાવ થયો છે. શિક્ષણ કાર્યમાં મૂલ્યાંકન માટે Edutor Appનો ઉપયોગ નિયમિત થવા લાગ્યો છે. બાળકો પોતાના અનુકુળ સમયે અને સ્થળે Interactive Quizના ઉપયોગથી સ્વ મૂલ્યાંકન કરતા થયા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**03**

ઇનોવેટરનું નામ :- કટકીયા રાઘવભાઇ ધનજીભાઇ

શાળાનું નામ :- શ્રી મિતિયાળા પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- જાફરાબાદ    જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9925806546




## :: એક મિનિટ રમત ::

મારા વર્ગના બે જ વિદ્યાર્થી,એક એકલવ્ય અને અર્જુન,એકને એક ધ્યેયની સાધના,એકને એક લક્ષ્યની ધૂન દ્રષ્ટિ કેળવીએ તો રમત એ બધા માટે ગમ્મત સાથે જ્ઞાન શક્તિ અને જીવનમાં સદગુણોનું ઉદગમસ્થાન બની શકે છે.રમત એ બાલ્યાવસ્થા, વૃદ્ધાવસ્થા સુધી અનેરો આનંદ છે. રમત ગમ્મતથી બાળકોમાં એકાગ્રતા અને ગ્રહણ શક્તિ કેળવાય છે. વળી નવી શિક્ષણ નીતિમાં પણ રમતગમતને વિશેષ પ્રાધાન્ય અપાયું છે.જે રમતજગતના આવનારા શ્રેષ્ઠ દિવસોનો શુભ સંકેત આપી જાય છે શેરીઓમાં પણ સાથે મળીને રમાતી રમતો બંધ થવાને લીધે બાળકો આજે મોબાઈલ કે લેપટોપમાં વિડિયો ગેમ રમવા ટીવી જોવા તરફ વળ્યા છે ત્યારે ....

કોરોના જેવી વૈશ્વિક મહામારી પછી શાળાના દિવસો બાળકો માટે ખોરવાઇ ગયા.શાળાએ પગથિયું પણ ચડ્યા નહિ તેવા બાળકોને શાળાએ આવવા માટે ડર લાગતો આ બાળકોને શાળાએ નિયમિત લાવવા માટે શાળા કક્ષાએ રમતનું આયોજન કરવામાં આવ્યું.શાળા સમય દરમિયાન વિશ્રાંતિ વેળાએ,શનિવારના દિવસે તેમજ ધોરણ:-1-2 ના બાળકો માટે રમે તેની રમતના તાસમાં એક મિનિટની રમત, વિવિધ દોડની રમતો, સ્પર્શની રમતો,બે ટુકડી પાડીને રમતો,બેઠા બેઠા રમી શકાય તેવી રમતો, વર્તુળાકાર મેદાનની રમતો,વર્ગમાં રમાડી શકાય તેવી રમતો,સાધનો દ્વારા રમાતી રમતો,તાળી રમતો, યૌગિક રમતો, એકાગ્રતાની રમતો,યાદશક્તિની રમતો, તર્કશક્તિની રમતો, ગાણિતિક રમતો,શોધખોળ ની રમતો,સંગીત આધારિત રમતો,અભિનય આધારિત રમતો વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું.એક મિનિટના આ નવતર પ્રયોગના પરિણામ સ્વરૂપે શાળાના તમામ બાળકોમાં નવા ઉત્સાહ ,નવા વિચારો સાથે વિધાર્થીઓ શાળાએ આનંદ કિલ્લોલ કરતા હસતા કૂદતાં રમતો ખેલતા આજે શાળાએ આવતા થયા છે.વર્ગમાં નાવીન્યપૂર્ણ રમતો દ્વારા આજે બાળકોની હાજરીનું પ્રમાણ વધ્યું છે.અન્ય શાળાના શિક્ષક મિત્રો વિધાર્થીઓ સુધી પોહચે તે માટે ફેસબુક પર રઘુ રમકડું - Raghau ramakadu sir નામનું પેઝ બનાવેલ છે.તેમજ યૂટ્યુબ ચેનલ પણ બનાવેલ છે.જેમાં દરેક શૈક્ષણિક પ્રવૃતિ અને રમતોને લગતા વિડિયો મૂકવામાં આવે છે.રમત ગમતની સાથે જ્ઞાન શક્તિ અને જીવનમાં સદગુણોને ઉદગમસ્થાન બની ગયું. સમયની ક્ષણને પળે પળનો ઉપયોગ કરતા થયા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**04**

ઇનોવેટરનું નામ :- હપાણી વર્દેશભાઈ કાંતિભાઈ
શાળાનું નામ :- શ્રી જુની બારપટોળી પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 8140462120



## :: WELCOME ENGLISH ::

અમારી જુની બારપટોળી પ્રા.શાળામાં 400 જેટલાં બાળકો અભ્યાસ કરે છે.જૂની બારપટોળી પ્રા.શાળામાં સમસ્યા એ હતી કે ઘણાં વિધાર્થીઓમાં અંગ્રેજી વિષય પ્રત્યે અણગમો જોવા મળતો હતો. વિધાર્થીઓનું અંગ્રેજી વિષયનું શબ્દભંડોળ ઓછું હતું.

Welcome English ઇનોવેશન અંતર્ગત વિધાર્થીઓને રોજીંદા જીવનમાં ઉપયોગી બને અને તેઓનું અંગ્રેજી વિષયનું શબ્દભંડોળ વધે તેવી 43 PDF FILE તૈયાર કરવામાં આવેલ છે.આ ફાઈલમાં ધોરણ 6 થી 8 નાં અંગ્રેજી વિષયનાં બન્ને સત્રનાં સ્પેલિંગ,બાળકોને પાયાનાં સ્પેલિંગ મળી રહે તે માટે વિભાગ પ્રમાણેનાં સ્પેલિંગ જેવાકે Flowers, Fruits, Vegetables, Bodyparts, Verbs,Adjective વગેરે જેવાં વિભાગ રાખવામાં આવ્યાં છે.કુલ 43 PDFમાં 442 Pages છે અને 35,317 Words ટાઈપ કરવામાં આવ્યાં છે.વિધાર્થીઓ પાસે Basic Englishની અલગ બુક બનાવી આ PDF માંથી તેને લખાવી શકાય છે. આ PDF બાળકોને Common Homework તરીકે આપી શકાય છે.આ PDF શિક્ષકો માટે પણ અત્યંત ઉપયોગી છે. આ ઉપરાંત અંગ્રેજી ગ્રામરનું TLM તૈયાર કરવામાં આવેલ છે.

આ TLM વિધાર્થીઓને અંગ્રેજી શિક્ષણકાર્ય કરતી વખતે સંદર્ભ સાહિત્ય તરીકે ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ધો.6/ 7/8નાં વિધાર્થીઓને English વિષયની વિવિધ Activity કરાવવામાં આવે છે. જેવી કે 18 ભાષામાં ભારત દેશની મહાનતાની રજુઆત, 8 ભાષામાં પ્રતિજ્ઞાપત્ર, 3 ભાષામાં Live Vegetablesની ઓળખ વગેરે જેવી સપ્તરંગી પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. અને તેનું Video શૂટ કરી શેર કરવામાં આવે છે.

આ નવતર પ્રયોગનાં મૂલ્યાંકન માટે વિધાર્થીઓની સમયાંતરે ટેસ્ટ લેવામાં આવે છે.વિધાર્થીઓ પાસે દરરોજનાં 10 સ્પેલિંગ પાકાં કરાવી બોલાવવામાં આવે છે. આ પ્રયોગનું પરિણામ એ મળ્યું કે અમારી શાળાનાં વિધાર્થીઓ અંગ્રેજી વિષયમાં રસ લેતાં થયાં. વિધાર્થીઓમાં અંગ્રેજી શબ્દભંડોળનો વધારો થયો. વિધાર્થીઓમાં અંગ્રેજી ગ્રામરનું પાયાનું જ્ઞાન મજબૂત થયું

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

05

ઇનોવેટરનું નામ :- મકવાણા જીજ્ઞેશભાઈ ચંદ્રકાન્તભાઈ
શાળાનું નામ :- શ્રી કડિયાળી પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9723835004



## :: કરલો સંખ્યાજ્ઞાન મુઠ્ઠીમે ::

ગણિત એ મહાવરાનો વિષય છે.જો વારંવાર મહાવરો કરાવવામાં ન આવે તો બાળકો ભૂલી જાય છે અને તેથી જે તે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થઇ શકતી નથી.ગણિતમાં સૌથી અગત્યનો મુદ્દો હોય તો તે છે સંખ્યાજ્ઞાન.વળી ગણિતમાં સંખ્યાજ્ઞાનને લગતો મહાવરો ધોરણ 3 થી 5 નાં એકપણ પાઠ્યપુસ્તકમાં આપવામાં આવેલ નથી,જેથી બાળકોને સંખ્યાજ્ઞાનમાં કચાશ રહી જાતી હતી.તેના સોલ્યુશનના ભાગરૂપે મેં આ ઇનોવેશન કર્યું.

આ ઇનોવેશનમાં મેં દરેક બાળકો પાસે વધારાની કંકોત્રી કે બુકના પુઠામાંથી 0 થી 9 અંકોના 20 કાર્ડ બનાવડાવ્યા.આ કાર્ડની મદદથી કેવી રીતે સંખ્યા બનાવીને રમત રમવી તેની સમજ આપવામાં આવી,અને બે – ત્રણ દિવસ બાદ જયારે જે નવો મુદ્દો શીખવવો હોય તેની પણ સમજ આગળના દિવસે આપવામાં આવી.બાળકોને રમતો રમવાનું ખુબ ગમે છે.આ કાર્ડમાં પણ બાળકો સંખ્યા કાર્ડ લઇ સંખ્યા બનાવશે અને તે સંખ્યા બુકમાં લખશે.આવી રીતે આ કાર્ડની મદદથી સંખ્યા લેખન, સ્થાન કિંમત, વિસ્તાર, ચડતો - ઉતરતો ક્રમ, નાની - મોટી સંખ્યા, આગળની -પાછળની સંખ્યા,અંકોથી બનતી સૌથી મોટી સંખ્યા – સૌથી નાની સંખ્યા,એકી – બેકી સંખ્યા, સરવાળા વિભાજ્ય – અવિભાજ્ય સંખ્યા, બાદબાકી વગેરેની સમજ આપવામાં આવી.આમ બાળકોને ફ્રી સમયમાં તેમજ લેશનમાં આપણે સંખ્યા બનાવવાની આપી.જરૂરત પડી ત્યાં પીઅરગ્રુપ લર્નિંગ દ્વારા પણ આ રીતથી રમત રમાડવામાં આવી.ત્યારબાદ કાર્ડ સિવાય મેં એક મેજિક સર્કલ પણ બનાવેલ છે.જેમાં પણ બાળકો કચૂકા,કોડી વગેરેની મદદથી કેવી રીતે સંખ્યા બનાવવી તેની પણ સમજ આપવામાં આવી.

આવી રીતે મુલ્યાંકનમાં મેં વ્યક્તિગત રીતે ધોરણ 3 થી 5 નાં બધા બાળકની સંખ્યાજ્ઞાનની પ્રી ટેસ્ટ લીધી, કાર્ડની મદદથી દરરોજ લેશનમાં સંખ્યા લખવા આપી અને તપાસી.પીઅર ગ્રુપ લર્નિંગ દ્વારા પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું.આવી રીતે દરરોજ દરેક બાળકની સંખ્યા તપાસવામાં આવી.આવી રીતે આપણે બાળકોને ફ્રી સમયમાં તેમજ લેશાનમાં આપણે સંખ્યા બનાવવા આપી મહાવરો કરાવી શકીએ છીએ.જેથી બાળકોમાં ગણિત પ્રત્યેનો હાઉ દૂર થશે. સંખ્યાજ્ઞાન સરળ લાગશે, FLN માં ખૂબ સારી ફળશ્રુતિ જોવા મળી, સરવાળા – બાદબાકીનું દ્રઢીકરણ થયું ગણિત પ્રત્યેનો ડર દૂર થયો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**06**

ઇનોવેટરનું નામ :- જોષી ધવલકુમાર જનકરાય
શાળાનું નામ :- શ્રી ગોઢાવદર પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- લીલિયા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 94287 08671



## :: Q.R.CODE कि जादुई बुक ::

આજનો સમય ટેકનોલોજીનો યુગ છે. શાળામાં જો આ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવેતો હાર્ડવર્કની જગ્યાએ સ્માર્ટવર્ક દ્વારા સમયની બચત કરી શકાય છે. વિધાર્થી`ઓનું મુલ્યાંકન કરવા **નઈહઈભઈચઈતઈ** દ્વારા એકમ કસોટી લેવાય છેલપરંતુ વિધાર્થીઓ જો ઓછા ગુણ મેળવેતો તેવા વિધાર્થીઓની ક્ષમતા આધારીત પુન:કસોટી લેવામાં આવે છે.

આ પુન:કસોટી લેવા માટે શિક્ષકોએ ક્ષમતા આધારીત પુન:કસોટી તૈયાર કરવી પડે છેલઅથવા સમયના અભાવે **થફગ તગખભ** કે કોઈ **ખીફન** પરથી આવી કસોટી મેળવવાનો પ્રયત્ન કરવો પડે છેઈપરંતું તેવી કસોટી મેળવવા તેમને **થફગ તગખભ** કે **ખીફન** પર આવતી જાહેરાતોનો સામનો કરવો પડે છેલઅને ઘણી વખત આવી તૈયાર મળતી એકમ કસોટી ક્ષમતા આધારીત ન હોવાને કારણે ફલશ્રુતી મળતી નથીલ

આથી જો **નઈહઈભઈચઈતઈ** ની વિષય તજજ્ઞ દ્વારા તૈયાર કરેલ અને પાછલા વર્ષમાં લેવાઈ ગયેલ એકમ કસોટી-સામાયિક કસોટી-પ્રશ્ન બેંકનાં **ષઈચઈહફમભ** બનાવી તેમની એક બુક બનાવી તેનો જ ઉપયોગ પુન:કસોટી તરીકે લેવામાં આવે તો શિક્ષકો અને વિધાર્થીઓ માટે કસોટી લેવી લેવડાવી ખૂબ જ સરળ થઇ પડે છે.વળી વાલી પણ પોતાના બાળકની સિદ્ધિ તપાસવા માટે આ **ષઈચઈહફમભ** બુકનો ઉપયોગ કરી શકે છે.આ કસોટીઓ અધ્યયન નિષ્પતિ આધારીત હોવાને કારણે વિધાર્થીઓની કઇ ક્ષમતા સિધ્ધ થઈ નથી તે પણ સરળતાથી જાણી શકાય છેલ અને તેના આધારે તેને તે એકમનો તે મુદ્દો સમજાવી શકાય છે. સાથો સાથ આ **ષઈચઈહફમભ** દ્વારા મળતી કસોટીથી વિધાર્થીઓનું મુલ્યાકન કરી S.C.E. પત્રકોમાં સરળતાથી ગુણ મુકી શકાય છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**07**


ઈનોવેટરનું નામ :- દવે રમેશચંદ્ર ભાનુશંકર

શાળાનું નામ :- શ્રી ફતેપુર પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9979525099




## :: શાળા પ્લાસ્ટિક મૂક્ત ::

અમરેલી તાલુકાની અમરેલીના સીમાડાને અડીને આવેલી ફતેપુર પ્રાથમિક શાળામાં 315ની આસપાસ સંખ્યા સાંપ્રત પ્રવાહની સાથે હાથ મિલાવીને કામ કરનારા શિક્ષકો. અમે પ્રાર્થનામાં નિયમિત વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ પાંચ મિનીટમાર્ગદર્શન આપીએ છીએ.

મેં એક દિવસશાળાને પ્લાસ્ટિક મુક્ત કરવાનો વિચાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સમક્ષ મૂક્યો તે માટે મને પ્રેરણા પૂરી પાડનાર માનનીય વડાપ્રધાનશ્રીના સ્વચ્છ ભારત અને પ્લાસ્ટિક મૂકત ભારત અભિયાન તેમજ અમરેલીના એક (બાળકોના) બાળરોગ નિષ્ણાંતડોક્ટર સાથે મેં મૂલાકાત કરી ત્યારે તેમણે પ્લાસ્ટિક વપરાશથી બાળકોને થતાં રોગો અને ઇન્ફેકશન ઝડપથી લાગેછે તે અંગે ગંભીરતા સમજાવી. આથી મને વિચાર આવ્યો કે તેમા આપણે શું કરી શકીએ ? તે અંગે માર્ગદર્શન મેળવ્યું અને બાળકોના હિતમાં પ્લાસ્ટિક મુકત શાળાનો વિચાર કર્યો.

આચાર્ય સાથે વિચાર વિમર્શ કરી તેમની સંમતી મેળવી. સૌ પ્રથમ પ્રાર્થના સભામાં પ્લાસ્ટિક ના લાભા–લાભ સંવાદ કર્યો. ચર્ચામાં ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ સામેલ થયા. પ્લાસ્ટિકના ઉપયોગ અંગે દરેકના વિચારો જાણ્યા. બાદ કાર્યક્રમ અંતર્ગત ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, બાળનાટક, પ્લાસ્ટિક મુક્ત શાળાને લગતાં અભિનયગીતો જેવા કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા વર્ગખંડ અને શાળા પરીસરમાં **“ મને પ્લાસ્ટિક આપો”** તેવા લખેલી ડસ્ટબીનો મૂકી શાળા પરીસરમાં દેખાતું પ્લાસ્ટિક શિક્ષકો જાતે ઉપાડવા લાગ્યા.

આ સમય દરમ્યાન કોરોના પછી સરકાર શ્રીનો પરીપત્ર થયો દરેક બાળકોએ નાસ્તો અને પાણી ઘરેથી લાવવું આ મુદ્દા પર વાલીઓને સમજાવ્યા. ગામમાં દુકાનવાળાનો પ્રશ્ન ઉભો થયો. તેમને સમજાવવામાં આવ્યા તેઓ બાળકોના હિતમાં સમંત થયા. બાળકો પ્લાસ્ટિક પેકીંગમાં નાસ્તો લાવતા બંધ થયા. ઘરનો પૌષ્ટિક નાસ્તો લાવતા થયા. શાળા પરીસર સ્વચ્છ બન્યું. મારી શાળા પ્લાસ્ટિક મૂક્ત બની.

ઇનોવેટરનું નામ :- ખાત્રોજા લાલજીભાઈ એ.

શાળાનું નામ :- શ્રી દામનગર પે સે.શાળા નં.1

તાલુકાનું નામ :- લાઠી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9429686525



# :: ભૂલ શોધો અને શીખો ::

અમારી શાળા શ્રી દામનગર પાસે શાળા નંબર 1 માં જુલાઈ 2022 માં ધોરણ એકમાં 34 અને ધોરણ બે માં 51 બાળકો અભ્યાસ કરતા હતા. લોકડાઉન અને કોરોના કાળની સમસ્યાને લીધે ધોરણ બે ના બાળકો પણ ધોરણ એક માં દાખલ થયેલા બાળકો સમકક્ષ જ હતા. આટલા બાળકોને શીખવવું ખૂબ જ મુશ્કેલી રૂપ અને સમય માગી લે તેવું કાર્ય બની રહેલ.................

કોઈ ભૂલ શોધવાની હોય ત્યારે સામાન્ય રીતે વધુ એકાગ્ર થવું પડતું હોય છે. બાળકોને પણ ભૂલ શોધવામાં વધુ મજા પડતી હોય છે જે બાબતને ધ્યાને લઈ આ ઇનોવેશન કરવાનો વિચાર આવ્યો.......

સૌપ્રથમ ધોરણ એક ની 15 અને ધોરણ બે ની 19 અધ્યયન નિષ્પતિઓની નોંધ કરી. ત્યારબાદ એ નિષ્પતિઓ બાબતે પ્રજ્ઞા સ્વઅધ્યયન પોથી ના કયા પાના પર જરૂરી સાહિત્ય છે તે નોંધવામાં આવ્યું. આ પાના પર કાર્ય કરવામાં બાળક કેવા પ્રકારની ભૂલ કરે છે તેની નોંધ કરી.- ઉદાહરણ સ્વરૂપ જોઈએ તો ધોરણ એકની અધ્યયન નિષ્પતિ ક્રમ નંબરM101-1 થી20 સુધીની સંખ્યા સાથે કામ કરે છે. આ નિષ્પતિ સિદ્ધ કરવા માટે બાળકને ધોરણ એકની સ્વાધ્યાયપોથીના પાના નંબર 42, 76, 78, 80, 81, 82 અને 83 પર સિદ્ધિ મેળવવી પડે. આ પેજ પૂર્ણ કરવામાં બાળક કેવા કેવા પ્રકારની ભૂલો કરે છે તેની નોંધ કરી. પાના નંબર 42 પૂર્ણ કરવામાં બાળક છ પ્રકારની ભૂલ કરે છે આ ભૂલ ન થાય તે માટે પાના નંબર 42 જેવા જ છ કાર્ડ બનાવ્યા અને એમાં દરેક કાર્ડમાં અલગ અલગ ભૂલ દર્શાવી .પ્રજ્ઞા મુજબ કાર્ડની માહિતી આપ્યા બાદ બાળકની પ્રગતિ જાણવા હવે બાળક આ ભૂલો શોધી બતાવે એટલે બાળકથી એ અધ્યયન નિષ્પતિ સિદ્ધ થઈ છે તેમ કહી શકાય.

આ રીતે દરેક અધ્યયન નિષ્પતિ સ્વ અધ્યયન પોથીના કયા પાના સાથે સંકળાયેલ છે અને તેમાં કેવા પ્રકારની ભૂલો બાળક કરે છે તે ભૂલ વાળું પાનું આપવાનું અને બાળક એ ભૂલ શોધી આપે એટલે અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ થઈ છે એમ કહી શકાય.બાળકોને અભ્યાસ પ્રત્યે રસ રુચિ જળવાઈ રહે છે.ભૂલ શોધવાની હોવાથી બાળક એકાગ્રતાથી કામ કરે છે. બાળક ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે. એકબીજાની સાથે સહજતાથી જોડાઈને શીખે છે. પોતે જ ભૂલ શોધે છે અને શીખે છે તેથી પોતાનાથી એવી ભૂલ થવાની સંભાવના ખૂબ જ ઘટી જાય છે.

09

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી




ઈનોવેટરનું નામ :- ઉપાધ્યાય જીજ્ઞેશકુમાર નવનીતરાય

શાળાનું નામ :- શ્રી સી.આર.સી. વાવેરા

તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9429078556


## :: REDUCING WEIGHT OF SCHOOL BAG ::

ઓક્ટોબર મહિનામાં મારી નિમણુક સી.આર.સી.વાવેરા તરીકે થઈ. દરરોજ જુદી જુદી શાળાઓની મુલાકાતે જવાનું થતું. જેમાં બધી શાળાઓના બાળકોની એક સર્વ સામાન્ય ફરિયાદ શાળાના બેગનું વજન જોવા મળ્યું. કેટલાક વાલીઓની પણ ફરિયાદ જોવા મળતી કે વર્ષની 3 થી 4 સ્કૂલબેગ લઈ આપવી પડેછે. ઘણીવખત બાળકોની સાથે વાતચીત કરતા ગરદન દુ:ખવી, મણકામાં દર્દ થવું ,ફ્રોજન શોલ્ડર જેવી બીમારીમાંથી બાળકો પસાર થતા હોય એવો એહસાસ થયો અને શરૂઆત થઈ આ નવતર પ્રયોગની.

આપણે બધા જ સવાર–સાંજ આપણા બાળકોને વજનદાર સ્કૂલબેગ ઉપાડતા જોઈએ છીએ. આપણે બધા દરરોજ જોઈએ છીએ અને અનુભવીએ પણ છીએ આ સમસ્યાને..આપડા બાળકોના સ્કૂલબેગ હોવા જોઈએ તેના કરતા ખરેખર ખૂબજ વજનદાર છે. નવાઈ લાગશે ....અધધધ.....લગભગ 11.5 કિલો આસપાસ . જો બાળકો શાળામાં બધી બુક્સ લઈને ના જાય તો કેટલીક વખત એમને શિક્ષા પણ કરવામાં આવતી હોય છે. આપણે આ સમસ્યાને ક્યારેય ગંભીર રીતે લીધી જ નથી!!!!!!!!

આ સમસ્યાને દુર કરવા અને સ્કૂલબેગના વજનથી બાળકોને જે પીડા અનુભવાતી એને દૂર કરવા મેં અહિયાં એક લાકડાની પટ્ટીઓમાથી ફોલ્ડીંગ કરી શકાય એવું મોડેલ બનાવ્યું છે જેનાથી બાળકોના સ્કૂલ બેગનો મોટાભાગનો વજન આ મોડેલ પર આવી જશે અને બાળક જે પેહલા સ્કૂલબેગના વજનથી જુકીને ચાલતું તે આ મોડેલના સહારે ટટ્ટાર ચાલતો જોવા મળશે . ગરદનનો દુ:ખાવો પણ ઓછો થાશે.

બાળકોને શારીરિક પીડાઓમાં રાહત મળી શકશે. સમયપત્રકમાં રાહત મળવાથી શિક્ષકો પોતાના વિષયમાં વધુ પુનરાવર્તન કરાવી શકશે. ટી.એલ.એમ.નો વધુ સારી રીતે વર્ગમાં અનુભવ કરાવી શકાશે . બાળકોનો આત્મ વિશ્વાસ વધશે . બાળકોને શરીરની પીડા ઓછી થવાથી આઊટડોર રમતો રમવા માટે આગળ આવશે. બાળકોના શરીરનું સમતોલન વધુ સારી રીતે અનુભવશે. બેગના વજન સંદર્ભે વિધાર્થીઓ સાથે મૌખિક ચર્ચા કરવામા આવેલી છે અને વાલીઓને પણ આ બાબતે સમજણ આપવામાં આવેલ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

10

ઇનોવેટરનું નામ :- સવિતાબેન બુદ્ધિલાલ પંડિત
શાળાનું નામ :- શ્રી સરસ્વતિ વિધામંદિર
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9638624328



## :: પ્રોટીન બેંક ::

**"ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું મુખ્ય સાધન મનુષ્ય શરીર છે. એટલા માટે યોગ્ય આહાર, સંયમિત વિહાર અને વર્તનમાં કલ્યાણ ભાવનાનું ધ્યાન રાખીને પોતાનાં આરોગ્ય ને સ્થિર રાખવું જોઈએ. નીરોગી શરીર જ સર્વ સુખો નું મૂળ છે." __યજુર્વેદ**

રાજુલા, યાદવચોક વિસ્તારમાં આવેલ શ્રી સરસ્વતિ વિધામંદિર પ્રાથમિક શાળાના મોટાભાગના બાળકો રિસેસમાં બજારમાં મળતા તીખા, તળેલા, મસાલેદાર તૈયાર પેકેટ ખાતા જોવા મળ્યા. જે તેમના સ્વાસ્થ્ય માટે નૂકસાનકારક છે. જેમાંથી તેમને પોષણ પણ મળતું નથી. તે જોઈને મને વિચાર આવ્યો કે બાળકોને અને તેમના માતા-પિતાને પૌષ્ટિક આહાર, પૌષ્ટિક નાસ્તાની સમજ આપવી ખૂબ જ જરૂરી છે. આજના સમયમાં લોકોને પૌષ્ટિક આહાર મળતો નથી. જેને કારણે કુપોષણની સમસ્યાઓ વધી રહી છે. બાળકની ઉંમર પ્રમાણે તેની ઊંચાઈ અને વજન નથી.

બાળકોના સહયોગ દ્વારા શ્રી સરસ્વતિ વિધામંદિર પ્રાથમિક શાળામાં પ્રોટીન બેંકની રચના કરવામાં આવી. જેમાં બાળકોને શાળા રિસેસ દરમિયાન પૌષ્ટિક નાસ્તો ખાવા મળે અને બાળકો ઘરેથી હેલ્ધી નાસ્તો લાવે તે માટે મહિનામાં એક વખત ફણગાવેલ મગની ભેળ ખવડાવવામાં આવે છે. જેથી બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે. બાળકો કઠોળ ખાતા શીખે છે. આ ઇનોવેશન ફેબ્રુઆરી 2022 થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં પૌષ્ટિક આહારની સમજ બાળકોને અને માતાપિતાને સરળતાથી મળે તે માટે કરવામાં આવેલ પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે.

બરણીનો ઉપયોગ કરી પ્રોટીન બેંકની રચના કરવામાં આવેલ છે. પ્રોટીન બેંકમાં બાળકો પોતાના ઘરેથી મુઠ્ઠી મગ જમા કરાવે છે આ મગને ફણગાવીને બાળકોને ભેળ ખવડાવવામાં આવે છે. ફણગાવેલા મગની ભેળ બનાવવા માટે જરૂરી બીજી સામગ્રી જેવી કે વઘારેલા મમરા, ડુંગળી , લીંબુ, મીઠું, અને મરચું સ્વખર્ચે લાવવામાં આવે છે. બાળકોને સોમ થી શનિવાર સુધી કયો નાસ્તો લાવવો એનુ મેનુ પણ આપવામાં આવેલ છે. પૌષ્ટિક આહાર માટે હેલ્ધી ફૂડ કેક, હેલ્ધી ફૂડ ગેમ, હેલ્ધી ફૂડ તોરણ અને હેલ્ધી ફૂડ કેલેન્ડર બનાવેલ છે.

અમારી શાળાની સાથે શ્રી શ્રમજીવીનગર પ્રાથમિક શાળા પણ આ પ્રયોગમાં ભાગ લીધેલ છે. આ ઇનોવેશનની મદદથી માતાપિતા અને બાળકો જીવનમાં પૌષ્ટિક આહારની મહત્વતા સમજી શક્યા છે. પ્રોટીન બેંકની રચના ને હજુ આગળ લઈ જવા માટે અમારી શાળાના આસપાસના વિસ્તારમાં જઈને પૌષ્ટિક નાસ્તો, પૌષ્ટિક આહાર, આદર્શ વાસણોની સમજ આપવામા આવે છે. શાળામાં તિથિ ભોજન અને બટુક ભોજન માટે પ્રોટીન બેંકનો ઉપયોગ કરી પૌષ્ટિક આહાર બાળકોને મળે એના પર પ્રયત્ન શરૂ છે.

આ પ્રોટીન બેંકની મદદથી માતા-પિતા અને બાળકો જીવનમાં પૌષ્ટિક આહારની મહત્વતા સમજી શક્યા. તેથી બાળકોને રિષેસમાં પૌષ્ટિક નાસ્તો આપતા શીખ્યા. તે ઉપરાંત ઘરમાં પણ જંકફૂડ નો ઉપયોગ ઘટાડી પૌષ્ટિક આહાર કરતા થયા. બાળકોના સહયોગથી પ્રોટીન બેંકની રચના થઈ.

ઇનોવેટરનું નામ :- મહેતા અરૂણાબેન એમ.
શાળાનું નામ :- શ્રી નાના લોઠપુર પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- જાફરાબાદ જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9726218010



# :: મારી સ્વપ્નની શાળા ::

**છે સ્વર્ગથીએ વ્હાલી અમને અમારી શાળા**
**મા શારદાનું મંદિર, અમે એના પૂજવા વાળા...**

એક સારી,સુંદર અને ગુણવત્તાયુક્ત શાળા એ દરેક શિક્ષકનું સ્વપ્ન હોય છે .જાફરાબાદ તાલુકાની નાના લોઠપુર પ્રા.શાળા માટે શાળાના આચાર્યશ્રી મહેતા અરૂણાબહેને આવુંજ કઇક વિચાર્યું .માર્ચ 2022ના રોજ આચાર્યનો ચાર્જ સંભાળ્યો ત્યારે શાળાની સ્થિતિ કઇક અલગ જ હતી .ભયંકર વાવાઝૉડા બાદ શાળાની ભૌતિક સુવિધાઓ વેર-વિખેર હતી શાળાના રેકર્ડ,લાયબ્રેરી,સ્પોર્ટ,પાણી બાયસેગ જેવી શાળાની જરૂરિયાતોમાં વ્યવસ્થાનો અભાવ હતો .તો બીજી બાજુ કોરોના કાળ બાદ શાળામાં બાળકો આવતા બાળકોમાં શિસ્ત અને સુટેવોના નિર્માણ એ બાબત પણ પડકારરૂપ હતી તેમજ સહઅભ્યાસિક પ્રવુતિઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પણ બાળકો નીરસ હતા .આ તમામ સમસ્યાઓને નિવારવા માટે" **મારી સ્વપ્નની શાળા** "એ વિચાર સાથે શાળામાં વિવિધ સુધારાની શરૂઆત કરવામાં આવી .

સૌ પ્રથમ શાળામાં મારી સ્વપ્નની શાળા વિષય પર વકૃત્વ અને નિબંધ સ્પર્ધા કરવામાં આવી.જેમાં એક સારી શાળા કેવી હોય શકે તે માટે બાળકોના વિચારો જાણવામાં આવ્યા. ત્યારબાદ યુ-ટ્યુબ પર આદર્શ અને સારી શાળાના વિડીયો જોયા તેમજ અન્ય શિક્ષકો સાથે શાળા અંતર્ગત ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ મારી શાળામાં શું કરી શકાય તેની યાદી તૈયાર કરી અને તે મુજબનું કાર્ય કરવામાં આવ્યું. જેમાં સૌ પ્રથમ શાળા અને શાળા બહારની સફાઇ કરાવી શાળાને સ્વચ્છ બનાવવામાં આવી.

આદર્શ પ્રાર્થના થાયએ માટે પ્રાર્થના નક્કી કરી સંગીતના સાધનો અને માઇક - સ્પીકરની વ્યવસ્થા કરવામાં આવી. શાળાનું વાતાવરણ પ્રથમ નજરે ગમી જાય તે હેતુથી શાળાના બિલ્ડિંગને કલરકામ, મેદાનમાં ક્યારા-ફૂલછોડ અને વિવિધ પેંટિંગ દ્વારા શાળાને આકર્ષક રૂપ આપવામાં આવ્યું. શાળાના પીવાના પાણી માટે R.O. અને વોટર કુલર તેમજ યોગ્ય આયોજન સાથે અમલીકરણ કરવામાં આવ્યું. બાળકોમાં વિવિધ સ્પર્ધા અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરવામાં આવ્યા. શાળામાં કરવાના દરેક કાર્યમાં બાળકોને આદર્શ નમૂનો બતાવી શિસ્ત અને સુટેવોનું ઘડતર કરવામાં આવ્યું. આચાર્ય તરીકે યોગ્ય જગ્યાનો પુરતો ઉપયોગ કરી અલગ ઓફિસ કરવામાં આવી અને તમામ રેકર્ડ અધતન કરી સુવ્યવસ્થિત કરવામાં આવ્યા. પ્રજ્ઞા વર્ગના ધો. 1/2 માં વધુમાં વધુ પ્રવુતિ અને T.L.M. ના ઉપયોગથી 70 થી 75 % સુધી ક્ષમતાસિદ્ધિ કરવામાં આવી.

શાળા સ્વચ્છ,સુંદર અને આકર્ષક બની.શાળા વિવિધ ભૌતિક સુવિધાઓથી સજ્જ બની.શાળાના બાળકોની શાળા પ્રત્યેની આત્મિયતાવધી અને મહેનતમાં વધારો થયો. બાળકોમાં સ્વયં શિસ્ત અને સુટેવોનું નિર્માણ થઇ શક્યું. સહઅભ્યાસિક પ્રવૃતિઓ જેવી કે વકૃત્વ,નિબંધ,વાર્તા,એક પાત્ર અભિનય,ગણિત-વિજ્ઞાન પ્રદર્શન વગેરેમાં બાળકો રસ લેતા થયા અને તાલુકા-જિલ્લા સુધી પ્રતિનિધિત્વ કરી શક્યા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

12



ઇનોવેટરનું નામ :- લુહાર પૂર્વીબેન અરજણભાઇ
શાળાનું નામ :- શ્રી વડનગર- 1 પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 7567031333

## :: ચાલો વાંચન લેખનથી અભ્યાસનો પાયો મજબૂત કરીએ. ::

એક રે માતાનાં દો-દો દીકરા, લખ્યા એના જુદા જુદા લેખ
એકને માથે રે છ્તર બિરાજે, બીજો ભારા વેંચી ખાય .......

શાળા પરિસર, ઘર, ગામથી છેક....... વિશ્વ સુધી દ્રષ્ટિપાત કરો જ્ઞાનમાં જે અવલ્લ છે, વિકસેલ છે, વિકસિત છે, વિકાસશીલ છે એની જ બોલબાલા છે. પરંતુ અવિકસીત નું શું ? કેમ અવિકસિત કે સુકાયેલ છોડને નવ પલ્લવિત ન કરવું, આવો વિચાર FLN સાથે જોડીને શ્રી પૂર્વીબેન લુહારે ધોરણ 6 થી 8 નાં FLNમા અવિકસિત છે એવા કુમળા છોડ રૂપી બાળકોને તેમની જરૂરિયાત મુજબ વાચન-લેખનની પ્રવૃતિઓ કરાવીને તેમના વાચન – લેખનનાં પાયાને મજબૂત કર્યો

ચાલુ વર્ષ દરમિયાન મારી શાળામાં ભાષાના વર્ગોમાં અભ્યાસ કાર્ય કરાવતા જાણવા મળ્યું કે, કોરોના સમયમાં થયેલા અભ્યાસના નુકશાનને કારણે કેટલાક બાળકોમાં પાયાના સાક્ષરતાનો ખ્યાલો –FLNમાં ક્ષતિ જોવા મળી આથી આવા બાળકોને અલગ તારવીને એમને એમની જરૂરિયાત મુજબ દા.ત. જેમને અક્ષર વાંચવા લખવામાં ભૂલ પડે છે તેમને, જેને શબ્દો વાંચવા કે ઓળખવામાં ભૂલ પડે છે તેને, જેમને વાક્ય વાંચન –લેખનમાં ભૂલ પડે છે તેમને, જેમની ફકરા લેખનમાં વચનમાં ભૂલ પડેછે તેમને જરૂરિયાત મુજબ વાચન લેખનની જુદી જુદી પદ્ધતિઓ દ્વારા, પ્રોજેક્ટ કાર્ય,આનંદમય પ્રવૃતિઓ રમતા, હસતાં, ગાતા, બોલતા, લખતા, વાંચતા –વાંચતાજ પાયાની સાક્ષરતા સહજ રીતે સિદ્ધ થાય તેવું આયોજન કરવામાં આવ્યું , જેમાં ગુણોત્સવના જૂના વાંચન લેખનની ફ્રેમ ધોરણ – 1 સમતા મોડ્યુલ વાંચન-લેખન તાલીમ મોડ્યુલ, પાઠ્યપુસ્તકો અને ટેક્નોલોજી નો સંદર્ભ લેવામાં આવ્યો.

વાચન લેખનની નોટબુકમાં વિધાર્થીઓને રોજે રોજ વાચન લેખની ક્ષમતા મુજબ કાર્ય કરાવવામાં આવતું, આમ સતત વાચન લેખનની નોટબુક દ્વારા મૂલ્યાંકન બાદ તુરંત ઉપચારાત્મક મહાવરો કરાવવામાં આવતો. ઉપરાંત FLNકાર્ય માથી,વિવિધ પ્રોજેક્ટ વર્ક દ્વારા,ચાર્ટ લેખન દ્વારા, શબ્દ કોશ, વાક્ય પોથી નિર્માણ દ્વારા મૂલ્યાંકન કરીને ક્રમશ: ઉપચારાત્મક કાર્ય કરવામાં આવ્યું.

વાચન લેખનની સતત કાર્ય પ્રણાલીથી જે બાળકો અક્ષરો લખી વાચી નાં શકતા એ વચતા લખતા થયા છે, જેવો શબ્દોને ઓળખવામાં ભૂલ કર્તા તેવો શબ્દોને ઓળખતા થયા છે. જેમને વાક્યો વાચવા લખવામાં ભૂલ પડતી તેવો સડસડાટ વાક્યો લખી - બોલી - વાચી શકે છે. જે બાળકોને ફકરા લેખન વાચનામાં તકલીફ પડતી તેવો આજે ફકરા સહિત પાઠ્યપુસ્તકોનું આરોહ અવરોહ સાથે વાચન કરી શકે છે અને ભૂલ વગરનું લેખન જોડણી દોષ રહિત લેખન કરી શકે છે.

“ માસ્તર” શિક્ષકોને જ્યારે માતાનો દરજ્જો આપવામાં આવ્યો છે ત્યારે હોશિયાર વિધાર્થી અને FLN માં નબળા વિધાર્થી બંને શિક્ષકની બે આંખો છે. બંનેની કાળજી, માવજત કરવી શિક્ષકની ફરજ છે. જેને જેવુ દીપે તેવું મઠારવું એ શિક્ષણધર્મ પ્રત્યેક વર્ષે વિધાર્થીઓ બદલવાના જ પ્રત્યેક વર્ષે FLNનું માળખું સિદ્ધ કરીએ ચાલો વાચન લેખનથી અભ્યાસનો પાયો મજબૂત કરીએ...

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**13**


**ઇનોવેટરનું નામ :- સુતરિયા નિધિબેન મહેશભાઇ**

**શાળાનું નામ :- શ્રી ડુંગર કુમાર શાળા નં - 1**

**તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 98255 42629**




## :: મારી શાળામાં મારો પહેલો દિવસ ::

ચોડેલ જસનો ચાંદલો
ભડવીર તારે ભાલ
જગમાં જોડ જડે નહી
કરમી ભાઈ કલ્યાણ - રામભાઈ કાગ

જેમની કર્તવ્યનિષ્ઠા, મુલ્યનિષ્ઠા અને ઉદારતાને ગામ લોકો આજેય યાદ કરે છે તેવા ગામધણી શ્રી કલ્યાણજીભાઈ મહેતાએ વિકસાવેલ ગામ – ડુંગરમાં પ્રાથમિક શિક્ષક તરીકે સેવા બજાવવાનો અવસર પ્રાપ્ત થયો. ઉનાળા વેકેશન બાદ બધી જ શાળાઓ ફરીથી શરૂ થાય ત્યારે શાળાનું પ્રાંગણ પણ ભૂલકાઓના કલશોરથી ગુંજી ઉઠે છે. પરંતુ ઘણીવાર શાળામાં નામાંકન બાદ બાળકો શાળાએ આવવામાં આનાકાની કરતા જોવા મળે છે. ઘણાં બાળકો રડતા-રડતા તો ઘણાં બાળકો ઘરે રહેવાની જીદે ચડી જાય છે. આ સર્વ સમસ્યાનો ઉપાય એટલે શાળા દ્વારા મૂકવામાં આવેલ નવતર પ્રયોગ- 'મારી શાળામાં મારો પહેલો દિવસ'.

પ્રવેશોત્સવના કાર્યક્રમ દ્વારા નવા નામાંકન પામેલા બાળકોને પ્રવેશ આપી તેમનું સ્વાગત કરવામાં આવતું હોય છે. પરંતુ શાળા કક્ષાએ આ વખતે પ્રવેશોત્સવના આ કાર્યક્રમને અને શાળામાં પ્રવેશ મેળવનાર દરેક બાળકને તેનો શાળામાં પ્રથમ દિવસ યાદગાર રહે તે માટે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો. જેનું નામ આપવામાં આવ્યું 'મારી શાળામાં મારો પહેલો દિવસ'.આ નવતર પ્રયોગ અંતર્ગત આકર્ષક, રંગબેરંગી અને સુંદર ફ્રેમ તૈયાર કરવામાં આવી. જેને એક ડેકોરેશન કરેલ ટેબલ પર ગોઠવવામાં આવી જેથી દરેક બાળકોનો વ્યક્તિગત ફોટોગ્રાફ કે વિડીયો લઈ શકાય. શાળામાં પ્રવેશ લેનાર તમામ બાળકોને સૌપ્રથમ સ્મિત સાથે કુમકુમ ચોખાનો ચાંદલો કરી મીઠું મોં કરાવવામાં આવ્યું. ત્યારબાદ તેમને સ્ટેશનરી કીટ આપી તેમને આવકારવામાં આવે છે. ત્યારબાદ તૈયાર કરાયેલ ફ્રેમ ઝોનમાં એ બાળકનો ફોટોગ્રાફ લેવામાં આવે છે.પ્રવેશ પામેલા ધોરણ-1 ના તમામ બાળકોના ફોટોગ્રાફ વાળો ફોટો આલ્બમ તૈયાર કરવામાં આવ્યો. જેને શાળા કક્ષાએ કાયમી યાદગીરી માટે સંગ્રહ કરવામાં આવ્યો.પરિણામ સ્વરૂપે...

- દરેક વિધાર્થીઓમાં ખુબ જ ઉત્સાહ જોવા મળ્યો.
- શાળામાં વધુને વધુ બાળકોનું નામાંકન થાય તે પ્રયોગ સફળ થયો.
- બાળકોમાં વધતો ઉત્સાહ ભુલકાઓમાં ચહેરા પર સ્પષ્ટ જોઈ શકાય છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

14

**ઇનોવેટરનું નામ :- કોકીલાબેન ગિરજાશંકર જોષી**

**શાળાનું નામ :- શ્રી વડનગર – 1 (એક) પ્રાથમિક શાળા**

**તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 73595 11373**



## :: શબ્દોની દુનિયા ::

શિક્ષક એટલે એક સમુદ્ર-જ્ઞાનનો આદરનો, અને પવિત્રતાનો એક અફાટ દરિયો આવા જ એક શિક્ષક કે જેવો રાજુલાની વડનગર એક પ્રાથમિક શાળા માં છેલ્લા 20 વીસ વર્ષથી ફરજ બજાવતા શિક્ષિકા બાળકોને રીશેષના સમયમાં શબ્દોની દુનિયાની સેર કરાવે છે.

જેમાં રંગબેરંગી આકર્ષક અને વિવિધ કલર્સ વાળા શબ્દ કાર્ડ્ઝ દ્વારા બાળકોને મનપસંદ સમાનાર્થી, વિરોધી, શબ્દો અને બીજા અઢળક શબ્દ કાર્ડ્ઝનું વાંચન કરાવે છે. શબ્દ વૃક્ષ, શબ્દ ભંડાર, શબ્દ ચિત્રો, અરીસાના મદદથી વાંચતા શબ્દો, વિવિધ પઝલો, ભાષાનું મનોરંજન મેળવે.

નિપુણ ભારત FLN,પાયાની સાક્ષરતા માટે જ આ શબ્દોની દુનિયા બનાવી છે. શબ્દ સરિતા અર્થભેદ, શબ્દ ફુલ વિવિધ ક્રિયાઓ દર્શાવતા 600 કાર્ડ્ઝ, જેવા અઢળક કાર્ડ્ઝ દ્વારા બાળકોના વાંચનમાં વધારો કરવામાં આવી રહ્યો છે.

જેમાં સમાનાર્થી શબ્દો-શબ્દરમત, શબ્દફૂલ, શબ્દચિત્રો, શબ્દગેમ, શબ્દછત્રી, વિરોધી શબ્દો, શબ્દબોક્સ, શબ્દફિરકી, શબ્દએક અર્થ અનેક. શબ્દમહોરા, મને ઓળખો, હું કોણ છું? આવા અનેક શબ્દ કાર્ડનું બાળકો વાંચન કરે છે, યાદ રાખે છે. સોમથી શુક્ર વાંચેલા શબ્દો શનિવારની બાળસભમાં પૂછવામાં આવે છે જેના બાળકો સંતોષકારક જવાબ આપે છે. આ ઇનોવેશનથી ધોરણ 3થી 5 ના 72 બાળકોમાંથી 50 જેટલા બાળકો નિયમિત શાળામાં આવે છે અને તેમનો શબ્દભંડોળ વિકસેલો જોવા મળે છે. હાલમાં આ ઇનોવેશન ચાલુ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

15




ઈનોવેટરનું નામ :- સોલંકી દર્શનાબેન કાંતિલાલ

શાળાનું નામ :- શ્રી ભાલવાવ પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- લાઠી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 97262 46997


## :: જ્ઞાનદીપ શૃંખલા ::

**"જ્ઞાનની મોટી હારમાળા છે બાળક,**
**જીવતરની સાચી મૂડી છે બાળક "**

અમરેલી જિલ્લાનાં મથકથી આશરે 52 કી.મી.નાં અંતરે છેવાડે આવેલું ગોહીલવાડનું ઐતિહાસિક અને રળિયામણું ગામ એટલે ભાલવાવ. જેનું નામ ગામમાં આવેલી પુરાતન વાવ પરથી પડ્યું છે. આ ગામમાં આવેલી સુંદર અને રળિયામણી શાળા એટલે અમારી ભાલવાવ પ્રાથમિક શાળા. આ શાળામાં હું ધોરણ 6 થી 8 નાં સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે ફરજ બજાવું છું .

શાળાઓમાં કોવિડ-19ની પરિસ્થિતિને કારણે શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણકાર્ય લાંબા સમય સુધી બંધ રહ્યું. ત્યાર બાદ શાળાઓમાં લેવામાં આવેલ નિદાન કસોટીનાં આધારે જાણવા મળ્યું કે બાળકોના શૈક્ષણિક સિદ્ધિ સ્તરમાં ઘટાડો થયો. તેથી તેની ક્ષતિપૂર્તિ માટે બાળકોને સ્વૈચ્છિક સમયદાન આપવાનું વિચાર્યું. આ સમયદાનના ભાગ રૂપે મને આ નવતર પ્રયોગની પ્રેરણા મળી.

આ નવતર પ્રયોગની શરૂઆત કોયડાથી કરેલી. કોયડાં દ્વારા જાણવા મળ્યું કે બાળકોને મોબાઇલમાં જવાબ આપવામાં વધુ રસછે. મોબાઇલમાં ગેમ રમવાની આદત બાબતે વાલીઓની ફરિયાદ આવવા લાગી. તેને શિક્ષણ તરફ વાળવા જ્ઞાનદીપ **શૃંખલા** નામની ક્વિઝ લેવાનું શરૂ કર્યું. જેમાં વિદ્યાર્થીઓ વચ્ચે Whatsapp ગૃપ હોમલર્નિંગ માટે તૈયાર કરવામાં આવ્યા હતા તેના માધ્યમથી જ્ઞાનદીપ **શૃંખલા** ક્વિઝ શરૂ કરી . ગામડાઓમાં ખેતીમાં જોડાયેલા વાલીઓ રાત્રિના સમયે ઘરે હોય તમામ બાળક ક્વિઝમાં જોડાઇ શકે એ માટે ક્વિઝનો સમય રાત્રિના 8:30 થી 9:30 કલાકનો નક્કી કરવામાં આવ્યો. જેમા 6થી 8 સામાજિક વિજ્ઞાન કોર્ષને ધ્યાનમાં લઇ ક્વિઝ તૈયાર કરી દર સોમવાર તેમજ ગુરુવારે 10 પ્રશ્નો આપવામાં આવતા અને સાચા જવાબ આપનાર પ્રથમ ત્રણ ક્રમાંકને વિજેતા જાહેર કરી સત્રના અંતે શિલ્ડ તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવતા. ત્યાર બાદ વર્ગખંડમાં 25 માર્કસની લેખિત કસોટી લેવામાં આવે છે. પ્રાર્થના સભામાં મૌખિક પ્રશ્નોતરી કરી બાળકો દ્વારા આપવામાં આવતા જવાબના આધારે મૂલ્યાંકન કરવામાં આવેછે. પ્રશ્નબોક્ષ બનાવીને બાળક દ્વારા ચિઠ્ઠી ઉપાડી જે - તે પ્રશ્નનાં જવાબ દ્વારા મૂલ્યાંકન થાય છે. અત્યારે 106 જેટલી જ્ઞાનદીપ **શૃંખલા** ક્વિઝ અપાઇ ગયેલ છે.આ ઇનોવેશન આજે પણ મારી શાળામાં કાર્યરતછે. જેમાં દરેક વિધાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગલેછે.

આ નવતર પ્રયોગથી બાળકોમાં સામાજિકવિજ્ઞાન વિષયમાં રસ રૂચિ પેદા થઇ. બાળકો ક્વિઝ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા થયા. બાળકો મોબાઇલમાં ગેમ રમવાને સ્થાને દિક્ષાએપ, શાળામિત્ર, G-SHALAનો ઉપયોગ કરવા લાગ્યા. NMMS તથા અન્ય પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિની પરીક્ષાઓમાં સારું પરિણામ જોવા મળ્યું. સત્રાંત પરિક્ષાના પરિણામમાં પણસુધારો જોવામળ્યો .

**"સાચી દિશા અને સાચા સમયનું જ્ઞાન ન હોય તો**
**આપણને ઉગતો સુરજ પણ આથમતો દેખાય"**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**ઇનોવેટરનું નામ :- ચાવડા ઉમેશભાઈ જેઠાભાઈ**
**શાળાનું નામ :- શ્રી દાનેવ સોસાયટી પ્રાથમિક શાળા, ચલાલા.**
**તાલુકાનું નામ :- ધારી જિલ્લો : - અમરેલી**
**ફોન સંપર્ક :- 9879895811**



## :: તાલ સે તાલ મિલા ::

જ્યારે કોઈ બાબત કશીક નવીનતાપૂર્ણ રીતે મૂકીએ તો એ રસપૂર્ણ અને નૂતન પરિણામો આપનારું બની રહે છે. અમારી શાળા શ્રી દાનેવ સોસાયટી પ્રાથમિક શાળા, ચલાલા ખાતે મારા ભાષા શિક્ષણ દરમિયાન અનુભવ્યું કે બાળકો કવિતા ગાનમાં ખાસ રુચિ લેતા નથી તથા કાવ્યશિક્ષણ સંબંધિત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં અવરોધ ઊભો થાય છે. જો કોઈ નવી રીતથી ગાયન કરાવવામાં આવે તો તેમાં સુધારો લાવી શકાય. તેમજ કાવ્ય શિક્ષણ સંબંધિત અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિમાં ધાર્યું પરિણામ મેળવી શકાય.

એ દરમિયાન જ એક કૌટુંબિક પ્રસંગમાં સંગીતના કાર્યક્રમમાં 'કરાઓકે' મ્યુઝિક પર એક કલાકારને હિન્દી ફિલ્મી ગીતો ગાતાં સાંભળ્યાં. ત્યારે વિચાર થયો કે આ રીતે આપણે પણ તૈયાર તાલ (રીધમ) પર કવિતાઓ ગાઇ / ગવડાવીને કાવ્યશિક્ષણ કરીએ તો થોડું નવીન અને બાળકો માટે રોચક બની રહેશે. સૌપ્રથમ ઇન્ટરનેટ પર અલગ-અલગ તાલ (રીધમ)ની શોધ કરી. તેને ડાઉનલોડ કરી કાવ્ય ગાન વખતે સ્ટીરિયો પ્લેયરના માધ્યમથી જે તે તાલ સાથે ગાવાનું શરૂ કર્યું. બાળકો માટે આ નવીન અને રોચક હતું, એટલે સંગીતના તાલ સાથે કાવ્ય ગાવામાં મજા પડી. સૌપ્રથમ અંગ્રેજી અને ત્યાર પછી હિન્દી, ગુજરાતી અને સંસ્કૃત એમ તમામ ભાષાઓ (ધો. 6થી 8) ના કાવ્યશિક્ષણ દરમિયાન આ પદ્ધતિનો ઉપયોગ થયો.

આ પદ્ધતિના ઉપયોગથી વિવિધ અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિઓ તપાસવામાં આવી જેમાં નોંધપાત્ર સુધારો જણાયો અને સાથે બાળકો સંગીતના તાલ અને લયથી પરિચિત થયાં. તેમજકાવ્યનું દઢીકરણ આપોઆપ થતું જણાયું. વિધાર્થીઓ કાવ્યનો સંગીત સાથે રસાસ્વાદ માણતાં થયાં.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

17

ઇનોવેટરનું નામ :- પરમાર અરવિંદભાઇ હરીભાઇ
શાળાનું નામ :- શ્રી બી.આર.સી. ભવન –રાજુલા
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9408453885



## :: મારું પેજ ,મારું સ્ટેટ્સ ::

શાળામાં ધોરણ 1 માં બાળકને પ્રવેશની સાથે વાલીને શાળા પ્રત્યે હકારાત્મક વલણ રહે, તે માટે શરૂઆતથી ખાસ હેતુ સાથે વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવે. એવી પ્રવૃતિ જેમાં બાળકનુંનામ, શાળાનુંનામ, ધોરણ, શિક્ષક અને વાલીની સહી પણ રાખવામાં આવે. બાળકે કરેલ પ્રવૃતિ વાલીને દેખાડવા માટે ઘરે લઇ જવા માટે આપવામાં આવે. બાળકે કરેલ પ્રવૃતિ જોઇને ખુશ થાય છે અને તેને બીરદાવીને માતા-પિતા પોતાના સ્ટેટ્સમાં રાખેછે. આથી વાલીઓને સરકારી શાળા પ્રત્યે હકારત્મક વલણ રહેછે.

આમ આ વિચારની સાથે ધોરણ 1 માં દાખલ થતાંની સાથે શરૂઆતમાં બાળકને આવવું ગમે, રોકાવું ગમે અને ભણવું ગમેછે. તે માટે આપ્રવૃતિ કરવા માટે સૌપ્રથમ બાળકોને ગ્રૃપમાં બેસાડીને મારું પેજ ,મારું સ્ટેટ્સ નામ વાળું એક પેજ આપેલ. બાળકને મનગમતું ચિત્ર જેમાં બાળકનું નામ, શાળાનુંનામ, ધોરણ, શિક્ષક અને વાલીની સહીવાળું ચિત્ર રંગપૂરણી કરવા માટે આપવામાં આવ્યું. તેના માટે જરૂરી વસ્તુ આપવામાં આવેલ. રંગપૂરણી બાદ શિક્ષક દ્વારા ચકાસીને સહી અને હકારાત્મક સુદ્રઢકો આપીને પોતાના ઘરે લઇ જવા માટે આપવામાં આવ્યું. પોતાના બાળકે કરેલ પ્રવૃતિને જોઇને ખુશી વ્યક્ત કરેછે. અને પોતાના સ્ટેટ્સમાં પણ રાખવામાં આવ્યું. આના કારણે બાળકના વાલીને શાળા પ્રત્યે હકારાત્મક વલણ રહયું. આમ, આવી પ્રવૃતિના માધ્યમથી બાળકને આવવું ગમે, રોકાવું ગમે અને ભણવું ગમેછે.

આ ઇનોવેશનના મૂલ્યાંકન બાળકોની હાજરીના આધારે, બાળકોના અને વાલીના મૌખિક અભિપ્રાય. બાળકે કરેલ પ્રવૃતિપેજના વાલીના સ્ટેટ્સના ફોટાના માધ્યમથી,વર્ગ શિક્ષકના અભિપ્રાયના આધારે કરવામાં આવેલ.

આ એક્ટિવિટીના માધ્યમથી બાળકને આવવું ગમે,રોકાવું ગમે અને ભણવું ગમે છે. બાળકને શાળા અને શિક્ષક પ્રત્યે આદરભાવ. શાળા પ્રત્યે વાલીનો હકારાત્મક વલણ જોવા મળ્યું .

**ચાલો,આપણે બાળકને શાળાએ આવવું ગમે,**
**રોકાવું ગમે અને ભણવું ગમે ,તેવું શાળા અને વર્ગમાં વાતાવરણ ઊભું કરીએ.**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


ઇનોવેટરનું નામ :- સાદરાણી જયદીપભાઇ કુમનલાલ

શાળાનું નામ :- શ્રી મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9712070527




## :: સાદું વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજની ટુંકી રીત ::

આપણી એકવીસમી સદી એટલે ઝડપી સદી. કોઇપણ કાર્ય તમે જેટલું ઝડપતા થી કરશો તેટલું જ તમારી સફળ થવાની સંભાવના વધી જશે. ધોરણ 6 થી 8 ના બાળકોમાં મને આવું જોવા મળ્યું કે તેઓ ચક્રવૃદ્ધિ વ્યાજ ના દાખલાઓ ઝડપ થી ગણવા મથે છે પરંતુ તેઓ ગુણાકાર મોટો આવવાને લીધે સાચો જવાબ લાવી શકતા નથી.

ધોરણ 6 થી 8 ના બાળકોને ચક્રવૃદ્ધિ વ્યાજ શોધવામાં વધારે સમય લાગે છે. 80% બાળકોને ચક્રવૃદ્ધિ વ્યાજનો જવાબ ખોટો આવવાથી કંટાળો પણ આવે છે.આ સમસ્યાનો સામનો કરવા એક એવી ટ્રિક બનાવવામાં આવી કે જેનાથી ફક્ત ટકાવારીના ઉપયોગથી ચક્રવૃદ્ધિ વ્યાજ સાદુ વ્યાજ તથા તેમનો તફાવત ગણી શકાય છે.ટેક્સ બુક ના સૂત્રથી ખૂબ જ વધારેસમય લાગે છે જ્યારે આપણી આ ટૂંકી રીત થી ચક્રવૃદ્ધિ વ્યાજ નો દાખલો ખૂબ જ ઓછા સમયમાં ભૂલ વગર ગણી શકાય છે.

આપણી આ પદ્ધતિમાં મુદ્દલ, મુદત અને વ્યાજનો દર આપેલો હશે. તે પરથી સાદુ વ્યાજ, ચક્રવૃદ્ધિ વ્યાજ અને તેમનો તફાવત શોધવાનો છે.સૌપ્રથમ આપણે જેટલા વર્ષનું વ્યાજ ગણવું છે તે પ્રમાણે સ્ટેપ ટેબલ દોરવું. ત્યારબાદ ટેબલના ઉપરની બાજુ મુદ્દલ લખવી. આ મુદ્દલના વ્યાજ દર પ્રમાણે ટકાવારી કાઢી પ્રથમ સ્તંભમાં દરેક ખાનામાં લખવી. જે જવાબ મળે તેના વ્યાજ દર પ્રમાણે ટકા કાઢી બીજા સ્તંભ ના પ્રથમ બોક્સમાં લખવું અને જો તેની નીચે ક્રમમાં બોક્સ આવતા હોય તો તે ઉપરની સંખ્યાના ડબલ કરી નીચે લખવા આ પ્રમાણે છેલ્લા બોક્સ સુધી ક્રિયાનું પુનરાવર્તન કરવું. આ પ્રમાણે કાર્ય કરતા પ્રથમ સ્તંભમાં આવેલા અંકોનો સરવાળો કરતા સાદુ વ્યાજ મળે છે, અને બધા જ ખાનાઓ નો સરવાળો કરતા ચક્રવૃદ્ધિ વ્યાજ મળે છે. અને તેમનો તફાવત શોધવા માટે પ્રથમ સ્તંભ સિવાયના તમામ ખાનાઓનો સરવાળો કરવો.

**ઉદાહરણ : 2500 રૂપિયાનું 8 % લેખે 2 વર્ષનું સાદુ વ્યાજ, ચક્રવ્રુધ્ધી વ્યાજ અને તેમનો તફાવત શોધો**

2500 → 8% ; 8%

| | |
|---|---|
| 200 | |
| 200 | 16 |

- સાદું વ્યાજ ----- પ્રથમ ઉભા સ્તંભ નો સરવાળો :- 200 + 200 = 400
- ચક્રવૃદ્ધિ વ્યાજ ------ બધા સ્તંભ નો સરવાળો :- 400 + 16 = 416
- તફાવત ------ પ્રથમ ઉભા સ્તંભ સિવાયના બધા સ્તંભ નો સરવાળો :- 16

એક મહિના પછી બાળકોની ટેસ્ટ લેવામા આવી. 80% બાળકોનો ખોટો જવાબ આ ટ્રિક કર્યા પછી સાચો થઇ ગયો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

19


ઇનોવેટરનું નામ :- નથવાણી પાયલબેન એ .

શાળાનું નામ :- શ્રી ચાંદગઢ પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9408652703




## :: સંસ્કાર સિંચન સાથે મૂલ્યલક્ષી શિક્ષણ ::

અમરેલીથી 15 કિલોમીટર દુર સાવરકુંડલા રોડ પર મોટા ગોખરવાળાથી અંદર હફરા નદીના કાંઠે રળિયામણું ચાંદગઢ ગામ આવેલું છે,આ ગામની પ્રાથમિક શાળામાં લોકડાઉન બાદ જયારે બાળકો શાળામાં હાજર થયા ત્યારે તેનામાં કેટલાક મૂલ્યો જેવાકે શિસ્ત, નિયમિતતા, સ્વચ્છતા, સત્ય, સંપ, શ્રમ, પ્રમાણિકતા, પર કાર્ય કરવાની જરૂરિયાત જણાય. વિધાર્થીઓની આ પ્રકારની વર્તણુંક જોઇ તેમના વિચારો અને વર્તન વ્યવહારને વધુ સમજવા માટે આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો .

સૌપ્રથમ વાલીસંપર્ક કર્યો . વાલીસંપર્ક દ્વારા જાણવા મળ્યું કે વિધાર્થીઓ પોતાનો મોટાભાગનો સમય મોબાઇલ પાછળ ખર્ચે છે. વિધાર્થીઓ વડીલોને માન આપવું , નિયમિત ગૃહકાર્ય કરવું , શરીરના અંગોની સ્વચ્છતા રાખવી, સહપાઠી સાથે પ્રેમપૂર્વક વર્તવું ,માતા પિતાને ઘરના કામમાં મદદ કરવી. આ બધા કામથી દૂર થતા જણાયા .આ બધી બાબતો સુચવેછે કે બાળકો સંસ્કાર તેમજ બુનિયાદી મુલ્યોથી દૂર થયા છે. બાળકોના વિચારોમાં ફેલાયેલી નબળાઇ, અભ્યાસ પ્રત્યે અરુચિ,સ્વાવલંબનનો અભાવ , અવિવેકી વર્તન,સહનશક્તિનો અભાવ જેવી હાનિકારક મનોવૃત્તિમાંથી તેમને બહાર કાઢવા માટે તેમના વિચાર અને વર્તન માં સંસ્કાર અને બુનિયાદી મૂલ્ય વિકસાવવા માટે જુદા જુદા નાવિન્ય સભર પ્રયોગો હાથ ધર્યા .

જેમાં મેં મારા નવતર પ્રયોગને અમલમાં મૂકવા માટે વાલીઓની મુલાકાત લીધી. કેમકે સંસ્કાર સિંચનનું પાયાનું એકમ કુટુંબ છે. પ્રાર્થના સભામાં મહાન વિભૂતિના પ્રેરક પ્રસંગો,સંકલ્પગ્રહણ,બાળગીતો , બોધકથાઓ વગેરે સંભળાવવામાં આવ્યા.માસના અંતે નિતમિત અને શિસ્તપૂર્ણ બાળકોનું સન્માન , વાલીઓનું સન્માન કર્યું.પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગ , વૃક્ષનું મહત્વ,હળી મળીને રહેવાનું સમજાવવા વિવિધ પશુ પક્ષીની બાળવાર્તાઓના વિડીયો બતાવવા અને બનાવવા. સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું નાટ્ય રૂપાંતર બાળકો પાસે કરાવી સત્યનું મૂલ્ય પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો . મૂલ્ય આધારિત પહેલીઓ બનાવી,સારી ટેવો અંગે સમજ આપી. બાળકોની વિવિધ મૂલ્યલક્ષી કસોટી ગૂગલ ફોર્મમાં લેવામાં આવી. આ કસોટી લાપાળીયા શાળાના બાળકોને પણ આપવામાં આવી જેના હકારાત્મક પ્રત્યુત્તર મળેલ.

પરિણામ સ્વરૂપ બાળકોના વર્તનમાં અપેક્ષિત વર્તન પરિવર્તન જોવા મળેલ . વાલીઓની ફરી શાળામાં એક મીટીંગ ગોઠવી તેમના અભિપ્રાય જણાવવા કહ્યું તો તેઓને તેમના બાળકના વર્તનમાં ખુબજ સુધારો જોવા મળેલ જણાયો. બાળકો પણ ખૂબ ઉત્સાહભેર હોંશે હોંશે શાળામાં નિયમિત આવવા લાગ્યા.અને શાળાકીય તમામ પ્રવૃત્તિમાં સંમિલિત થઇ ને જૂથકાર્ય માં રસપૂર્વક જોડાઇ ને બધા સાથે હળી મળીને રહેવા લાગ્યા જે મારા નવતર પ્રયોગની સાર્થકતા બતાવે છે.

ઇનોવેટરનું નામ :- જીકાદરા જયસુખભાઇ એલ.
શાળાનું નામ :- શ્રી કન્યાશાળા – શાખપુર
તાલુકાનું નામ :- લાઠી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 82004545221



# :: મોબાઇલ સ્ટેટસ દ્વારા શિક્ષણ ::

પ્રાર્થના સંમેલનના ઘણાં લાંબા સમયના અવલોકન બાદ તારણમાં એવું મને ફલિત થયું કે – બાળકોને જનરલ નોલેજની ઉણપ છે. પ્રશ્નોતરી દરમિયાનના બાળકોની ઉત્તરો તદ્દન ખોટાં અથવા તો પ્રશ્નના અનુસંધાને જવાબ મળતાં ન હતાં. સ્ટાફ દ્વારા અવાર નવાર સૂચનો થતાં પણ પરિણામ શૂન્ય.

બાળકોની આ શૈક્ષણિક/જનરલ નોલેજ સમસ્યા ઉકેલ માટે મેં ઓગસ્ટ / સપ્ટેમ્બર – 2021 થી એક નવો જ વિચાર સ્ફૂરવાની સાથે જ અમલ શરૂ કર્યો. જેમાં જનરલ નોલેજના પ્રશ્નો – ઉતરો મળી રહે એવું સ્ટેટ લેવલે કાર્ય કરતું ગૃપ એટલે શિક્ષણકુંજ ગૃપ. આ ગૃપમાં જોડાઇને તેમાં શેર થતી પોસ્ટ આજનું પંચાંગ, જાણવા જેવું, આજનો સુવિચાર, ઉખાણાં, દિન વિશેષ અને જનરલ નોલેજને લગતી પોસ્ટને મે મારા મોબાઇલના સ્ટેટસ ઉપર મૂકવાનું શરૂ કરેલ. આનાથી શરૂઆતમાં તો ખાસ લાભ મળ્યો નહીં. પરંતુ આ અંગે પ્રાર્થના સભામાં મારા મોબાઇલ કે સ્ટાફ પરિવારના મોબાઇલ દ્વારા વાંચન અને પ્રશ્નોતરી શરૂ કરી. આ રીતે ધીમે ધીમે મારા મોબાઇલ સ્ટેટસ અંગેની વાત પ્રસરતી ગઇ. બાળકોને રસ જાગૃત થયો. વાલી વર્ગ પણ આ મારા સ્ટેટસની પોસ્ટ વાંચતાં થયાં. અરે, ક્લાસ વન ઓફિસરો, અધિકારી સાથે પદાધિકારીઓ પણ સ્ટેટસ વાંચતાં થયાં. રાજ્ય બહાર રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા, પ. બંગાળ, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં પરિચિતો – કવિઓ, લેખકો અને સાહિત્યકારો મારા આ સ્ટેટસની પોસ્ટ વાંચતાં અને જોતાં થયાં. બાળકોએ રસ પડતાં એક જનરલ નોલેજની એક બુક પણ નિભાવી. સમય જતાં બાળકો મોબાઇલ સ્ટેટસની નોંધ ઘરેથી બુકમાં કરીને પ્રાર્થના સંમેલનમાં રજૂ કરતાં.

દર માસે હું જનરલ નોલેજના અનુસંધાને ટેસ્ટનું આયોજન કરતો. તેમાં ખાસ કરીને રવિવાર કે શાળા સમય બાદનો શનિવાર પસંદ કરતો. બાળકો ટેસ્ટ આપતાં અને દિન પ્રતિદિન ગુણનો સ્કોર પણ સુધરતો ગયો. આ પ્રમાણે જનરલ નોલેજનો ફેલાવો થયેલ અને આ કાર્ય છેલ્લા 15 માસથી આ કાર્ય શરૂ છે અને વેગવંતુ બન્યું છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**21**


ઇનોવેટરનું નામ :- સોલંકી પ્રકાશકુમાર દુદાભાઇ

શાળાનું નામ :- શ્રી ક્રાંકચ કન્યાશાળા – ક્રાંકચ

તાલુકાનું નામ :- લીલિયા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 8460221825




## :: રમત સંકલિત શિક્ષણ ::

ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમેરસી અંતર્ગત ધોરણ 3 થી 8 ના તમામ બાળકોમાં સામાન્ય ગાણિતિક કૌશલ્યો વિકસાવવા અતિ આવશ્યક હતા. બાળકો સામાન્ય પણે તો સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકારના દાખલાઓ ગણી શકે પરંતુ જયારે ગાણિતિક કૌશલ્યો આધારિત કોયડાઓ આવે ત્યારે તેઓ પોતાની સિધ્ધિઓ સાબિત કરવામાં નિષ્ફળ જતા હોય એવું અનુભવાયુ અને આથી જ આ સંદર્ભે કશુક નવીન કરવાનો વિચાર ઉદભવ્યો.ઉપરાંત ગણિત વિષયની અપેક્ષિત અધ્યયન નિષ્પતીઓ પણ બાળકોમાં આસાનીથી સિદ્ધ કરાવી શકાય તે હેતુને ધ્યાને લઇ એક રસપ્રદ શિક્ષણ પ્રક્રિયા વિકસાવવાનો વિચાર પ્રેરિત થયો.

નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP), 2020 એ વિવિધ શિક્ષણ પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરેછે. જેમાં રમકડાં સંકલિત શિક્ષણને પણ મહત્વ આપવામા આવ્યુછે. તેને ધ્યાને રાખી બાળકો માટે એક બોર્ડ ગેમ રમતનું નિર્માણ કરવામાં આવ્યુ. આ બોર્ડ ગેમ બનાવવા 0 થી 9 અંકો તથા ગાણિતિક ક્રિયાઓનાં ચિહ્નોની રંગીન કાગળ પર પ્રિન્ટ કર્યા. તયાર બાદ રમવા માટેનું ગેમ બોર્ડ બનાવવા, 5 × 6 ખાના વાળુ એક તથા 5 × 9 ખાના વાળુ એક એમ બે ટેબલ કોમ્પ્યુટરમાં બનાવી તેની રંગીન કાગળ પર પ્રિન્ટ કાઢી તેને કાર્ડ શીટ પર લગાવવમાં આવ્યા. અહિં બાળક એક અંક ની એક અંક સાથે તથા બે અંકની બે અંક સાથેની ગાણિતિક પ્રક્રિયાઓ શીખે છે. શિક્ષક અથવા કોઇ એક વિધાર્થી ગેમ રમાડે છે તથા અન્ય વિધાર્થીઓ સામે ગેમ રમે છે. રમત રમવા શિક્ષક મનમાં એક ગાણિતિક પ્રક્રિયા ધારે છે. રમતમાં રમનાર વિધાર્થી આ ધારેલ ગાણિતિક ક્રિયાને આંકડાઓ સ્વરૂપે આપેલ ગેમ બોર્ડ પર ગોઠવે છે. રમનાર વિધાર્થી બોર્ડ પર જે આંકડાઓનાં કાર્ડ મુકે છે તે શિક્ષકની ધારેલ ક્રિયા મુજબ છે કે નહીં તે જણાવવા શિક્ષક તે મુજબનાં રંગીન કાર્ડનાં અંક બોર્ડ પર જે તે સ્થાનોએ બોલ્યા વિના મુકે છે તથા રમનાર વિધાર્થીને સાચી ક્રિયા તરફ દોરે છે.

- ઉદાહરણ તરીકે શિક્ષક 2 + 7 = 9 આ ક્રિયા ધારે છે.
- હવે વિધાર્થી શિક્ષક દ્વારા ધારેલ સંખ્યા બોર્ડ પર અંકોનાં કાર્ડ લઇ 9 - 7 = 2 એ મુજબ ગોઠવીને મુકે છે.
- હવે શિક્ષક બોલ્યા વગર જ બોર્ડ પર મુકેલ અંકો 9 - 7 = 2 એ જ તેણે ધારેલ ક્રિયા છે કે નહીં તે જણાવવા નીચે મુજબ અંકો તથા નિશાનીઓનાં કાર્ડ બોર્ડ પર મુકશે.
- 9 તથા 2 નાં સ્થાને તે જ અંકનુ પીળા રંગનું કાર્ડ મુકશે, મતલબ એ અંકો ક્રિયામાં છે પણ વિધાર્થીએ ખોટા સ્થાને મુક્યા છે,
- \+ ની નિશાની વાળા કાર્ડના સ્થાને + ની નિશાનીનું લાલ રંગનું કાર્ડ, મતલબ આ નિશાની/અંક ક્રિયામાં છે જ નહીં,
- તથા 7 અને = ની નિશાનીનાં સ્થાને 7 નાં અંક તથા = ની નિશાની વાળુ લીલા રંગનું કાર્ડ મુકશે મતલબ કે આ અંક અને નિશાની ક્રિયામાં છે તથા સાચી જગ્યાએ જ મુકેલ છે.

આમ આ આધારે શિક્ષકે ધારેલ ક્રિયાને બોર્ડ પર બનાવવા વિધાર્થીએ આગળ હવે ક્યા અંકો કે કઇ નિશાનીનો ઉપયોગ કરવો કે ન કરવો તે વિચારશે તથા રમત રમશે. આમ રમનાર વિધાર્થી દ્વારા કુલ પાંચ ચાન્સમાં શિક્ષક દ્વારા ધારેલ ગાણિતિક ક્રિયાને બોર્ડ પર અંકો ગોઠવી બાનવવાની રહે છે અન્યથા અન્ય વિધાર્થીને ચાન્સ મળે છે.

આ ઇનોવેશનના મૂલ્યાંકન માટે ઇનોવેશન પૂર્વે તથા ઇનોવેશનના અમલીકરણ બાદમાં બાળકોની ગાણિતિક કૌશલ્યો તથાઅધ્યયન નિષ્પતીઓ આધારિત 25 ગુણની કસોટી લેવામાં આવેલ હતી. રમત સંકલિત શિક્ષણની મદદથી ધોરણ 6 થી 8ના કુલ બાળકોમાંથી 80% ઉપર બાળકોમાં ગાણિતિક કૌશલ્યોનો વિકાસ થયો.બાળકોમાં ગણિત વિષયની રમત માટે ઉપયોગમાં લેવાયેલ અપેક્ષિત અધ્યયન નીષ્પતીઓ સિદ્ધ થઇ.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



22

ઇનોવેટરનું નામ :- ત્રિવેદી કૃતિકા ધીરુભાઇ
શાળાનું નામ :- શ્રી સી.આર.સી.સાવરકુંડલા-2
તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9978467615

# :: એનિમેટેડ ડીજીટલ કન્ટેન્ટ ::

વર્ષ 2022ના જૂન માસથી નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઇ અને સાથે જ નવી શિક્ષણનીતિ અંતર્ગત ઓગસ્ટ 2022માં પ્રજ્ઞા વર્ગોમાં ધોરણ 1 અને 2 માટે પ્રારંભિક ધોરણે અંગ્રેજી વિષયને અજમાયશી ધોરણે લાગુ કરવામાં આવ્યો; જે અંતર્ગત પ્રજ્ઞા વર્ગોમાં બાળકો સાંભળવા તથા બોલવાના કૌશલ્ય(LISTENING AND SPEAKING SKILLS) દ્વારા અર્થગ્રહણ કરતા શીખે. આજના સમયમાં રોજીંદા વ્યવહારમાં ઉપયોગમાં આવતી ભાષાઓનું પાયાનું જ્ઞાન હોવું ખુબ જરૂરી છે. સાથે ટેકનોલોજીના યુગમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ વધુમાં વધુ થઇ રહ્યો છે.આ સમયમાં બાળક અભ્યાસ અને પ્રવૃત્તિ કરતા કંઇક નવા અભિગમો અને પ્રવૃતિઓ દ્વારા વધુ ઝડપથી શીખી શકે છે; માટે આ દ્રશ્ય શ્રાવ્ય એનિમેટેડ કાર્ટુન દ્વારા બાળકોની શીખવાની અને અર્થગ્રહણની પ્રક્રિયાને વધુ રસપ્રદ બનાવવાનો વિચાર સ્ફૂર્યો.

હું સી.આર.સી. હોવાના કારણે વર્ગખંડ અને શાળાઓને પડતી મુશ્કેલીઓ સાથે સીધા સંપર્કમાં હોઉ છું. શાળા અને વર્ગખંડ મોનીટરીંગ દરમિયાન ઘણી શાળાઓમાં એવું જોવા મળ્યું કે બાળકો ભાષાગત પાયાના કૌશલ્યો અને અર્થગ્રહણની પ્રક્રિયા તેમજ અંગ્રેજી ભાષાના સામાન્ય અને પાયાના શિક્ષણમાં કચાશ ધરાવે છે; જેને કારણે શિક્ષકો પણ શિક્ષણકાર્યમાં મૂંજવણ અનુભવતા જણાયા. બાળકોનું સિદ્ધિ સ્તર નીચું જણાયું.

શરૂઆતમાં બાળકોના કચાશના ક્ષેત્રોની ચકાસણી કરવામાં આવી, જેના દ્વારા જે પરિણામ મળ્યું તે નીચું જોવા મળ્યું.આખરે મને એક ઉપાય સૂઝ્યો કે –એક એવાં પ્રાયોગિક કાર્યનું આયોજન અને નિર્માણ કરવામાં આવે કે જેનાથી બાળકો એક નવાં વિષય અને પ્રારંભિક પ્રક્રિયાઓ સાથે સલંગ્ન થઈ ભાષાગત પાયાના કૌશલ્યો, સામાન્ય પ્રક્રીયા સંજ્ઞાજ્ઞાન(કોડીંગ) – કટુ વાચન (ડીકોડીંગ) અને અર્થગ્રહણની મદદથી અંગ્રેજી ભાષાનું સામાન્ય અને પાયાનું શિક્ષણ મેળવી. તેમની અંગ્રેજી ભાષાના અભ્યાસ પ્રત્યેની અરુચિ અને તેમને પડતી મુશ્કેલીઓને સરળતાથી રમતા-રમતા દૂર કરી શકાય. વિષય અનુસાર તેમના જણાતા કઠીનબિંદુઓને સરળીકરણ આ પ્રયોગના માધ્યમથી કરી શકાયું. બાળકો જાતે પોતાનું મૂલ્યાંકન કરતા થયા અને તેમની સિદ્ધિઓમાં વધારો થતો જણાયો. આ પ્રયોગના થોડા દિવસના ઉપયોગથી જ બાળકોમાં એક નવો ઉત્સાહ અને અભ્યાસ પ્રત્યેની ધગશ જોવા મળી.

આ પ્રયોગના પરિણામે ધીમે-ધીમે બાળકોની સંખ્યામાં ખૂબ સારો એવો વધારો થવા લાગ્યો. આ પ્રયોગ શરુઆતમાં માત્ર પ્રજ્ઞા ધોરણોમાં કરવામાં આવ્યો, પરંતુ ધીરે ધીરે અન્ય ધોરણ અને વર્ગના બાળકો અને શિક્ષકો પણ આ પ્રયોગ અને પ્રવૃતિમાં જોડતા ગયા અને ધીરે ધીરે ધોરણ 1 થી લઈને ધોરણ 8 સુધીના બાળકો ભાષાગત કૌશલ્યો અને અર્થગ્રહણની પ્રવૃતિઓમાં સતત આશ્ચર્યજનક અને સંતોષકારક પરિણામ મેળવતા થયા.

આ પ્રયોગના કારણે માત્ર આ એક ક્લસ્ટર નહિ પરંતુ અન્ય કલસ્ટરના શિક્ષકો પણ આ કન્ટેન્ટનો ઉત્સાહપૂર્વક ઉપયોગ કરતા થયા અને તેમને તેમાં કંઇક નવું ઉમેરીને ઈચ્છિત પરિણામો મળતા થયા અને બાળકોનું શૈક્ષણિક સ્તર પણ સુધર્યું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**23**

**ઇનોવેટરનું નામ :- કાતરિયા પ્રફુલભાઇ કાનજીભાઇ.**

**શાળાનું નામ :- શ્રી જાળિયા પ્રાથમિક શાળા.**

**તાલુકાનું નામ :- અમરેલી   જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 9913 498 828**



## :: COLOUR WORDS ::

અમરેલી તાલુકામાં આવેલું જાળીયા ગામ જે સ્વાતંત્ર્યસેનાનીઓ તથા શિક્ષણવિદોથી જાણીતું છે. ત્યાં આવેલી શ્રી જાળીયા પ્રાથમિક શાળા જે જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓમાંની એક છે. આ શાળામાં ધોરણ 6 થી 8 માં કુલ 100 વિધાર્થીઓ છે. આ વિધાર્થીઓમાં કોરોનાને કારણે શિક્ષણને લગતી ઘણી બધી સમસ્યાઓ ઊભી થયેલી હતી. અને પરિણામે અંગ્રેજી સરળતાથી વાંચી કે લખી શકે તેવા બાળકો ખુબ ઓછા હતા. એટલેકે 20 ટકા જેવી નહિવત સંખ્યા હતી. અંગ્રેજી , ગુજરાતી જેવી ભાષાના વિષયોમાં ખૂબ સમસ્યાનો સામનો કરવો પડતો હતો.

આ મુશ્કેલીના ઉકેલ માટે મને એક વિચાર સૂજયો અને એવું લાગ્યું કે કંઈક નવીન પ્રવૃત્તિ કરી અને અંગ્રેજીમાં બાળકો રસ લેતા થાય તેવો પ્રયત્ન કરવો જોઈએ. આથી colourwords એવી એક નવી પ્રવૃત્તિ કરાવી.જેમાં દરેક બાળક ને મન પસંદ કલરનું નામ આપવામાં આવે અને આ કલરના SPELLING ના દરેક મૂળાક્ષર પરથી જે જાણીતા તથા હાથવગા હોય તેવા જ SPELLING લખવાના. દા.ત., RED તો અહી R પરથી E પરથી તથા D પરથી બનતા SPELLINGS લખવાના.

બસ આ નવી પ્રવૃત્તિ દ્વારા ખરેખર એક ચમત્કારિક પરિણામ મળ્યું. લગભગ મોટાભાગના બાળકોને સ્પેલિંગ તૈયાર થઇ ગયા છે. વાંચન, લેખન સરળતાથી કરતા જોવા મળ્યા છે. અને અંગ્રેજી પ્રત્યે જે રસ રુચિ નો અભાવ હતો તે દૂર થયો હોય તેવું લાગ્યું છે. ખરેખર સરળ લાગતી પ્રવૃત્તિ જે એકદમ સામાન્ય કહી શકાય પરંતુ કેટલું મોટું પરિણામ આપી શકતી હોય છે તે મારા આ INNOVATION દ્વારા સાબિત થયુછે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**24**


ઇનોવેટરનું નામ :- ચૌહાણ મનીષાબેન અરવિંદભાઇ

શાળાનું નામ :- શ્રી પાણિયા પ્રાથમિક શાળા.

તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9925548788




## :: રમતો દ્વારા શિક્ષણ ::

" આન, બાનને શાન છે રમતો

બાળકોને હૈયે હામ છે રમતો "

અમરેલીથી પશ્ચિમ દિશામાં આવેલું બગસરા રોડ પરનું કલુબાઇનાં પાણિયાથી ઓળખાતું ગામ એટલે પાણીદાર 'પાણિયા' 26-06-2015 માં આવેલ ભયાનક પૂરથી શાળાને મોટી ખુંવારી થઇ હતી. આજે શિક્ષકોના અથાગ પ્રયત્નોથી બનાવેલ સુંદર,રળિયામણી,હરિયાળી શાળા એટલે પાણિયા પ્રાથમિક શાળા.

શ્રી પાણિયા પ્રાથમિક શાળાના ધોરણ 6થી8માં કુલ 45 વિધાર્થીઓમાંથી અમુક વિધાર્થી ઓને ઓછું યાદ રહે છે. આજે શીખડાવેલું કાલે ભૂલી જાય છે. તો તે માટે શું કરવું? એ સમયમાં જ મારે 8-09-2021 ના રોજ રમકડાં સંકલિત શિક્ષણ ની તાલીમમાં જવાનું થયું. તાલીમ દરમિયાન ઘણું જાણવા મળ્યું. રમતો દ્વારા બાળક સારી રીતે શીખી શકે છે. બસ મારા વિચારોને નવી દિશા મળી 'જાણે સોનામાં સુગંધ ભળી' અને મનમાં નક્કી કર્યું બાળકોને રમતો દ્વારા શિક્ષણ આપવું બસ એ વિચારથી પ્રયાસ શરૂ કર્યો અને મે પણ રમતો બનાવી.

સૌ પ્રથમ સામાજિક વિજ્ઞાનમાં વિવિધ પરિભાષિક શબ્દો લઈ સાપસીડી બનાવી. ગુજરાત ભ્રમણની રમત, રાજધાની શોધવી, ભારતમાં વિવિધતા ઓળખવી, ચિઠ્ઠી ઉપાડ (બધા વિષયને અનુરૂપ) તેમજ સંસ્કૃતમાં સંખ્યાની ઓળખ માટે રમતો બનાવી.

- ✓ આ રમતો બાળકો 04:30 થી 05:00 વાગ્યા દરમિયાન રમતા જેથી કરી ઉત્સાહથી રમતાં અને આખા દિવસનો થાક ઉતરી જતો.
- ✓ દરરોજ એક એક ધોરણ નો વારો લેવામાં આવતો. જેમકે, સોમવારે ધોરણ - 6, મંગળવારે ધોરણ - 7, તેમજ બુધવારે ધોરણ – 8 ના વિધાર્થીઓ.

મૌખિક પ્રશ્નોતરી દ્વારા , ક્રિયાત્મક દ્વારા અને ચિઠ્ઠી ઉપાડીને મૂલ્યાંકન કરવામાં આવ્યું. રમતો દ્વારા જે બાળકોને ઓછું યાદ રહેતું હતું તે બાળકોમાં પણ સારી એવી પ્રગતિ જોવા મળી. એકબીજાને અંદરો અંદર રમતો શીખવવાથી વિધાર્થીઓમાં સમૂહ ભાવનાનો વિકાસ થયો. વારંવાર દ્રઢિકરણ થવાથી વિધાર્થીઓને યાદ રાખવું સરળ બન્યું. બાળકો પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતાં શીખ્યા. બાળકો આતુરતાથી બીજા દિવસની રાહ જોતાં કે આજે અમારો રમત રમવાનો વારો આવવાનો છે.

વિધાર્થીઓમાં રમતો દ્વારા દ્રઢિકરણ થતું હોવાથી યાદ રાખતા શીખ્યા આજે મને મોટાભાગના બાળકોના મૌખિક અને ક્રિયાત્મક કસોટી લેતા ઘણો ફાયદો થયો છે. આનંદ સાથે કહી શકું છું કે રમતો દ્વારા શિક્ષણથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે. આ બાબતનો મને ખૂબ ગર્વ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**25**

ઇનોવેટરનું નામ :- ગોજારિયા હિતેશકુમાર ચુનિભાઇ
શાળાનું નામ :- શ્રી રામપુર પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- કુંકાવાવ જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9510886851



## :: NMMS કા લક્ષ્યવેધ ::

સૌ પ્રથમ તા. 5-9-2011 ના રોજ અમરેલી જિલ્લાનાં કુંકાવાવ તાલુકાની રામપુર પ્રા. શાળામાં શિક્ષક તરીકે દાખલ થયો ત્યારે અન્ય શાળાના બાળકો NMMS ,PSE કે નવોદય જેવી સ્પર્ધાત્મક પરીક્ષા આપતા અને મેરીટમાં આવતા જોયા અને સાથે સાથે આ બાળકોમાં સ્પર્ધાત્મક પરીક્ષા અને ગણિત વિજ્ઞાન જેવા વિષયોનાં પાયાના ખ્યાલો અને સંકલ્પના દ્રઢ થાય તેમજ અન્ય શાળાની જેમ મારી શાળાના બાળકો પણ આગળ આવે તેવા વિચાર સાથે વર્ષ 2016-2017 થી NMMS પરીક્ષાની તૈયારી કરાવવાનું નક્કી કર્યું

આ રીતે પરીક્ષાની તૈયારી કરવા માટે તો લાંબો સમય અને ધીરજ માંગી લે તેવું આયોજન જોઇએ તે માટે શાળાના સમય દરમ્યાન તો ગણિત વિજ્ઞાન જેવા વિષયોને પુરતો ન્યાય આપતા તૈયારી માટે સમય ન મળતા શાળા સમય પહેલા દરરોજ 1 કલાક વહેલા આવી તેમજ દરેક રવિવારે શાળાએ જઇ બાળકોની કસોટી લઇ પાયાની બાબતની તૈયારી અને દ્રઢીકરણ શરૂ કર્યું. શરૂઆતનાં 2 વર્ષ બાળકો પરીક્ષામાં પાસ થતાં પરંતુ મેરિટમાં ન આવતા ત્યારબાદ વર્ષ 2019-20 થી કોરોના મહામારીને કારણે શાળા બંધ થઈ અને MSTEAMSના માધ્યમથી online class શરૂ કર્યા જે આજ દિન (6 વર્ષ) સુધી દરરોજ સાંજે 1 કલાક શરૂ જ છે. તેમજ Telegram અને WhatsApp જેવા ગ્રુપ બનાવી હોમવર્ક, સમયાંતરે ટેસ્ટ, youtube video link તેમજ જુદા જુદા પ્રકાશનની બૂક અને NMMS સાફલ્ય, NCERT SciQuiz જેવી એપ દ્વારા તેમજ દીક્ષા એપ પર NMMS નો online course બાળકો પાસે કરાવી સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડી દ્રઢીકરણ કરાવી તૈયારી કરાવવામાં આવતી હતી.

આ નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે સમયાંતરે અઠવાડિક ટેસ્ટનું આયોજન તથા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર થતાં NMMS પરીક્ષાના પરિણામને આધારેકરવામાં આવતું હતું અને આ નવતર પ્રયોગની ફળશ્રુતિરૂપે વિધાર્થીઓ ટેક્નોલોજીનો સદુપયોગ કરતાં થયાઅને પરીક્ષાનો ડર દૂર થયો. તેમજ વર્ષ 2018 – 19 થી શરુ કરી સમયાંતરે બાળકો NMMS પરીક્ષામાં મેરીટમાં આવવામાં પણ વધારો થયો અને ભવિષ્યની સ્પર્ધાત્મક પરીક્ષા માટેની પાયારૂપ તૈયારી કરતા થયાં. તેમજ ગણિત વિજ્ઞાન જેવા વિષયોમાં બાળકોને પાયાની સંકલ્પના સિદ્ધિ અને દ્રઢીકરણ થયું. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી વર્ષ 2020-21 દરમિયાન online classમાં ખજુરી, નવાઉજળા, મોંઘીબા કન્યા શાળાના બાળકો પણ જોડાઇને તે શાળાના 7 બાળકો પણ મેરીટમાં આવેલ હતા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**26**

ઇનોવેટરનું નામ :- **નિમ્બાર્ક ધર્મેન્દ્રભાઈ આર.**

શાળાનું નામ :- **શ્રી બરવાળા બાવળ પ્રા. શાળા**

તાલુકાનું નામ :- **કુકાવાવ** જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- **9978702983**



## :: પ્રવૃતિ દ્વારા પરિણામ ::

પરમ શક્તિ અને પરમ સત્યનું સ્મરણ થાય એવા અર્વાચીન યુગના આદિ કવિ શ્રી કલાપીની નગરી અમરેલીના કુકાવાવ તાલુકાથી આશરે દ્રપ કિઈમી દૂર આવેલા બરવાળા બાવળ ગામની પ્રાથમિક શાળા જ્યાં ભવિષ્યના ભારતની ભૌતિક સપંત્તિ એવા બાળકોનું ઘડતર કરતી અમારી શ્રી બરવાળા બાવળ પ્રાથમિક શાળામાં અમે સાત શિક્ષકો શક્ષૈણિક કાર્ય સાથે જોડાયેલા છીએઈ આમ તો રોજ રોજના શિક્ષણ કાર્યની અંદર ક્રિયાત્મક સંશોધનોનો શ્રેષ્ઠ ઉપચાર એટલે ઇનોવેશન આવા જ ‘ઇનોવેશનર્થકી વિધાર્થી શિક્ષકો શાળા અને વાલીઓ અને સમાજના કેટલાય પ્રશ્નો ઉકેલાયા છેઈ એ જ અમારું ઇનોવેશન એટલે ૃપ્રવતૃિ દ્વારા પરિણામર્

આજના ટીવી મોબાઇલના યુગમાં ખરેખર સો ટકા બાળકોને અભ્યાસમાં રસ લેતા કરવા ખરેખર વાલીઓ અને શિક્ષકો માટે કપરો સમય છે પણ દરેક શિક્ષક પોતાની આવડત પ્રમાણે બાળકોને અભ્યાસમાં રસ જગાડવા પોતાની રીતે પ્રયત્ન કરે જ છેઈ મેં પણ બાળકોને ઘર કરતા શાળાએ મજા આવે અભ્યાસમાં રસ જાગે અને હોંશે હોંશે આનંદથી શૈક્ષણિક કાર્ય કંટાળા વગર અને ઉત્સાહથી કરે તે માટે મેં ઘણી નવી નવી પ્રવૃત્તિઓ કરાવીઈ

આ માટે છાપા મેગેઝીન તમે જ એસએસએ ના જૂના કેલેન્ડરનો ઉપયોગ કરી ઘણી બધી શૈક્ષણિક પ્રવૃત્તિ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરીઈ અને સાથે સાથે બાળકોનો ઉત્સાહ વધારવા માટે હળવાશની પળોમાં પણ બાળકોને મજા આવે તેવી અનેક બાબતો શિક્ષણ સાથે પ્રવૃતિ સાકળી લીધીઈ

**<u>પ્રવૃત્તિઓ:-</u>**

-વિજ્ઞાનમાં શોધ અને શોધકનો આલ્બમ

-સામાજિક વિજ્ઞાનને કન્ટેનને લગતું કેલેન્ડર અને બીજી અનેક પ્રવૃત્તિઓ.

-ન્યૂઝપેપરમાંથી ઐતિહાસિક ઘટનાઓનો અને જાણવા જેવાનો આલ્બમ.

-અજબ ગજબ દુનિયા

-સામાજિક વિજ્ઞાનની શબ્દ રમત

-હળવાશની પળોમાં ગણિત પઝલ, જાદુની આઇટમ અને સબંધંનું સગપણ જેવા કોયડા, બીજી બાળકોને મજા આવે તેવી અનેક પ્રવૃત્તિઓ કરી. આને લીધે વિધાર્થીને એકદમ આનદં અને હાસ્ય સાથે અભ્યાસ કરાવવા મને ઘણા સારા પરિણામ મળ્યા. બાળકો હોશે હોશે શાળાએ આવતા થયા અને અભ્યાસમાં રસ લેતા થયા.અઘરા ટોપિક પ્રવૃત્તિ દ્વારા સહેલો કેમ બને તે શીખતા થયા. છાપુ મેગેઝીન વગેરે વાચંતા તમે જ ઉપયોગ કરતા થયા.ટીવી મોબાઇલમાં સમય ન બગાડતા અભ્યાસને લગતી પ્રવૃત્તિ કરતા થયા.સમુહ ભાવનાનો વિકાસ થયો અને એકબીજાને મદદ કરતા થયા.

ટૂંકમાં માત્ર પુસ્તક કે અભ્યાસક્રમ પાછળ ન દોડતા અલગ અલગ પ્રવૃત્તિ થી બાળકોને શીખવામાં આનદં આવે છે અને અભ્યાસ પાછળ જે બાળકોને અભાવ હતો તે ભાવમાં ફેરવાઇ ગયો આને લીધે વાલીઓ ગામના સરપચં અને એસ.એમ.સી.ના સભ્યો દ્વારા અમને સતોષ અને અભિનદંનરૂપી પ્રોત્સાહન મળ્યુ.

27

ઇનોવેટરનું નામ :- બોરીચા મધુભાઈ કાથડભાઈ
શાળાનું નામ :- શ્રી કોટડાપીઠા પ્લોટ પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- બાબરા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 99794 98509



# :: પરિશ્રમથી પરિણામ સુધી ::

**'લોકો પરિશ્રમનું નહીં પણ પરિણામનું સન્માન કરે છે,**
**માટે પરિણામ લક્ષી પરિશ્રમ કરો તો જ પરિશ્રમ,**
**પરિશ્રમ કહેવાય નહીતો ગધ્ધા મજૂરી કહેવાય."**
**" કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી."**

ઉપરોક્ત વાક્ય ચરિતાર્થ કરવા માટે અમરેલી જિલ્લાનું છેવડાનું કોટડાપીઠા ગામ આ ગામમાં શૈક્ષણિક અને આર્થિક રીતે સધ્ધર છે. આ ગામની શિક્ષણ પ્રણાલીથી ઘણા લોકો શિક્ષિત બની શિક્ષકો, ડોક્ટરો, એન્જિનિયરો અને ઉધોગપતિ બનેલા છે.

આ કોટડાપીઠા ગામમાં પ્લોટ વિસ્તારમાં આવેલી એક શાળા છે જેમાં ધોરણ 1 થી 8 ના બાળકો અભ્યાસ કરે છે તે અંતર્ગત ધોરણ 5 થી 8 ના બાળકોના મનનો અભ્યાસનું કરવાનું મન થયું. આ જાણવા માટે મને એક વિચાર આવ્યો અને તે હતો '**પરિશ્રમથી પરિણામ' સુધી.**

આ અભ્યાસને જાણવા માટે બાળકો નીચે મુજબની સમસ્યા અનુભવતા હતા. વિધાર્થીઓ શૈક્ષણિક રસ દાખવતા ન હતા ,ગૃહકાર્યમાં અનિયમિત હતા તેઓમાં ,શારીરિક કુપોષણનું પ્રમાણ જોવા મળતું હતું ,બાળકોમાં વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ વિશે જ્ઞાન ન હતું .આ સમસ્યાને દુર કરવા ધોરણ 5 થી 8 વિધાર્થીઓ માટે નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

મારી શાળામાં બાળકોની ગેરહાજરી, શૈક્ષણિક કાર્યમાં નિરસતા, આરોગ્ય પ્રત્યે સભાનતા, વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુનો ઉપયોગ કરવા માટે તથા દાતાશ્રીઓ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવા માટે નીચે મુજબનું કાર્ય કરવામાં આવ્યું. દર પંદર દિવસે SMC.ની બેઠક તથા વાલી મિટિંગનું આયોજન. દર પંદર દિવસે ચિત્ર સ્પર્ધા, રમત-ગમતની સ્પર્ધા, મનોરંજન કાર્યક્રમો કરી બાળકોમાં રસ ઉત્પન્ન કરવામાં આવ્યો. શાળામાં વિધાર્થીઓનાં પોષણ અંગે વાલીમિટિંગમાં આરોગ્યપ્રદ ખોરાકની ચર્ચા અને નિષણાંત ડોકટરો દ્વારા માર્ગદર્શન, તમામ વિધાર્થીઓનાં આંખની તપાસ કરવી અને જરૂરી દવા તથા ચશ્મા વિતરણ, તમામ વિધાર્થીઓનાં હિમોગ્લોબીનની તપાસ કરી તેને આયર્નની ગોળીઓ આપવામાં આવી. શાળામાં લીલાનાળિયેર, એલ્બા, ટાયર, સિમેન્ટથેલી, ખોખા તથા તેલના નકામાં પ્લાસ્ટિકનાં કે પતરાંનાં ડબ્બા,પ્લાસ્ટિકની બોટલમાં માટી કે રેતી ભરી તેમાં વૃક્ષારોપણ કરાયું. દાતાશ્રીઓ દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવા માટે વિધાર્થીઓને સ્કૂલબેગ, નોટબુક, પેનસિલ, પેન, કંપાસકીટ, વોટરબોટલ, લંચબોક્સ, ઘડિયાળ, શૈક્ષણિક કીટ,ગરમકપડા, લેશન ડાયરી, તથા વિવિધ ચીજવસ્તુઓ દાતાશ્રી દ્વારા આપવામાં આવેછે. દર પંદર દિવસે નિષ્ણાંત ડોક્ટરોના આરોગ્યપ્રદ માર્ગદર્શન. પ્રવચન ગોઠવવામાં આવેછે .

આમ અંતે શાળાની સંખ્યામાં બહુત બદલાવ જોવા મળ્યો. શાળામાં 75% બાળકોની હાજરી જોવા મળી. પર્યાવરણ અંતર્ગત એક એક વૃક્ષની માવજત કરતાં થયા. વિધાર્થીઓમાં વાંચન, લેખન અને અક્ષરોમાં સુધારો થયો. વિધાર્થીઓમાં આરોગ્ય પ્રત્યે સભાન જાગૃતિ જોવા મળી. બાળકો વેસ્ટમાંથી બેસ્ટની પ્રવૃત્તિઓ કરતા થયા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**28**


**ઇનોવેટરનું નામ** :- ગજેરા ચિરાગભાઈ દિલીપભાઈ

**શાળાનું નામ** :- શ્રી જામબરવાળા પે સેન્ટર શાળા

**તાલુકાનું નામ** :- બાબરા **જિલ્લો** : - અમરેલી

**ફોન સંપર્ક** :- 9574746303




## ⁚⁚ LEARN MATHS EASILY ⁚⁚

આ જામબરવાળા ગામમાં આવેલી એક શાળા છે. શાળાનું ગૌરવ એ છે કે ગામમાંથી એક પણ બાળક ખાનગી શાળામાં અભ્યાસ કરવા માટે જતો નથી. અમારી શાળામાં ધોરણ 1 થી 8 ના બાળકો અભ્યાસ કરે છે તે અંતર્ગત ધોરણ 5 થી 8 ના બાળકોનાં ગણિત વિષયને સરળ અને રુચિકર બનાવવા માટે એક વિચાર આવ્યો અને તે હતો '**LEARN MATHS EASILY'.**

NCERT નો નવો-અભ્યાસક્રમ લાગુ પડ્યા પછી જયારે ગણિતનાં મુદ્દાઓને બાળકો સમક્ષ શીખવવામાં આવ્યા ત્યારે તેને સરળતાથી રજુ કરવા મુશ્કેલીઅનુભવાતી હતી. બાળકો આ મુદ્દાને સરળતાથી સમજી શકતા ન હતા. તેથી તેઓ તેને ગોખણપટ્ટી કરીને યાદ રાખતા હતા. આ ઉપરાંત બાળકો દરરોજ રિસેસ દરમ્યાન દોડાદોડી કરતા, નુકશાન પહોંચાડતા, અંદરો-અંદર ઝઘડો કરી ફરિયાદો લઈને આવતા હતા.આ સમસ્યાને દુર કરવા ધોરણ 5 થી 8 નાં વિધાર્થીઓનો અભ્યાસ કરવા ઉપરોક્ત વિગતોની સમસ્યા અનુભવતા હતાતેને હલ કરવા નીચેની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.

ગણિતનાં અઘરા મુદ્દાઓને સરળતાથી સમજાવવા માટે ધોરણ 5 થી 7 નાં વિધાર્થીઓ માટે જે TLMનું નિર્માણ કરવામાં આવ્યું છે તેનો વર્ગખંડ પ્રક્રિયા દરમિયાન ઉપયોગ કરીને વિધાર્થીઓ સમક્ષ સરળ સમજ આપવામાં આવે છે.પૂંઠામાંથી બનાવેલા વિવિધ આકારો અને આકૃતિઓ લઇ તેનું વારાફરતી મેથ્સ મેજિક બોર્ડ પર પરિભ્રમણ કરાવીને બાળકો સમક્ષ પ્રાયોગિક રીતે સમજ આપવામાં આવી. જેથી તેઓ તે પ્રક્રિયાને નિહાળીને તે વિશેની યોગ્ય સમજ મેળવી શકે. કાર્ડશીટ અને પૂંઠામાંથી બનાવેલા 3D મોડલ દ્વારા ધોરણ 8 ના ગણિતના પ્રકરણ 10 માં આવતા તમામ ઘનાકારોનું લાઇવ ડેમોસ્ટ્રેશન કરીને તેના વિશે તમામ સમજૂતી આપવામાં આવી અને ખરા અર્થમાં બાળકો સમક્ષ ઘનાકારોનું પ્રત્યક્ષીકરણ થાય છે તેમજ બાળકો ઘનાકારોના અનવિઝીબલ સપાટીઓને પણ જોઈ શકે છે. બાળકો ગણિતમાં ભૂમિતિના કેટલાક મુદ્દાઓનું રમતા રમતા દઢીકરણ કરી શકે તે માટે અહી 6 જુદા જુદા મુદ્દાઓની કાર્ડ ગેમ બનાવવામાં આવી છે, જેને રિસેસ દરમિયાન તેમજ ફ્રી તાસમાં બાળકોને રમવા માટે આપવામાં આવતી હતી.

બાળકોનું મૌખિક તેમજ લેખિત મૂલ્યાંકન માટે જે તે ટોપિકની દરેક બાળકોની ટેસ્ટ લેવામાં આવેછે. રિસેસ સમય કે ફ્રિ તાસ દરમ્યાન બાળકો કાર્ડગેમ દ્વારા રમતા રમતા પણ પોતાનું મૂલ્યાંકન જાતે કરેછે**.** ગણિતને પ્રવૃત્તિમય બનાવવાથી બાળકો ગણિતમાં ગોખણપટ્ટી કરતા બંધ થયા અને વિષય રુચિકર બન્યો. રિસેસ સમયમાં બાળકો મેદાનમાં દોડા-દોડી કરતા, અંદરો-અંદર આવતી ફરિયાદો કરતા બંધ થઇ અને કાર્ડગેમ દ્વારા રમતા રમતા ગણિતના મુદ્દાઓનું દ્રઢીકરણ કરતા થયા. ધોરણ 8ના વર્ગના 80 % થી વધુ બાળકો 3D આકારો વિશે સંપૂર્ણ સમજ ધરાવેછે. જે તે ટોપિકને લગતી અધ્યયન નિષ્પત્તિ વધુ બાળકોમાં ઝડપથી સિદ્ધ થઇ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

ઇનોવેટરનું નામ :- ગોરવિયાળા બળદેવભાઈ જીવાભાઈ
શાળાનું નામ :- શ્રી હિરાણા પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- લાઠી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9924552096

29



## :: પ્રાયોગિક તાસ આયોજન ::

ગાયકવાડી અમરેલી જિલ્લાના કલાપી નગરી લાઠી તાલુકાની શ્રી હિરાણા પ્રા. શાળામાં હું ધોરણ 6 થી 8 માં સામાજિક વિજ્ઞાન વિષય ભણાવું છુ. ઓનલાઇન અને ઓફલાઇન શિક્ષણ દરમિયાન મૌલિકતાથી પ્રશ્નોના જવાબ આપવામાં બાળકો નકશાઓ દોરવામા , ચિત્ર દોરવામા , પ્રોજેક્ટ કાર્ય અને પ્રવૃતિ કરવામા ઘણી મૂશ્કેલી અનુભવતા હતા. પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિનો ઉપયોગ કરી શકતા નહોતા.

આ સમસ્યામાં સામાજિક વિજ્ઞાન વિષયને ઓનલાઈન અને ઓફલાઈન કઇ રીતે સરળ બનાવી શકાય તે માટે મનોમંથન કરીને સૌ પ્રથમ બાળકોને ઘર, શાળા, ગામના ચિત્રો દોરવા પ્રેરિત કરવામા આવ્યા. ધીમે ધીમે ઘરથી માંડીને દેશ સુંધી નકશાઓ સરળતાથી દોરવા લાગ્યા. કોઈપણ તાસ ચલાવવા માટે ભરપુર શૈક્ષણિક સાધનો અને ટેકનોલોજીના માધ્યમ દ્વારા સરળ ભાષામાં હાવભાવ સાથે સમજ આપી. તાસના બીજા દિવસે બાળકોને ગમતાં મુદા ઉપર પોતાની મૌલિકતા રજૂ કરવાની સુવર્ણ તક આપવામાં આવતી. જેના વિડિયો, ફોટા પાડી ટેક્નોલોજીના માધ્યમ દ્વારા પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન બનાવી વર્ગખંડના બધાં બાળકોને પ્રેરણા મળે તે માટે બતાવવામાં આવતી હતી.

તાસના અંતે પાવરપોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા જોડકા,ખાલીજગ્યા, ખરા ખોટા , નકશાઓ દોરવા અને જનરલ નોલેજનુ જ્ઞાન વધે બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિ અને મૂલ્યલક્ષી શિક્ષણનો વિકાસ થાય અને તે માટે 10 ગુણની ટેસ્ટ દ્વારા ક્ષમતા આધારિત યોગ્ય મૂલ્યાંકન કરવામા આવેલ હતું. તેનાં આધારે સારું પરિણામ જોવા મળ્યું .

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

30


ઇનોવેટરનું નામ :- દવે અખિલકુમાર રમેશભાઇ

શાળાનું નામ :- શ્રી સણોસરાપ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 99749 22373




# :: My Choice, My Click ::

આજકાલ બધાની ફરિયાદ છે કે બાળકો મોબાઇલ નો વધુ પડતો ઉપયોગ કરે છે. એ મોબાઇલમાં ગેમ રમે રાખે છે અથવા તો વીડિયો જોયા કરે છે. એમાં પણ કોરોના કાળના ઓનલાઈન એજ્યુકેશન પછી તો બાળકોને મોબાઈલ સાવ સુલભ બની ગયો. વાલીઓની ફરિયાદ પણ વધતી જતી હતી. તો શું કરવું? એમને મોબાઈલથી સાવ વંચિત રાખવા તો હવે શક્ય નથી. આ પરિસ્થિતિ જોઈને મને એક વિચાર આવ્યો કે, બાળકો મોબાઇલનો કઇક રચનાત્મક ઉપયોગ કરતા થાય એવું કઇક કરીએ.

મેં ધોરણ છ થી આઠના બાળકોને એક પ્રવૃત્તિ આપીને કહ્યું કે, તમારે તમારા ફોનમાં કુદરતી દ્રશ્યોના ફોટો લેવાના છે અને શાળાના ગ્રુપમાં મૂકવાના છે. વિષય કુદરત એટલા માટે રાખ્યો કે કુદરત જ શ્રેષ્ઠ શિક્ષક છે અને બાળકોને તેના પ્રત્યે અભિમુખ કરવા જરૂરી પણ છે. અમારા આશ્ચર્ય વચ્ચે અમને નવા નવા દ્રષ્ટિકોણ સાથેના ફોટા મળવા લાગ્યા. ત્યારબાદ બાળકોને જ તે ફોટોગ્રાફના શીર્ષક આપવાનુ અને તેના વિશે વર્ગ સમક્ષ વાતચીત કરવાનુ પણ કહ્યુ. બાળકોનો ઉત્સાહ વધે એટલા માટે આ ફોટોગ્રાફ્સનું મૂલ્યાંકન કરીને તેમને ઇનામો પણ આપવામાં આવ્યા. આનાથી 30 જેટલા બાળકો આ પ્રયોગમાં જોડાયા. આજે પણ બાળકો અલગ અલગ એંગલથી ખૂબ જ સુંદર ફોટોગ્રાફ્સ લેતા રહે છે.

આ પ્રયોગથી ફોનનો માત્ર મનોરંજન માટે ઉપયોગ ન કરતા બાળકોમાં ફોટોગ્રાફીનો શોખ વિકસાવવામાં મદદ મળી. તેમજ આ દ્વારા બાળકો પ્રકૃતિ પ્રત્યે પણ સંવેદનશીલ બન્યા. આગળ જતા બાળકો પ્રોફેશનલ ફોટોગ્રાફર બનીને પોતે વ્યવસાયિક રીતે પણ સુસજ્જ બની શકે છે. આપણી નવી શિક્ષણ નીતિમાં પણ વ્યવસાયિક શિક્ષણ પર જે ખાસ ભાર મૂકવામાં આવ્યો છે તે ઉદ્દેશ પણ અહીં સિદ્ધ થતો જોવા મળે છે. મારા આ પ્રયોગની નોંધ લોકસરવાણી, કોડિયું, તોરણ વગેરે જેવા સામયિકોએ લીધી. તેમજ આ પ્રયોગ બદલ સૃષ્ટિ સંસ્થા - અમદાવાદ વતી ઈનોવેટિવ ટીચર તરીકે સન્માન પણ પ્રાપ્ત થયું.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


31

ઇનોવેટરનું નામ :- વેલાણી સમીરભાઈ સદરૂદીનભાઈ

શાળાનું નામ :- શ્રી ક્રાંકચ કુમાર પે સે. શાળા

તાલુકાનું નામ :- લીલિયા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9723974374




## :: ટોબેકો ફ્રી યુથ ::

મારી શાળાના ધોરણ 8 વિધાર્થીઓને વિજ્ઞાન વિષયમાં સ્વાસ્થ્ય માટે હાનિકારક ખાધ પદાર્થો વિશેનો ટોપિક સમજાવતી વખતે સહજ રીતે મેં બાળકોને પૂછ્યું કે તેમનામાંથી કે તેમના પરિવાર માંથી કોઈને સોપારી, ગુટખા, તંબાકુ જેવા હાનિકારક પદાર્થોના વ્યસનની આદત છે કે નહિ. ત્યારબાદ ધોરણ 6 થી 8 ના બધા બાળકોને સમુહમાં એકઠા કરી પૂછપરછ તથા દાંત અને મોંની તપાસ કરતા જાણવા મળ્યું કે કુલ 40 બાળકોમાંથી 50% જેટલા વિધાર્થીઓને ગળી સોપારી, 10% જેટલા વિધાર્થીઓને સોપારી તથા 10% જેટલા વિધાર્થીઓને અન્ય વ્યસનો છે.

તેથી મને લાગ્યું કે આ બાબતે વિશેષ સમજ કે પ્રોજેક્ટની જરૂર છે. જેથી મને મારી શાળામાં આ નવતર પ્રયોગની જરૂરિયાત જણાઈ. સૌ પ્રથમ સમુહમાં પાન મસાલા, સોપારી, તંબાકુ જેવા હાનીકારક પદાર્થો ખાવાથી થતા હાનીકારક રોગો વિષે સમજ આપવામાં આવી. પોસ્ટર પ્રદર્શન, તેને લગતા વિડીઓ તથા ફોટો નિદર્શન ઉપરાંત તેની ગમ્ભીર અસર અને કેન્સર જેવી ભયંકર બીમારી વિષે ગહન સમજ આપવામાં આવી. વ્યસન મુક્તિ તથા જાગૃતિ માટે શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. તંબાકુનું વ્યસન હોય તેવા વ્યક્તિઓની પ્રાર્થના સભામાં રૂબરૂ મુલાકાત ગોઠવી તેઓને તંબાકુથી સ્વાસ્થ્ય પર થયેલ હાનીકારક અસરો વિષે સંવાદ ગોઠવી સમજુતી આપવામાં આવી. શાળાના અન્ય શિક્ષકો દ્વારા અનુભવો તથા માર્ગદર્શન વડે આ બાબતે બાળકોને અવગત કરવામાં આવ્યા.

આ નવતર પ્રયોગના મૂલ્યાંકન માટે શાળાના આચાર્ય, અન્ય શિક્ષકો, સી.આર.સી. દ્વારા બાળકોની વ્યક્તિગત સ્વાસ્થ્ય તથા મૌખિક પ્રશ્નોતરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું. બાળકોના માતા પિતાને ઘરે મળીને પણ બાળકોમાં વિકસેલ સારી આદતો વિષે માહિતી મેળવવામાં આવી. આ નવતર પ્રયોગ બાદ ધોરણ 6 થી 8 ના 95 % બાળકો, 10% જેવા વાલીઓ ઉપરાંત અમુક વ્યવસાયિક મિત્રો પણ વ્યસન મુક્ત બન્યા.

**ઇનોવેટરનું નામ** :- અમરેલીયા ગાયત્રીબેન બી

**શાળાનું નામ** :- શ્રી પે.સેન્ટર શાળા ચમારડી

**તાલુકાનું નામ** :- બાબરા **જિલ્લો** : - અમરેલી

**ફોન સંપર્ક** :- 9913500373




## :: ભાર વગરનું ભણતર ::

જ્યાં સુંદર અને ઐતિહાસિક લેરાનાથ દાદાનું મંદિર આવેલું છે એવા ચમારડી ગામમાં હું મારી ફરજ બજાવું છું.

ડોક્ટર કોઠારી પંચે આપેલ સૂત્ર ભાર વગરના ભણતરના અનુસંધાને જોતા બાળકના દફતરનો વજન ખૂબ જ વધારે હોવાથી બાળકોમાં કમર દર્દ, કરોડરજ્જુ વાકી વળી જવી, ગરદનનો દુ:ખાવો જેવી શારીરિક અને માનસિક તકલીફો વધી જવાથી બાળકોના શિક્ષણ કાર્ય પર આની અસર જોવા મળતા મને આ ઇનોવેશન કરવાનો વિચાર આવ્યો.

ધોરણ છ થી આઠ ની વાત કરીએ તો નવા અભ્યાસક્રમના તમામ પાઠ્યપુસ્તકોના પેઈઝ વધુ હોય તેનો વજન પણ વધુ થતો હોય,નવતર વિચાર આવ્યો અને એવું નક્કી કરવામાં આવ્યું કે આયોજન મુજબ જે તે પાઠને માસ મુજબ અલગ અલગ કરી નાખવા. એ માટે પાંચ પાંચ બાળકો ધોરણ છ થી આઠ ના સિલેક્ટ કરી તેમના પાઠ્યપુસ્તક અલગ કરી આપ્યા.

હવે બીજા બાળકો અને સિલેક્ટેડ પાંચ પાંચ બાળકો વચ્ચેનું અવલોકન કરવામાં આવ્યું. એક માસના અંતે બાળકોના મંતવ્યો લેવામાં આવ્યા. તેમનું મૂલ્યાંકન ધોરણ છ થી આઠ ના સિલેક્ટેડ બાળકો અને અન્ય બાળકોના મંતવ્ય આધારે કરવામાં આવ્યું ખૂબ જ સારા પરિણામ જોવા મળ્યા. સાથે બાળકોના દફતરના વજન કરીને તફાવત મેળવ્યો. તેમજ બાળકોના વાલીના અભિપ્રાય પણ લેવામાં આવ્યા.

બાળકોના દફતરનું વજન ખૂબજ ઓછું થયું. બાળકોને થતું શારીરિક નુકસાન ઘટ્યું, દફતરના વજનથી થતો કમર અને ગરદનનો દુ:ખાવો દૂર થયો, દફ્તરના વજનથી બાળકોને થતું શારીરિક અને માનસિક નુકસાન ઘટ્યું. આજે આ બાળકો ખુશ ખુશાલ જોવા મળ્યા જે મને આનંદ છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

33

**ઇનોવેટરનું નામ** :- કડેવાળ ભાવેશભાઈ મનસુખભાઇ
**શાળાનું નામ** :- શ્રી ગમાપીપળીયા પ્રાથમિક શાળા
**તાલુકાનું નામ** :- બાબરા **જિલ્લો** : - અમરેલી
**ફોન સંપર્ક** :- 9724772469



## :: વનસ્પતિની જાણકારી મેળવીએ ::

બાળકો શાળાના મેદાનમાં રહેલ વૃક્ષોને ઓળખી શકતા ન હતા. તે માટે સૌ પ્રથમ શાળામાં બાળસંસદમાં ચુટાયેલ બાળકોને સાથે રાખીને શાળાના મેદાનમાં રહેલ દરેક વૃક્ષ , છોડ , ક્ષુપ , વેલા વગેરેની માહિતી એકત્ર કરીને દરેકનું મહત્વ , ઉપયોગ અને જુદા જુદા નામ (વૈજ્ઞાનિક / અંગ્રેજી / હિંન્દિ /સંસ્કૃત ) તથા તે વનસ્પતિ ક્યાં ક્યાં વિસ્તાર / દેશમા જોવા મળે તેની જાતો કેટલી છે વગેરે જેવી માહિતી એકત્ર કરવામાં આવી

શાળાના મેદાનમાં આવેલ દરેક વૃક્ષ , છોડ , ક્ષુપ , વેલા વિષેનું લખાણ લગાડવામાં આવ્યું જેમાં તેનું મહત્વ , દરેક ધર્મમાં મહત્વ , વનસ્પતિનું અંગ્રેજી નામ, વનસ્પતિનો પ્રકાર વગેરે આવરી લેવામાં આવ્યુ . તે લખાણની કલર કાગળમાં પ્રિન્ટ કાઢીને લેમિનેશન કરાવવામાં આવ્યું અને લાકડી વડે તૈયાર કરીને જેતે વનસ્પતિની બાજુમાં રાખવામાં આવી. જેથી બાળકો રિસેસના ફ્રી સમયમાં આ લખાણ વાંચી શકે અને તેના વિશે માહિતી મેળવે અને વનસ્પતિઓનો આયુર્વેદમાં ઉપયોગ વિશે જાણતા થયા .

આ નવતર પ્રયોગ થી બાળકો દરેક વનસ્પતિને ઓળખતા થયા અને બાળકો દરેક વનસ્પતિમા રહેલ તત્વો વિશેની માહીતિ મેળવતા થયા. બાળકો વનસ્પતિનુ જતન કરતા થયા. વનસ્પતિનુ આયુર્વેદ મા મહત્વ સમજત્તા થયા.

વનસ્પતિના મહત્વ વિશે ની quize બનાવી ને બાળકો ને રમત રમાડવામા આવી જેથી બાળકો વનસ્પતિ નુ મહત્વ સમજત્તા થયા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**34**

ઇનોવેટરનું નામ :- ચાવડા પરેશકુમાર મોહનભાઇ

શાળાનું નામ :- શ્રી મોટા મુંજીયાસર પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- બગસરા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9426651698




## :: શુભ શરૂઆત ::

શ્રી મોટા મુંજીયાસર પ્રાથમિક શાળા એટલે વિધાર્થીઓ માટે દરેક સમય અને દરેક ઉંમરના લોકો સાથે નાતો ધરાવતી શાળા. અહી ગ્રામના અને આજુ-બાજુના ગામના તમામ લોકો ગમે ત્યારે ગમે તે સમસ્યા લઈને આવે તેનું સોલ્યુશન આપતી શાળા, આ શાળા સાથ એકવાર જેનો નાતો બંધાય તે હંમેશ માટે નિભાવે તેવી શાળા આ શાળાનો પરિવાર એક કૌટુંબિક ભાવના સાથે કામ કરનાર પરિવાર અહી કાર્ય કરવાની ખૂબ ઉત્કંઠા થાય છે. તેવી શાળામાં રહીને મને કાર્ય કરવાની તક મળી તે માટે હું મારી જાતને ભાગ્યશાળી સમજુ છું. ચાલો જોઇએ અમારી શાળાનું આ વર્ષનું સાતમું ઇનોવેશન

છેલ્લા ઘણા સમયથી વિધાર્થીઓ આવતી કાલે તેઓનો પ્રાર્થના કાર્યક્રમ કરવાનો વારો આવે એટલે સાંજે ચાર વાગ્યાથી વર્ગની બહાર વિવિધ જાણકારી મેળવવાના બહાને જ્યાં-ત્યાં નોટીસ બોર્ડની વિગત શોધવા માંડે અથવા અન્ય માહિતી એકત્ર કરવા માટે ફર્યા કરે. આ સમયે ઘણા વિધાર્થીઓની એક કલાકની મથામણ બાદ પણ કાઈ હાથ લાગતું નથી અને લાગે તો તેનો યોગ્ય રીતે પ્રાર્થના કાર્યકમમાં ઉલ્લેખ થતો નથી, તેથી મનમાં થયું કે આપણે જ એવી બાબતો આપીએ કે વિધાર્થીનો સમય પણ બચે અને તેઓની જાણકારી માટેનો સ્ત્રોત પણ બની જાય તે હેતુથી આ "શુભ-શરૂઆત" પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી આજે તેના સરસ પરિણામ રાજ્યભરમાં મળી રહ્યા છે.

તમામ ધોરણના વિધાર્થીઓને આ પ્રોજેક્ટથી ઘણો ફાયદો થયો છે. દરરોજ તેઓ વિવિધ પ્રકારની માહિતીથી અવગત રહે છે.શાળાના તમામ વિધાર્થીઓ વિવિધ માહિતી મેળવવા માટે ઉત્સુક રહે છે.




ઇનોવેટરનું નામ :- ચેતનાબેન ભરતભાઇ ચોટલિયા

શાળાનું નામ :- શ્રી ક્રાંકચ કન્યા પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- લીલિયા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 97236 30454


## :: L.O. અવેરનેસ અને મારી સિદ્ધિઓ ::

શિક્ષકો માટે પડકારરૂપ એવી અધ્યયન નિષ્પતિઓ જે શિક્ષકે વિધાર્થીઓ પાસે સિદ્ધ કરાવવાની હોય છે તેનાથી વિધાર્થીઓ તદ્દન અજાણ છે. શિક્ષકો વિધાર્થીઓને આ અધ્યયન નિષ્પતિ સિદ્ધ થાય એ માટે વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટસ  કરાવતા હોય છે પરંતુ વિધાર્થીઓ જ્યાં સુધી અધ્યયન નિષ્પતિઓને સિદ્ધ કરવાનું મહત્વ ન સમજે ત્યાં સુધી બધું જ અધૂરું છે. આ સમસ્યાના નિવારણ રૂપે જ L.O.અવેરનેસ અને મારી સિદ્ધિઓ નામના આ નવતર પ્રયોગનો ઉદય થયો.

આ માટે વિધાર્થીઓને સૌપ્રથમ અધ્યયન નિષ્પતિનું મહત્વ સમજાવવામાં આવ્યું. ત્યાર બાદ તેમના ધોરણના ભાષાના વિષયોની અધ્યયન નિષ્પતિઓને gcert.gujarat.gov.in નામની વેબસાઇટ પરથી download કરી વર્ગના ડિસ્પ્લે બોર્ડ પર મૂકવામાં  આવી. આ અધ્યયન નિષ્પત્તિ આધારિત બાળકોની કસોટી લેવામાં આવી. તેમજ તેમને સમજાવવામાં આવ્યું કે જો તેઓ પ્રથમ પ્રયત્ને જ આ કસોટીમાં (√) ટીકમાર્ક મેળવશે તો તે ખૂબ જ ઉત્તમ ગણવામાં આવશે તેમજ ત્રણ પ્રયત્નો સુધીમાં આ અધ્યયન નિષ્પતિઓ સિદ્ધ કરવાની રહેશે.

આ પ્રયોગના મૂલ્યાંકન અન્વયે અધ્યન નિષ્પત્તિઓ આધારિત કસોટીઓ લેવામાં આવી અને આ કસોટીના પરિણામને વર્ગના ડિસ્પ્લે બોર્ડ પર મૂકવામાં આવ્યું. મજાની વાત તો એ છે કે વિધાર્થીઓ પ્રથમ પ્રયત્ને જ કસોટીમાં ઉત્તીર્ણ થવા માટે તેમજ (√) ટીક માર્ક લાવવા માટે ગંભીર બન્યા. તેમજ જે વિધાર્થીઓ પ્રથમ પ્રયત્ન કે કસોટીમાં ઉત્તીર્ણ થતા નથી તેઓ ઝડપથી બીજો પ્રયત્ન કે કસોટી આપવા માટે ઉત્સુક બન્યા. ફ્રી તાસ દરમ્યાન તેઓ અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરવા માટેની અન્ય કસોટી લેવા માટે આવતા. આજ તો છે મારા નવતર પ્રયોગની ફલશ્રુતિ.

આમ,આજે મારી શ્રી ક્રાંકચ કન્યા પ્રાથમિક શાળાની દરેક વિધાર્થી અધ્યયન નિષ્પતિ શું છે? અને તેનું મહત્વ કેટલું છે  તે સમજે છે અને તે અધ્યયન નિષ્પતિને સુપેરે સિદ્ધ કરે છે.

36

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


**ઇનોવેટરનું નામ :- પરમાર જ્યોત્સ્નાબેન વાલજીભાઇ**

**શાળાનું નામ :- શ્રી માલવિયા પીપરિયા પ્રાથમિક શાળા**

**તાલુકાનું નામ :- લાઠી જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 8128707075**




## :: ધોરણ -3 ના બાળકોની અક્ષર સુધારણા ::

સુંદર અક્ષરો એ હાથનું ઘરેણું કહેવાય છે. પરંતુ જ્યારે 10-06-2022 ના રોજ જ્યારે વેકેશન ખૂલ્યું અને ધો-3 ના જે બાળકો સાથે મારે વર્ગ સાંભળવાનો આવ્યો ત્યારે મને અહેસાસ થયો કે કોરોનાએ કેટલું બધુ નુકશાન કર્યું છે આ બાળકોના શિક્ષણનું. આ બધા એ બાળકો હતા કે જેઓ ધો-1 અને 2 માં પ્રત્યક્ષ શિક્ષણ મેળવી જ શકયા નહોતા. હા. ઓનલાઇન શિક્ષણ જરૂર આ બાળકોએ લીધું હતું પરંતુ પ્રત્યક્ષ શિક્ષણના અભાવે એમના અક્ષરો અત્યંત ખરાબ હતા અને પૂરતો લેખન મહાવરો એમને મળ્યો ન હતો . તરત જ એકમ કસોટીઓ આવતા જે બાળકો માંડ - માંડ થોડા સાદા અક્ષરો લખી શકતા હતા એમને જવાબો લખવાના હતા. આ બાળકોના લર્નિંગ લોસને સરભર કરવા સાથે એમના અક્ષર સુધારણા માટે પણ મારે કઇક કરવું પડશે જેનો મને અહેસાસ થયો ને આ ઇનોવેશન શરૂ કર્યું.

દરરોજ મેં વર્ગકાર્ય શરૂ કરતાં પહેલા ઠંડા પાણીની ડોલમાં બાળકોના હાથ બે મિનિટ સુધી બોળાવી આંગળા અને કાંડાની કસરત શરૂ કરાવી. એમ્બોજ કરેલા અક્ષરો પર બાળકોને આંગળી ફેરવવાનું નિયમિત રાખ્યું જેથી એમના મગજ માં અક્ષર ની આકૃતિ સ્પસ્ટ થાય , જેથી તેઓ અક્ષરના વળાંકો પારખી શકે. આ સિવાય બાળકો પાસે કઠોળ,ટિક્કી , રેતી ચોંટાડીને અક્ષરો બનાવવાની પ્રેક્ટિસ કરાવી , જેથી અક્ષરો બાળક પારખી શકે અને વળાંક મુજબ અક્ષરો લખી શકે. આટલું કરાવ્યા બાદ મે નિયમિત વીસ મિનિટ સુંદર લેખન કરાવવાનું શરૂ કર્યું અને મને ધાર્યા પરિણામ મળવા લાગ્યા. અનુલેખન માટે પણ રોજે રોજ મે સમય ફાળવ્યો અને જ્યારે બાળકો અનુલેખન કરતાં થયા તો મે કાયમ બાળકોને શ્રુત લેખનનો મહાવરો શરૂ કરાવ્યો. આ બધી પ્રવૃતિના પરિણામો ખૂબ જ સારા મળ્યા મને અને બાળકો વધુ પ્રોત્સાહિત થાય એ માટે મે દર મહિને સુંદર લેખન લેખન માટે સ્પર્ધા યોજવાનું નક્કી કર્યું . આ સ્પર્ધામાં વિજેતા પ્રથમ ત્રણ બાળકોને પ્રોત્સાહક ઇનામો પણ આપ્યા .આમ ધીરે –ધીરે બાળકો વાંચી શકાય તેવા સુંદર અક્ષરે લખતા તો થયા પણ સાથોસાથ એકમ કસોટીના જવાબો લખતા પણ થયા.

આજે મારા વર્ગના 14 બાળકો માંથી 12 બાળકો બેસ્ટ અક્ષરે લખતા થયા છે તથા એકમ કસોટીના જવાબો સુંદર હસ્તાક્ષરો સાથે સારી રીતે લખી શકે છે અને એ પણ, જેનો મને આનદ છે.

ઇનોવેટરનું નામ :- બાવીશી હિતેશકુમાર અમૃતલાલ

શાળાનું નામ :- શ્રી રાયડી પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- ખાંભા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9510258662




## :: મહેંદી અને લોન કટિંગ મશીન ::

ગિરકાંઠાનું ગામ એટ્લે ખાંભા,જ્યાં ત્રિવેણી સંગમ થાય તેવી નદીઓને કાંઠે વસેલું ગામ એટ્લે રાયડી, રાયડી ગામ. ખાંભા તાલુકા થી 15 km નાં અંતરે આવેલું છે.જ્યાં વાહન વ્યવહાર સરળતાથી મળતો નથી.અમારી રાયડી પ્રા.શાળામાં જ્યારે બાગ-બગીચો ન હતો. થોડા સમય બાદ બગીચા પ્રત્યે શાળાનાં આચાર્યશ્રીનાં ધ્યાને આવતા શાળાના શિક્ષકગણ અને વિધ્યાર્થીઓ સાથે વાતચીત કરીને બગીચાનું નિર્માણ થાય, તેવા પ્રયત્નો ચાલુ કર્યા. બીજો પ્રશ્ન શાળામાં દીવાલ ન હોવાથી કઈ રીતે મેદાનમાં બગીચો ઊભો કરવો તે એક પ્રશ્ન હતો,પરંતુ 2015 માં સૌ પ્રથમ મહેંદી ઉગાડવામાં આવી અને મહેંદીને તૈયાર થતાં લગભગ 3 વર્ષ જેટલો સમય લાગ્યો. બીજી બાજુ આ મહેંદીની લંબાઈ આશરે 400 ફૂટ જેટલી છે. હવે પ્રશ્ન આવ્યો, તેના કટિંગનો, ત્યારે શિક્ષકો અને બાળકો,જ્યારે શનિવાર હોય ત્યારે સવારથી માંડી 11:00 વાગ્યા સુધી મહેંદી કટિંગમાં સમય પસાર કરતાં આવું લગભગ 1 મહિના સુધી ચાલ્યું, સાથે બાળકોને સમય અને મહેનત પણ વધુ લાગતી આ સમસ્યાના નિવારણનાં ભાગરૂપે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો.


આ નવતર પ્રયોગ માટે એક મશીન બનાવવામાં આવ્યું, જેમાં ગેલ્વેનાઇઝ પાઇપ અને ગ્રાઇન્ડર મશીનનો ઉપયોગ કરી મશીન બનાવવામાં આવ્યું. જેના દ્વારા મહેંદીને અલગ-અલગ આકાર આપી શકાય છે. બાળકો પણ બાગકામમાં રસ લેતા થયા અને ઝડપથી તેમાં સહયોગ આપતા થયા.

આ નવતર પ્રયોગ દ્વારા જે કામ બે કે ત્રણ દિવસમાં થતું હતું, તે કામ 1 કલાકમાં થવા લાગ્યું. જે ગામનાં SMC નાં સભ્યો અને શિક્ષકોએ મૂલ્યાંકન કર્યું, કે કામ ઝડપથી થવા લાગ્યું છે. જે સરળ પણ છે. અને શિક્ષકો, બાળકોનો સમય અને મહેનતનો બચાવ થાય છે.

આ નવતર પ્રયોગથી શાળા નૈષર્ગિક વાતાવરણમાં ફેરફાર થયો, શાળામાં સુંદર અને આકર્ષક બાગ-બગીચાનું નિર્માણ થયું,અને બાળકોને શાળા પ્રત્યે લગાવ ઉત્પન્ન થયો, બાળકો વધુ ને વધુ સમય શાળામાં પસાર કરવા લાગ્યા. આજે બાળકો અને શિક્ષકો ને 5:00 વાગ્યાં પછી પણ શાળાને છોડીને જવાનું મન પણ થતું નથી. જે કાર્યમાં શિક્ષણ બગડતું હતું તેનો બચાવ થયો.

38

ઇનોવેટરનું નામ :- પાઘડાળ હરસુખભાઇ શામજીભાઇ
શાળાનું નામ :- શ્રી દલખાણીયા પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- ધારી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9979553893



# :: સાપ્તાહિક પ્રશ્નમંચ ::

**ડણકે સાવજ ડુંગરે અને નદીએ વહેતા નીર,**
**ટહુકે કળાયેલ મોરલા, આતો અમારી ગાંડી નગરી ગીર**

સંત, સુરા, સતી અને સાવજની ભૂમિ એટલે ગીરકાંઠાનું દલખાણીયા ગામ શ્રીદલખાણીયા પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં શિક્ષકો અને વિધાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરવામાં આવેછે જેમાં બાળકના ઇતર વાંચનને પ્રોત્સાહન આપવા અને શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરવા માટે શાળાના આચાર્યશ્રી હેમલકુમાર જયસ્વાલ અને શાળાના શિક્ષકશ્રી હરસુખભાઇ પાઘડાળ દ્વારા શાળામાં સાપ્તાહિક પ્રશ્નમંચની શરૂઆત એક નવતર પ્રયોગ રૂપે કરવામાં આવી.

શાળામાં સોમવારના રોજ તમામ સાક્ષરી વિષયો જેવાકે ગણિત, વિજ્ઞાન, ગુજરાતી, અંગ્રેજી, હિન્દી અને જનરલ નોલેજ ના નોટિસ બોર્ડ પર 10 પ્રશ્ન મૂકવામાં આવેછે. બાળકો દ્વારા આ પ્રશ્નોના જવાબ મેળવવા માટે પાંચ દિવસનો સમય આપવામાં આવેછે. વિધાર્થીઓ શાળા પુસ્તકાલય અન્ય માહિતીના સંસાધનો પાઠ્યપુસ્તક, વાલીની મદદથી,સાથી મિત્રો તથા વર્તમાનપત્રો અને સામયિકોનો ઉપયોગ કરી અને પ્રશ્નના જવાબ મેળવેછે અને શિક્ષકશ્રીને પ્રશ્નમંચમાં જમા કરાવે છે.

દરેક પ્રશ્નની ચકાસણી બાદ સાચા પડેલ પ્રશ્નોને શનિવારની પ્રાર્થના સભામાં શાળાના વિધાર્થીઓની સમક્ષ ડ્રો કરવામાં આવેછે. ધોરણ એકના બાળક દ્વારા ડ્રો નું ટોકન ઉપાડી જેમનું નામ આવે તે બાળકને બધા સમક્ષ પ્રશ્નો પૂછવામાં આવેછે ઉત્તર સાચા આપે તો તેમને શિક્ષકશ્રી હરસુખભાઇ પાઘડાળ તરફથી રૂપિયા 50 નું રોકડ ઇનામ તેમજ શાળા પરિવારથી પ્રમાણપત્ર આપવામાં આવેછે પરંતુ જો બાળક પ્રશ્નનો ખોટો જવાબ આપેતો ફરીથી ડ્રો કરી અને બીજા બાળકને પ્રશ્નમંચનો લાભ આપવામાં આવેછે

આ પ્રવૃત્તિઓ દ્વારા શાળામાં ઉલ્લાસ ભર્યું અને જ્ઞાનવર્ધક વાતાવરણ રહેછે દરેક બાળક જ્ઞાન મેળવવા માટે ઉત્સુક રહેછે તથા બાળકોને ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારીઓ બાળક પ્રાથમિક શાળામાંથી જ કરતું થાયછે અને જ્ઞાનનો ખજાનો મેળવવા હંમેશા આતુર રહેછે

શાળાના આચાર્યશ્રી તેમજ શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા આ નવતર પ્રયોગને પૂરતો સાથ અને સહકાર આપી અને પ્રશ્નમંચ કાર્યક્રમમાં ઉતરોતર વિધાર્થીઓની ભાગીદારી વધી રહીછે જે શાળા માટે ખૂબજ ખુશીની વાતછે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

39

**ઇનોવેટરનું નામ** :- **રૂડાણી પ્રતિકકુમાર અરવિંદભાઇ**
**શાળાનું નામ** :- **શ્રી મોટા સમઢીયાળા પ્રાથમિક શાળા**
**તાલુકાનું નામ** :- **ખાંભા** **જિલ્લો : - અમરેલી**
**ફોન સંપર્ક** :- **7069751000**



## :: સૌની શાળા ::

દાનવીર કર્ણ સમાન દાનેશ્વરી દાતાશ્રીઓની ભૂમિ મોટા સમઢીયાળા ગામ, જેમાં આવેલી એક અદ્ભુત પ્રાથમિક શાળાની વાત છે. ખાંભા તાલુકાની સરહદનું એક ગામ જ્યાં પ્રાથમિક શાળા પરિવારે આજથી 20 વર્ષ પહેલા એક અભિયાન શરુ કર્યું કે એક એવી શાળા બનાવીએ કે જે તમામ ભૌતિક સુવિધા સજ્જ હોય, બાળકોને ગમે તેવી હોય, બાળકોને શાળાએ સ્વયં આવવું ગમે તેવી હોય.

શાળા પરિવાર દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું કે લોક સહયોગ મેળવવો હોય તો શાળાને શૈક્ષણિક અને સહભ્યાસિક પ્રવૃત્તિ ઓમાં અગ્રેસર કરીએ. શાળાના પરિવારની મહેનતથી શાળા વિવિધ ક્ષેત્રોમાં પોતાની હાજરી પુરાવતી થઇ અને સફળતા મેળવતી થઇ. આવા સરસ પરિણામોની વાત ગામના દાતાશ્રીઓને કરવામાં આવી અને શાળાની ભૌતિક જરૂરીયાતોની સ્ટેપ બાય સ્ટેપ માંગણી કરવામાં આવી જે તમામા માંગણીઓ દાતાશ્રીઓ દ્વારા પૂરી કરવામાં આવતી.

લોક સહયોગ દ્વારા મોટા સમઢીયાળા પ્રાથમિક શાળામાં વિધાર્થીને શાળામાં આવવું ગમે, શાળામાં રહેવું ગમે, શાળા પ્રત્યે લાગણી ઉદભવે તથા વિધાર્થીનો શાળામાં સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ પ્રવૃતિ તથા ભૌતિક સુવિધા ઉભી કરવામાં આવેલ છે. આ કાર્ય વર્ષ 2002 થી સ્ટેપ બાય સ્ટેપ શરુ છે શાળાને બાળકના વિકાસ માટે જેની જરૂરિયાત જણાય તે ગામના દાતાશ્રીઓ દ્વારા ત્વરિત પૂરી કરવામાં આવતી હતી. વર્ષ 2002 થી અત્યાર સુધીમાં શાળાને નીચે મુજબનો લોક સહયોગ વસ્તુ સ્વરૂપે અથવા રકમ સ્વરૂપે પ્રાપ્ત થયેલ છે.

- શાળાનું મકાન -: Rs 55,00,000 વર્ષ 2004
- કમ્પ્યુટર -11 સેટ – Rs 4,00,000 વર્ષ 2005
- ગણવેશ બાળકને દરેક -:, દર વર્ષે 300 મીટર કાપડ - Rs 10,00,000 વર્ષ 2010 થી અત્યાર સુધી
- નોટબુક મુજબ વિષય બાળકને દરેક - 5000 નંગ – Rs 15,00,000 વર્ષ 2012થી અત્યાર સુધી
- ઈ સેન્સ સોફ્ટવેર વર્ષે દર -4 લાયસન્સ – Rs 14,00,000 વર્ષ 2017 થી અત્યાર સુધી
- LCD પ્રોજેક્ટર -2 નંગ – Rs.80,000 વર્ષ 2012
- LCD TV :- 2 નંગ – Rs.80,000 વર્ષ 2014
- ટેલીસ્કોપ -:1 નંગ – Rs.20,000 વર્ષ2010
- મેદાનમાં પેવર બ્લોક Rs Rs Rs - 5,00,000 વર્ષ 2015
- પુસ્તકાલય ફર્નીચર -Rs.20,000 વર્ષ 2014
- રમત ગમતના સાધનો Rs Rs - 50,000 વર્ષ 2013
- સ્પોર્ટ્સ ડ્રેસ -:60 સેટ – Rs.25,000 વર્ષ 2011
- વોલ પેઇન્ટીંગ Rs - 25,000 વર્ષ 2011
- સ્પોકન ઈંગલીશ ક્લાસ Rs 1,50,000 વર્ષ 2008 થી 6 વર્ષ સુધી
- વાર્ષિક ઉત્સવ કાર્યક્રમ Rs - 15,00,000 વર્ષ 2004 થી 2018 સુધી 15 વર્ષ
- દરેક વર્ગખંડમાં કબાટ -:16 નંગ – Rs. 32,000 વર્ષ 2008
- પ્રિન્ટર - 2 નંગ – Rs 30,000 વર્ષ 2008 અને વર્ષ 2012
- સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ડ્રેસ Rs - 25,000 વર્ષ 2009
- સંગીતના સાધનો હાર્મોનિયમ - ઢોલક, તબલા વગેરે – Rs 10,000 વર્ષ 2009
- વૈજ્ઞાનિકોના પોસ્ટર 52 નંગ – Rs .15,000 વર્ષ 2010
- પંખા 54 નંગ – Rs. 80,000 વર્ષ 2004 થી
- સાંસ્કુતિક કાયર્ક્ર્મમાં લોકફાળો Rs. 6,00,000 વર્ષ 2004 થી વર્ષ 2018 સુધી 15 વર્ષ

**શાળામાં વર્ષ 2002 થી અત્યાર સુધીમાં નાનો મોટો લોકસહયોગ**

**અંદાજીત રૂ. 1,25,00,000 જેટલી રકમ પ્રાપ્ત થયેલ છે.**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

ઇનોવેટરનું નામ :- દવે શિતલબેન પ્રતાપરાય
શાળાનું નામ :- શ્રી મોટા કણકોટ પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- લીલિયા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 88491 52372



## :: પક્ષી સંવર્ધન અને પક્ષીપ્રેમ_ ::

શેત્રુંજી નદીના કાઠે અને રાઘવનંદબાપુની પવિત્ર જગ્યા એવા મોટા કણકોટ ગામમાં હું શિતલબેન દવે છેલ્લા પંદર વર્ષથી આ ગામમાં શિક્ષક તરીકેની ફરજ બજાવી રહી છું.

મારી શાળા એટલે પ્રકૃતિથી તરબતર અને નયનરમ્ય શાળાનું પરિસર જોતા જ મન તરોતાજા બની જાય. સાથો-સાથ પર્યાવરણને પણ ખુબજ અનુકુળ તેવા વૃક્ષો અને પક્ષીઓએ પોતાનું રહેઠાણ બનાવેલું છે. મારી પાસે ધોરણ 3,4,5 હું કાર્યરત છું. જ્યારે પર્યાવરણ શિક્ષણ ભણાવતી વખતે ઘણા બધા એકમોમાં પક્ષીઓ વિશેની માહિતી આપવામાં આવેલ છે ત્યારે આ નવતર પ્રયોગનો વિચાર સ્ફૂર્યો કે બાળકોને પક્ષીઓ વિશેની વિશેષે સમજ કેળવે તે માટે સૌ પ્રથમ તો આપના આસપાસના પક્ષીઓનો અંક તૈયાર કરવામાં આવ્યા લગભગ (50)પચાસ જેટલા પક્ષીઓની માહિતી તેમના ચિત્રો દોરવામાં આવ્યા યુ-ટ્યુબના માધ્યમ દ્વારા તેમની માહિતી એકઠી કરવામાં આવી અને ત્યારબાદ 4:30 થી 5:00 દરમિયાન દરરોજ બાળકો અંકમાં પક્ષીનું આવલોકન કરે અને પક્ષીઓના રંગ, રૂપ, કદ વિષે માહિતી મેળવતા થયા અને હોંશે-હોંશે આ કાર્યને રસસભર બનાવ્યું.

મારા ઇનોવેશનનું મૂલ્યાંકન આ રીતે કરવામાં આવ્યું. ધોરણ 3,4,5 ના બાળકો માહિતી એકઠી કરી બતાવી એ આધારે નક્કી કરી શક્યા

આનવતર પ્રયોગનાં ફાયદા જોઇએ તો બાળકો વિવિધ પક્ષીઓ વિષે જાણકારી મેળવતા થયા.પક્ષીઓના ચિત્રો પણ દોરતા થયા. પક્ષીઓના ફોટા પડી અવલોકન કરતા થયા. પર્યાવરણ વિષયમાં રસ લેતા થયા. એકબીજા બાળકો પક્ષીઓ વિષે વાતો કરતા થયા. પ્રિય બાળકો આમાં રસ લેતા થયા.બાળકો પક્ષીઓ વિષે માહિતી એકઠી કરતા થયા. પક્ષીઓ તો બાળકોને ગમતા જ હોય છે પણ તેના વિષે વધારે લાગણી દાખવતાં થયા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

41


ઇનોવેટરનું નામ :- જોષી પૂજાબેન હર્ષદકુમાર

શાળાનું નામ :- શ્રી થોરડી પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9429454177




## :: Activity based learning ::

"Tell me and I will forget ,
show me and I might remember,
Involve me and I will understand

આપણે બાળકને ક્યારેય કશું શીખવી શકતા નથી. આપણે તો માત્ર એવી પરિસ્થિતિનુ નિર્માણ કરી શકીએ છીએ કે બાળક જાતે જ્ઞાન મેળવી શકે. બાળક જાતે જ્ઞાન મેળવવા ત્યારે જ ઉત્સુક બને જ્યારે બાળકને શીખવામાં રસ પડે .બાળકના રસ – રુચિ અને તેની શીખવાની પ્રક્રિયામાં સંપૂર્ણ ભાગીદારી મેળવવા માટે હું વર્ષ 2019 થી તાજેતરમા પણ અંગ્રેજી વિષયના તમામ learning outcomes બાળક દ્વારા આત્મસાત થાય તે માટે Activity based learning ની પ્રક્રિયા કરૂછું .જેમાં નીચે મુજબની classroom games / Activities માં મારી શાળાના ધો 6 થી 8 ના તમામ બાળકો સંપૂર્ણ ભાગીદાર બનેછે .

- Human Alphabet
- Treasure way
- Black board meaning bingo
- Role play
- Pictionary
- Red light / Green light
- Crossword
- Using flash cards
- Writing race
- Ice-breaker
- Agree/ Disagree
- Balloon game
- Gesture
- chain drill
- Info - gape Activity
- Finding the way
- Tongue Twister
- Onion ring
- Dramatization
- linier
- Doesn't he/ she
- whispers
- Pelmanism
- what's missing
- maching game of
- lexical set
- point the object
- Study the map

મારા આ પ્રયત્નો માટે મારા પ્રેરણાસ્ત્રોત D.I.E.T પ્રાધ્યાપક શ્રીસુતરીયા સરછે. તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી જ અમે British council ના G.E.L.D.P પ્રોજેક્ટમાં Teacher Educator તરીકે કાર્યરત છીએ. અંગ્રેજી વિષય શીખવવા માટે માત્ર કથન પધ્ધતિ કે ભાષાંતર પધ્ધતિને તિલાંજલિ આપી Live classroom નુ નિર્માણ કરી નીચે મુજબની અલગ અલગ પધ્ધતિઓ Interection patterns દ્વારા અંગ્રેજી શિક્ષણને અસરકારક બનાવી શક્યા. (1) whole class pattern (2) Group work (3) Individual work Activity based learning ની ફલશ્રુતિ એછે કે મારીશાળાનાધો 6 થી 8 ના બાળકો ખૂબ રસપૂર્વક અંગ્રેજી વિષય શીખેછે. ટૂંકા અંગ્રેજી વાક્યો સરળતાથી અને આત્મવિશ્વાસથી બોલેછે. અંગ્રેજી વિષયનુ ભારેખમ ગ્રામર ખૂબ સહજતાથી શીખેછે. 'ભારવિનાનું ભણતર ,ચરિતાર્થ થાયછે ' .

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

42


**ઇનોવેટરનું નામ :- શિલ્પાબેન મહેશભાઈ દેસાઈ**

**શાળાનું નામ :- શ્રી પે.સેન્ટર શાળાનં.1 સાવરકુંડલા**

**તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 9428617585**




## :: પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન ::

**હે, એવા નાવલીના પાણી પીધા અમે,એવા રંગ કસુંબલ પીધા અમે,**
**ગાંધીધર્મશાળા, વ્યાયામશાળા, સેવાકરનારા હેતાળા,**
**આરોગ્યમંદિર, માનવમંદિર, સંસ્થાઓની હારમાળા.**
**કુંડલાને માટે ચડે બહારવટે જોગીદાસ બહારવાટિયા,**
**ધર્મને માટે માથાદીએ આ અમારું કુંડલા.**

આ સાવરકુંડલા ગામમાં પેસેન્ટર શાળાનં.1 ખાતે વીસ વર્ષથી ફરજ બજાવતાં દેસાઇ શિલ્પાબેન પોતે સાહિત્ય અને, કલાનાં ઉપાસક હોવાને નાતે બાળકોમાં પણ આવા ગુણો વિકસાવવા સદા તત્પર રહે સાંસ્કૃતિક કાર્યક્રમો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, મૂલ્યશિક્ષણ માટે અવિરત કાર્ય આગળ ધપાવી રહ્યાછે.

વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ ઘડતર માટે શિક્ષણ ઉપરાંત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો મહત્વપૂર્ણ ફાળો હોયછે. શિક્ષણનું ધ્યેય દરેક વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસનું છે. દરેક વિદ્યાર્થીઓની આંતરિક શક્તિમાં ભિન્નતા તો હોવાની જ પરંતુ શિક્ષણનું કાર્ય વિદ્યાર્થીઓમાં રહેલા શ્રેષ્ઠત્વને બહાર લાવવાનું હોયછે. વિદ્યાર્થીઓ શારીરિક રીતે સ્વસ્થ બને સાથે સાથે તેનું મનોસ્વાસ્થ્ય થાય, કલાકૌશલ્યની ખીલવણી થાય, સુષુપ્તશક્તિઓ બહારનીકળે, વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તે માટે વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગલે તે માટે શિક્ષક દ્વારા પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવેછે.

શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓં હોશભેર ભાગ લે છે. જે શાળાએથી શરુ થઇ રાજયકક્ષા સુધીની હોયછે. વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ વિજેતા થઇ શાળાને ગૌરવ અપાવે છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય, આંતર રાજ્ય તેમજ આંતરરાષ્ટ્રીય લેવલની ઓનલાઇન અને ઓફલાઇન વિવિધ સ્પર્ધાઓ. . . ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી, GIET Gandhinagar, Rangotsav Celebration Mumbai, American Indian Foundation,Sadashiv Foundation Ahemdabad, Yoga drawing Compitition Chennai, શાંતિકુંજ હરિદ્વાર, કલાવાટિકા, સંસ્કૃત ભારતી..... વગેરે સંસ્થાઓ દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે શિક્ષક દ્વારા પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવામાં આવેછે. આમ, વિવિધ સંસ્થાઓ સાથે જોડાઇને 23 જેટલી અલગ-અલગ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ભાગીદારી નોંધાવી છે. એટલુંજ નહી ઘણી સ્પર્ધાઓમાં તો શિક્ષક પોતે પણ ભાગ લઈને વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બન્યા છે. શિક્ષક વિદ્યાર્થીઓને સ્વ-ખર્ચે પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરતા રહેછે.

પરિણામે વિવિધ સ્પર્ધાઓમાં બાળકો ઉત્તરોત્તર શ્રેષ્ઠ દેખાવ કરી વિજેતા જાહેર થયાછે. આ ઉપરાંત સ્પર્ધાઓનું વિદ્યાર્થીઓને જ્યારે પ્રમાણપત્ર મળેછે ત્યારે તેમના ચહેરા પર અનોખી રોનક જોવા મળેછે. વાલીઓ પણ ગૌરવની લાગણી અનુભવેછે.

આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓની હાજરીમાં વધારો થયો. વિદ્યાર્થીઓ ખંત, ઉત્સાહ અને ધગશથી કાર્ય કરતા થયા તેઓનો જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક વિકાસ થતો જોવા મળ્યો. વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થયો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી


ઇનોવેટરનું નામ :- ડૉ. રવિયા તેજલબેન રમેશભાઇ

શાળાનું નામ :- શ્રી બ્રાન્ચશાળા નંબર. 4, સાવરકુંડલા

તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 7383024401




## :: પ્રોપ્સ દ્વારા વાર્તા કથન/ નિર્માણ ::

ચાલને, થોડું કહી દઉં કે થોડું લખી લેવું,
હું પણ આજે કંઈક નવું સર્જન કરી લઉં.

વાર્તાએ માનવ જીવનનો અજર વારસો છે. વાર્તાઓમાં માનવતાનાં ભાવો અને પ્રકૃતિ પ્રેમ બંધાયેલો હોય છે. વાર્તાઓ જીવનનું રહસ્ય બાળકો સમક્ષ પ્રત્યક્ષ કરે છે. બાળકને મન વાર્તાએ રંગીન કલ્પનામાં નહાવા માટેનો રસ ફુવારો બને છે. વાર્તા એક અદભૂત, રમ્ય અને સ્વર્ગીય દુનિયામાં દોરી જનાર દોસ્ત બને છે.

આમ વાર્તાએ ભાષા સજ્જતા કેળવવાનું ઉત્તમ માધ્યમ છે.' નિપુણ ભારત મિશન' અંતર્ગત વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરંતુ બાળકો વાર્તા કહેવામાં ઘણી બધી મુશ્કેલી અનુભવતા હતા. જેમકે આત્મવિશ્વાસનો અભાવ, સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો અભાવ, આરોહ અવરોહ સાથેનું લયબદ્ધ જોડાણનો અભાવ તેમજ ભાષાકીય ભૂલો થતી હતી. આથી આ સમસ્યાને ધ્યાનમાં લઇ બાળકોને મજા પડે અને તેને ખ્યાલ પણ ન આવે એ રીતે તેમને શીખવાનો રસ્તો મળ્યો.

બાળવાર્તાનીસંકલ્પના બાળકોને સ્પષ્ટ થયા પછી કાર્ડ-પેપરમાંથી રંગબેરંગી પ્રોપ્સ બનાવવામાં આવ્યા. જેવા કે વાંદરો, કાગડો, હરણ, પોપટ, ચકલી, બકરી, છોકરો, ઝાડ, ઘર કૂવો, પુલ, મોર વગેરે. આ ઉપરાંત એક વાર્તાનું સ્ટેજ બનાવવામાં આવ્યું. તેમાં બધા જ પ્રકારના પ્રોપ્સ મૂકવામાં આવ્યા. વાર્તા સ્ટેજ ઉપર ચાર પાંચ પ્રોપ્સ મૂકવામાં આવ્યા. તે પ્રોપ્સનો ઉપયોગ કરી પોતાની જાતે કલ્પનાશક્તિ પ્રમાણે વાર્તા લખવા માટે પ્રેરિત કર્યા. વાર્તા લખ્યા બાદ તે પ્રોપ્સના ઉપયોગથી વાર્તા કથન કરાવવામાં આવ્યું.

આમ બાળકોએ સૌપ્રથમ પ્રોપ્સના આધારે વાર્તા લખી અને ત્યારબાદ તે જ વાર્તાનું કથન આરોહ અવરોહ સાથે કર્યું. જેમનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરવામાં આવ્યું અને ત્યારબાદ બાળકો દ્વારા લખાયેલી અને કહેલી વાર્તામાં થતી ભાષાકીય ભૂલો, વિષયવસ્તુ, કલ્પનાશીલતા, આરોહ અવરોહની સ્થિતિ, આત્મવિશ્વાસ વગેરે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.

બાળકોએ જે વાર્તા બનાવી હોય તેમાં રહેલી ભૂલો સુધારી યોગ્ય માર્ગદર્શન આપી "બાળવાર્તાઅંક" તૈયાર કરવામાં આવેલ છે. આમ રંગબેરંગી ચિત્રો સાથે આ અંક બનાવવામાં આવ્યો છે. જેમાં દરેક વિદ્યાર્થીઓના નામ લખવામાં આવ્યા છે. આથી બાળકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આમ પ્રોપ્સના માધ્યમથી બાળકો વાર્તા ખૂબ જ સારી રીતે લખવા લાગ્યા. તેમની લેખનશૈલી અને કથનશૈલીમાં ઘણું બધું પરિવર્તન જોવા મળ્યું. તેઓ પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકશક્તિનો ઉપયોગ સારી રીતે કરતા થયા. આ ઉપરાંત ભાષાશુદ્ધિ, ઉચ્ચારણ આરોહ અવરોહ સાથે પોતાના વિચારો મુક્તપણે વ્યક્ત કરતા થયા.

પહેલાના જમાનામાં વાર્તાએ જ મનોરંજનનું સાધન હતું. બાળકોને મન વાર્તાએ જીવનનો એક નવીન જ અનુભવ છે. વાર્તા દ્વારા શબ્દોની સૃષ્ટિને વારંવાર જોઈને તે આનંદ પામે છે. તે આનંદથી જીવન યાત્રા આગળ વધે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

44




**ઇનોવેટરનું નામ** :- ઉપાધ્યાય વિભાકર ભાઇ એલ

**શાળાનું નામ** :- શ્રી શ્રી ભમર પ્રા. શાળા

**તાલુકાનું નામ** :- સાવરકુંડલા **જિલ્લો** : - અમરેલી

**ફોન સંપર્ક** :- 9427747996


## :: શિક્ષણમાં ટેકનોલોજી ::

આજનો યુગ એ ટેકનોલોજીનો યુગ છે. કોઈપણ વિષયની સચોટ ઝડપી અને સૂક્ષ્મ માહિતી મેળવવા માટે આપણે ટેકનોલોજીનો સહારો લેવો જ પડે છે. મોબાઇલ દ્વારા આપણે કોઈપણ માહિતી ખૂબ જ ઝડપથી મેળવી ને તે માહિતીનું અન્ય વ્યક્તિ સાથે પ્રત્યાયન પણ કરી શકીએ છીએ. કોવિડ 19 દરમ્યાન જ્યારે ખૂબ જ વિપરીત પરિસ્થિતિનું સર્જન થયું ત્યારે શાળાઓ બંધ હતી, પણ વિધાર્થીઓનું શિક્ષણ ન બગડે તે માટે ઓનલાઇન એજ્યુકેશન ક્લાસ મોબાઇલના માધ્યમથી સરકાર શ્રી દ્વારા શરૂ કરાયા. ઓનલાઇન એજ્યુકેશન અંતર્ગત વિધાર્થીઓ પાસે લાંબો સમય મોબાઈલ રહેવાના કારણે તેઓ ગેમ અને વિડીયો જોવામાં વધારે સમય ગાળવા લાગ્યા. વાલીઓ માટે પણ આ એક વિકટ સમસ્યા હતી.

વિધાર્થીઓ આખો દિવસ ઘરમાં રહીને થાકી જતાં શું નવીન કરવું? તે પ્રશ્ન હતો એક દિવસ મારા પુત્ર એ મને કહ્યું અને આપણે શું નવીન કરી શકીએ તે અંગે વિચાર કરતા રજૂ થઈ શિક્ષણમાં ટેકનોલોજી ની રચના. આપણા અભ્યાસના વિષયને રમત દ્વારા અને ખાસ કરીને આજના બાળકોની ટેવ પ્રમાણે જો મોબાઇલ દ્વારા પીરસવામાં આવે તો તે ઝડપથી સ્વીકારે છે આપ સૌએ એ અનુભવ્યું હશે કે જેટલું બાળક મોબાઈલ દ્વારા અવનવું શીખે છે તેટલું તે બીજામાં શીખતો નથી. આ ઇનોવેશનમાં ધોરણ -1 ના બાળકોથી લઇ અને ધોરણ-12 સુધી ના બાળકોને સરળતાથી આનંદ કરતા કરતા જ્ઞાન સાથે ગમ્મત મળે તેવો પ્રયાસ કરવામાં આવ્યો. આમાં ગણિત, ભૂગોળ, સામાજિક વિજ્ઞાન, સંગીત, ધ્યાન, ભૌતિક વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, જીવ વિજ્ઞાન, મનોરંજન ગેમ્સ અને ઇલેક્શનને પણ સાંકળીને 125 કરતાં વધુ ગેમ્સ બનાવવાનો પ્રયાસ કર્યો છે અને હજુ વધારે ગેમ્સ બને તે માટે પ્રયાસ શરૂ છે. ગેમ્સ બનાવવા માટે મને હર હંમેશ સહયોગ મારા પુત્ર/વિધાર્થી દેવાંગ ઉપાધ્યાય નો રહ્યો છે.તેમણે વિવધ ગેમ્સને રૂચિકર બનાવવામાં પ્રયાસ કર્યો. વિધાર્થીને રમતા રમતા ખ્યાલ પણ ન આવે કે પોતે રમતની સાથે શિક્ષણનું પણ કાર્ય કરી રહ્યો છે. આ એજ્યુકેશનલ ગેમ્સ રમતા રમતા બાળકની યાદશક્તિ, એકાગ્રતા, ઝડપ, નિર્ણયશક્તિ, અને મૌલિકતાનો વિકાસ સહજ થતો જોવા મળે છે. પ્રવર્તમાન સમયમાં શિક્ષણ સાથે અનેકવિધ પ્રવૃતિઓ આવતી હોવાથી શિક્ષક ક્યારેક વર્ગખંડમાં જઈ શકતા નથી તેમજ ઘણી બધી માહિતીઓ એક સાથે આપવાની થાય ત્યારે પણ શિક્ષક વર્ગખંડમાં સમય આપી શકતા નથી. આવા સમયે આ ગેમ્સનો ઉપયોગ વર્ગખંડમાં કરવાથી વિધાર્થીઓ મનગમતી પ્રવૃતિમાં વ્યસ્ત રહેશે અને સાથે શિક્ષણનું કાર્ય પણ શીખશે.

આ એપ્લીકેશનના ઉપયોગ દ્વારા અમારા વિધાર્થીઓ સરળતાથી અને સહજતાથી જટિલ વિષયોના મુદ્દાઓને શીખી શકે છે. શરૂઆતમાં જે વિધાર્થીઓ મોબાઇલની ગેમ્સનો ઉપયોગ કરતો તેના બદલે આજે અમારી શાળાના શિક્ષક અને વિધાથી દ્વારા બનાવેલી આ ગેમ્સનો ઉપયોગ કરતો થયો છે. પહેલા વર્ગદીઠ સરેરાશ 30 બાળકો માંથી 20 બાળકો મધ્યમથી નબળા હતા, હવે આ એપ્લીકેશનના ઉપયોગથી તેની સંખ્યા અત્યારે સરેરાશ 30 માંથી 10 જ રહ્યા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

45

ઇનોવેટરનું નામ :- હડિયા હિમતભાઇ જે
શાળાનું નામ :- શ્રી સી.આર.સી. – ભુવા
તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 8980025520



## :: વિધા માટેનું દાન ::

સી.આર.સી ભુવાની શાળાઓમાં મુલાકાત દરમિયાન જોવા મળ્યુ કે કેટલાક બાળકો લેશન લાવતા ન હતા અને વિષયની પાકી બુક પણ બનાવેલ ન હતી. આ વિધાર્થીઓ પાસે અન્ય જરૂરી શૈક્ષણિક સામગ્રી પણ પુરતી ન હતી. તેમના કારણો તપાસતા જાણવા મળ્યુ કે તેમના વાલીની આર્થિક સ્થિતિ તેમજ કેટલાક સામાજિક કારણો જવાબદાર હતા. આ સમસ્યાના સમાધાન માટે આ એક નવતર પ્રયોગનો વિચાર આવ્યો.

આ નવતર પ્રયોગમાં સી.આર.સી. ભુવા ની તમામ દસ (10) પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. જેમની શરૂઆત નવેમ્બર-2022થી કરવામાં આવી. દરેક શાળાને એક પેટી આપવામાં આવેલ. તેમા એક સી.આર.સી. કો.ઓ. તરીકે દરેક શાળાને બચત રક્મ આપવામાં આવેલ. દરેક આચાર્યશ્રીને જાણ કરવામા આવેલ કે દરેક શિક્ષકોનો સહયોગ લઇને સ્વેચ્છાએ દરેક વ્યક્તિ દર મહિને આ પેટીમાં થોડી રકમ જમા કરે. આ રીતે શાળા પાસે એક સારુ ભંડોળ એકઠું થયું.

આ ભંડોળનો ઉપયોગ શાળામાં જરૂરિયાત વાળા બાળકોને જરૂરી શૈક્ષણિક વસ્તુઓ જેમ કે નોટબુક, પેન,પેન્સિલ, રબ્બર તેમજ અન્ય જરૂરી શૈક્ષણિક સામગ્રી લાવી આપવા માટે આ રકમનો ઉપયોગ કરવામાં આવે છે. જરૂરિયાત વાળા બાળકોની સ્પર્ધાત્મક પરીક્ષાની ફી ભરવામાં પણ આ રકમનો ઉપયોગ કરવામા આવે છે. જેના લીધે આ વિધાર્થીઓ શાળાએ નિયમિત આવતા થયા તેમ જ નિયમિત ગૃહકાર્ય પણ લાવતા થયા. તેઓ શાળાની સહભ્યાસિક પ્રવૃતિઓમાં પણ સામેલ થયા.

આ નવતર પ્રયોગનો ઉપયોગ ભુવા કલસ્ટરની 10 પ્રાથમિક શાળાઓમાં કરવામાં આવે છે. આ દરેક શાળાના શિક્ષકો તથા સી.આર.સી. કો.ઓ. અને આઇ.ઇ.ડી. કો.ઓ. હાલ દર મહિને પોતાની ઇચ્છા અનુસાર વિધાર્થીઓ માટે રકમ પેટીમાં જમા કરે છે. શાળા મુલાકાત દરમિયાન આ રકમના હિસાબ અને ઉપયોગ બાબતે આચાર્ય સાથે ચર્ચા કરવામાં આવે છે. તેનાથી બાળકોમાં આવેલ પરિવર્તન બાબતે માહિતી લેવામાં આવે છે.

આ નવતર પ્રયોગના લીધે જરૂરિયાત વાળા વિધાર્થીઓને જરૂરી શૈક્ષણીક સામગ્રી મળતા તેઓ નિયમિત ગૃહકાર્ય લાવતા થયા. શાળાની સહ અભ્યાસિક પ્રવૃતિઓમાં ભાગ લેતા થયા. દરેક વિષયની પાકી નોટ બનાવતા થયા. સ્પર્ધાત્મક પરીક્ષામાં તેની સામેલગીરી વધી. આ નવતર પ્રયોગ હાલમાં શરૂ છે. જેના ખૂબ સારા પરિણામ મળી રહ્યા છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

46

**ઈનોવેટરનું નામ :- સોજીત્રા દયાબેન સમજુભાઇ**
**શાળાનું નામ :- શ્રી અમરાપુર પ્રાથમિક શાળા**
**તાલુકાનું નામ :- કુકવાવ જિલ્લો : - અમરેલી**
**ફોન સંપર્ક :- 81539 87599**



## :: ગૌરવ ગુજરાતીનું ::

**" કુંકાવાવ મધ્યે ગામડું જેનું અમરાપુર છે નામ**
**જન્મ્યા છે જયાં ઓલિયા જેનું મુકતાનંદ શેરનાથછે. નામ "**

આપણા માં બાપની જે ભાષા હોય તેજ આપણી ગુજરાતી ભાષા. ગુજરાતી ભાષાએ આપણું સુખ સંપતિ છે જેના કારણે જ આપણે વૈચારિક અને સાંસ્કૃતિક રીતે ખૂબ ધનવાન છીએ ગૌરવંતી ગુજરાતી ભાષામાં શિક્ષણ મેળવવાથી બાળકમાં તર્કશક્તિ અને કલ્પનાશક્તિ વધુ ખીલે છે. આપણાં જીવનની પરંપરાઓ, રૂઢિઓ ગુજરાતી ભાષાના શબ્દે શબ્દમાં ચિતરાયેલી છે. આપણને વિચારો અને સ્વપ્નાઓ પણ ગુજરાતી ભાષામાંજ આવે છે. એ હૈયે છે એટલે તરત હોઠે આવે છે.

પંખીનો કલરવ, ઝરણાનો ખળ-ખળ નાદ, વૃક્ષોના પાનનો ફફડાટ આ બધુ ભેગુ થાય ત્યારે એક શબ્દ નીકળે છે એ છે ગુજરાતી ભાષા. ફૂલો,વૃક્ષોની કવિતા છે એમ આપણી લઢણ અને લ્હેકાથી સભર અલગ તરી આવતી અલંકારોથી સજેલી ધજેલી વાણી એટલે આપણી ગૌરવંતી ગુજરાતી ભાષા જેનું મુલ્યઆંકી ન શકાય આપણે ગુજરાતી ભાષાની ઉજવણી કરીને દુનિયાની તમામ ખુશી એના ખોળામાં અર્પણ કરીએ ત્યારેજ સાચી ગુજરાતી વંદના થશે.

સૌ પ્રથમ તો ભાષામાં જોડણી ભૂલો, અટકીને વાંચવું, વિરામ ચિહ્નોની ભૂલો કરવી, શબ્દોને તોડી મરોડીને વાંચવા, અક્ષરો બેડોળ થવા આવી ધણી ખામીઓ 6 થી 8ના બાળકોમાં જોવા મળી. આ ત્રણને નિવારવા અને ગૌરવ ગુજરાતીનું વધારવા મારા વર્ગને ભાષામય બનાવવામા માટે મેં વિવિધ સ્વરચિત અંકોનું નિર્માણ કર્યુ. વાંચે ગુજરાત અંક સ્વરચિતગીત કવિતા અંક મહિલા સશક્તિકરણ અંક કન્યા કેળવણી ઉજાગર કરતો અંક નાગરીક ધર્મ કોલમ અંક આવા વિવિધ અંકોના માધ્યમથી પરિણામ સ્વરૂપે બાળકોમાં સર્જનાત્મક વિકાસ મૌલિક અભિવ્યક્તિ અક્ષરલેખન અને જોડણીનો સુધારો થયો.

પ્રાર્થના સભામાં ભાગીદારી વધી, ભાષા કોર્નરમાં સ્વરચિત કવિતા વાર્તા મુક્તા થયા અને સર્જનાત્મક લેખનમાં 70 થી 80 ટકા જેટલું પરિણામ પ્રાપ્ત થયું છે.

વિવિધ પ્રવૃતિ દ્વારા બાળકોમાં સર્જનાત્મક લેખન અભિગમ કેળવાયો અંતમાં આ નવતર પ્રયોગ " ગૌરવ ગુજરાતીનું " ખરેખર સાર્થક થયો.

**" આન, બાન, શાનની સાથે ગુજરાતી અલંકાર છે,**
**ઉછળતી ઉર્મિઓને, સંવેદનાનું તું પ્રવેશદ્વાર છે "**

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

47

ઈનોવેટરનું નામ :- હિરપરા ગુણવંતરાય લાલજીભાઈ
શાળાનું નામ :- શ્રી કથીવદરપરા પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9099760013



## :: વૈભવ મૂળાક્ષરોનો ::

અરબસાગરના કાંઠે આવેલું અને **ક્ષદ્રss** ની વસ્તી ધરાવતું નાનું એવું ગામ એટલે કથીવદરપરા અહીના લોકોને કોઈ આજીવિકા માટે કોઈ આધાર નથી છૂટક મજૂરી અને બહાર મીઠાના કામમાં જવું આવી પરિસ્થિતિ હોવાથી અહીના લોકો પેટિયું રળવા માટે સ્થળાંતર કરે છે.

સ્થળાંતરીત કુટુંબો હોવાથી અહીના બાળકો પણ માતા પિતા સાથે સ્થળાંતર કરે છે.સતત સ્થળાંતરને લીધે અહીના બાળકો અભ્યાસમાં પાછળ રહી જાય છે.આવુજ એક બાળક**ચતભ** પ્રમાણે ધોરણ **,** માં પ્રવેશ મેળવે છે.આ બાળકનો પ્રથમ શાળા પ્રવેશ ધોરણ **ક્ષ** માં નહિ પણ સીધોજ ધોરણ **,**માં મળતા તે ડર અનુભવે છે.અને કહે છે કે મારે "ધોરણ **,** માં ભણવાનું ? મને કાંઈ નથી આવડતું " આ શબ્દો મારા હદયને સ્પર્શી ગયા અને આવા સ્થળાંતરીત બાળકો માટે કઈક કરવા માટે મેં આ નવતર પ્રયોગ વૈભવ મૂળાક્ષરોનો અમલમાં મૂક્યો આવા બાળકોને હસતા રમતા વાંચતા લખતા કરવામેં સતત અમે સઘન પ્રયત્નો કરી આ કાર્ય શરુ કર્યું.

"ટમટમતા કોઈ તારા સાથે ,
આભભરીને વાતો કરીએ.
સુનમુન બેઠેલા કોઈ જીવને ,
બાળક જેવું ગાતો કરીએ "

સૌ પ્રથમ બાળકને શીખવું ગમે તેવીજ રીતે વિવિધ **ક્ષપ** રીતે મૂળાક્ષરો શીખવ્યા પછી વિવિધ રમતો અને પ્રવૃત્તિ દ્વારા તેનું દ્રઢીકરણ કરાવવામાં આવ્યું. ત્યારબાદ કાના માત્રાઓ મેજિકબુક અને શબ્દ શોધ તેમજ વિવિધ રમતો દ્વારા શીખવ્યા. આગળ જતા શબ્દો વિવિધ શબ્દકાર્ડ શબ્દફિરકી , બાકસ બોક્સની ગાડી , મૂળાક્ષર પરથી શબ્દ બનાવો આ રીતે શબ્દો શીખવ્યા.શબ્દો પરથી વિવિધ શબ્દોથી વાક્યો બનાવતા અને વાક્યચાર્ટમાંથી વાંચન અને લેખન તેમજ ચિત્ર પરથી બે વાક્ય લખવા આ રીતે સતત અને સઘન પરિશ્રમથી સ્થળાંતરીત બાળકો વાંચતા લખતા હસતા થયા છે.તેજ આપણી ખરી મહેનત છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

48


ઇનોવેટરનું નામ :- દવે વરુણકુમાર અતુલભાઈ

શાળાનું નામ :- શ્રી બવાડી પ્રાથમિક શાળા

તાલુકાનું નામ :- લીલિયા જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9601041590




## :: ગણિત-વિજ્ઞાન કિટ (ધોરણ 6 થી 8 ) ::

ચારેય બાજુ વેરાન વિસ્તાર,પાણીનો કોઈ વરતારો નહીં,જયા જુઓ ત્યાં બસ ખારોપાટ વિસ્તાર,જમીનમાં પાણી નહીં વરસાદ પર આધાર સિંહોની ગર્જના કરતો, ડુંગરાની ચોટીની બાજુમાં આવેલ આ અંતરિયાળ વિસ્તારની એક શાળા જેનું નામ બવાડી જેમાં વસ્તીનું પ્રમાણ ઓછું અને બાળકોની સંખ્યા 88 જેમાં બાળકો ગણિત અને વિજ્ઞાનમાં જ્ઞાન સાથે ગમ્મત અને ટેક્નોલોજી દ્વારા શિક્ષણઅને વ્યાવસાયિક શિક્ષણ કોડિંગ અને ડિકોંડીંગ માટે આ નવતર પ્રયોગની શરૂઆત કરવામાં આવી હતી.

ગણિત અને વિજ્ઞાન વિષયમાં ગાણિતિક સમસ્યાઓ અને વૈજ્ઞાનિક સમસ્યાઓ વધારે જોવા મળે તેના નિવારણ માટે NEP-2020માં પ્રકરણ 20 અને પ્રકરણ 21 માં ટેક્નોલોજી દ્વારા શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણ ,જાત અનુભવ દ્વારા શિક્ષણ,રમત દ્વારા શિક્ષણની વાત કરવામાં આવી છે. તે સાથે સાથે ધોરણ 6થી 8 ના બાળકોને કોડિંગ અને ડીકોડિંગનું જ્ઞાન ધરાવે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમાં ટેકનોલોજી દ્વારા શિક્ષણ વ્યવસાયિક શિક્ષણ doingbylearning અને સાથે સાથે કોડિંગ અને ડીકોડિંગનું જ્ઞાન મળી રહે તે માટે આ પ્રયોગ કરેલ છે.

1. Hands on fun - વિજ્ઞાન અને ગણિતના વિવિધ અધ્યયન નિષ્પત્તિ આધારિત જુદી જુદી 45 થી 50 ગણિત વિજ્ઞાનની પ્રવૃત્તિનો એક માર્ગદર્શિકા બુકનું નિર્માણ કરવામાં આવેલું છે તેમાંથી વિદ્યાર્થીઓ છ થી આઠના પ્રવૃત્તિઓ, સાધનો, કાર્ય પદ્ધતિ, વૈજ્ઞાનિક વિશ્લેષણ, વિષયની સમજૂતી આપી દરરોજ એક વિદ્યાર્થી આ પ્રયોગ કે પ્રવૃત્તિ કરે છે. એમાંથી શિક્ષક દ્વારા પ્રશ્ન પૂછવામાં આવે છે, જેને વિચારવા જેવું કહે છે. તેમાંથી બાળકો વિજ્ઞાનિક મોડેલો તૈયાર કરે છે. અને બાળકો દ્વારા આ મોડલ તૈયાર કરતા હોવાથી ઝડપથી યાદ રાખી શકે છે.

2. ગણિતની અજાયબીઓ- ગણિતની 12 અધ્યયન નિષ્પતિઓ આધારિત 25 જેટલી પ્રવૃત્તિઓ માર્ગદર્શિકા બુકનું નિર્માણ કરેલ છે. ગણિતના વિવિધ પ્રકારના મોડેલો અને ગાણિતિક સમજૂતીઓ સાથે બાળકોમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે માટે તેમાં કાર્ય પદ્ધતિ નિર્માણ કરવાની રીત અને અલગ અલગ આકૃતિઓ આપેલી છે તેના આધારે બાળકો ગાણિતિક મોડેલ તૈયાર કરે છે અને આ મોડેલ પરથી બાળકો ગણિતમાં અભિરુચિ કેળવતા શીખ્યા છે.

3. ટેકનોલોજી દ્વારા શિક્ષણ- ધોરણ 6 થી 8 માં બાળકોને એનિમેશન ટેકનોલોજી દ્વારા શિક્ષણ વર્ચ્યુઅલ ટેકનોલોજી દ્વારા શિક્ષણ ઑગમેન્ટેડ રિયાલિટી દ્વારા શિક્ષણ આપવા માટે શિક્ષક શ્રી દ્વારા એક મોબાઇલમાં ચાલતી એપ્લિકેશન બનાવવામાં આવેલી છે જેનું નામ varudave mathematics puzzle game A.R ANR V.R. જે પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ કરવામાં આવેલીછે. જેથી બાળકોને ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી શકાય.

4. કોડિંગ ડીકોર્ડીંગ દ્વારા શિક્ષણ - નવી શિક્ષણ નીતિમાં બાળકોને કોડિંગ અને ડીકોર્ડીંગ માટે પૂર્વ તૈયારી સ્વરૂપે એક માર્ગદર્શિકાનું નિર્માણ કરેલ છે એના આધારે બાળકોને કોડિંગ અને ડીકોર્ડીંગ માટે ગણિત શિક્ષણમાં ડર લાગશે નહીં અને ઝડપથી તે તૈયાર કરી શકશે.

એક ચેક લિસ્ટ તૈયાર કરેલ છે જેથી બાળકો વૈજ્ઞાનિક અભિગમ મોડેલ બનાવવાની રીત અને ટેકનોલોજી દ્વારા જ્ઞાન માપી શકાય છે. Google ફોર્મ મૂલ્યાંકન કરતા 36 બાળકોમાંથી 28 બાળકોની અધ્યયન નિષ્પતિ 76% સિદ્ધ થઇ શકી છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

49



ઇનોવેટરનું નામ :- કોટડીયા કાજલબેન મનસુખભાઈ
શાળાનું નામ :- શ્રી શાળા નંબર -૪, - બગસરા
તાલુકાનું નામ :- બગસરા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 8320202438

## :: Creativity of art ::

અમારી શાળા બગસરાની શાળા નંબર-4 એ પછાત વર્ગના બાળકોને શિક્ષણ આપી રહી છે, દરેક બાળકોમા કલા અને કૌશલ્ય રહેલા હોય છે જેને જગૃત કરવા માટે શાળામાં એક વિચાર રજુ કરવામાં અવ્યો જેનાથી બાળકો આધુનિક સમય સાથે તાલ મિલાવી પોતાનામાં રહેલ કોઠાસૂઝ અને કૌશલ્યનું યોગ્ય માર્ગદશન હેઠળ ઘડતરથી વ્યાવસાયિક શિક્ષણ મેળવે તે જરૂરી છે, અને બાળકો સ્વનિર્ભર બની સારી આવક મેળવી કુટુંબને પણ મદદ કરી શકે તે જરૂરી છે.

બાળકોમાં રહેલ નાવીન્ય, કલા, કૌશલ્ય તેમનો શોખ, રસ તેમની ગુણવત્તા જો વિધાર્થીકાળ દરમિયાન તેમને માર્ગદર્શન, હુંફ અને પ્રોત્સાહન આપવામાં આવે તો તે પોતે સો ટકા સ્વનિર્ભર બની શકે છે. અને એક સારા કર્મચારી કરતા પણ વધારે સારું વેતન કમાઈ શકે.

અમારી શાળા સ્લમ એરિયામાં હોઇ, તેથી બાળકોને આધુનિક સમય સાથે તાલ મેળવવા માટે વ્યાવસાયિક શિક્ષણ તેમજ તેમાં સજ્જતા લાવવા આર્ટ, સંગીત, મહેંદી, ફેશન ડિઝાઇન, ફેબ્રિક આર્ટ તેમજ કન્યા અને કુમારોને ચિત્રના તાસમાં સાપ્તાહિક એક-એક તાસનું આયોજન કરેલ, જેમાં બાળકોને આર્ટ, કલા, ક્રિયેટીવીટીના કૌશલ્ય આધારિત શિક્ષણ આપવા માં આવતું હતું

આજના સમયમાં લગ્ન-પ્રસંગ,બેબી શોવર, બર્થ ડે પાર્ટી બીજા ઘણા ઉત્સવો જેવા કે ગરબા, ક્રિસમસ,જન્માષ્ટમી જેવા તહેવારોમાં સુશોભન માટે લોકો હજારો રૂપિયાના ખર્ચ કરે છે. જેમાં બાળકો બાલ્યાવસ્થાથી ભણતા-ભણતા આરામથી કમાઈ શકે છે. આ નવતર પ્રયોગથી બાળકોને અભ્યાસ સાથે જીવન નિર્વાહ માટે દીર્ઘ દ્રષ્ટિ મળે તેનાથી બાળક મહેંદી, બુટીક, ફેશનની દુનિયામાં ફેબ્રિક આર્ટ કરી શકે છે. જેવા કે પીઠારા વર્ક, તાવડી ડેકોરેશન, માટલાં ડેકોરેશન, કુર્તા તેમજ ચણીયા-ચોળીમાં ગામઠી ડ્રોઇંગ કરી શકે છે. જેનાથી બાળકો સ્વનિર્ભર બન્યા છે.

આ કલાનું મૂલ્યાંકન સમયાંતરે બાળકોને પેન્ટિંગ કરાવીને, મહેંદી દોરાવીને એકબીજાના હાથ ઉપર મેહેંદી સ્પર્ધા દ્વારા કરવામાં આવતું હતું. જેના ભાગ રૂપે બાળકો પ્રસંગોપાત નાના ઓર્ડર લઈને પગભર થયા, મહેંદી મૂકી કમાણી કરતા થયા. રસના વિષયો સાથે કાર્ય કરતા થયા., તેમની આવડત અને કૌશલ્યનો ઉપયોગ કરેતાં થયા .આજના આધુનિક યુગમાં તાલ મેળવી બાળકો તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈ શાળાનું નામ રોશન કરેલ છે.

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

50


ઇનોવેટરનું નામ :- પાનસુરીયા રાકેશ કુમાર નાથાલાલ
શાળાનું નામ :- શ્રી નાના મુંજીયાસર પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- બગસરા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 878055812




# :: EASY MATHS ::

અમારું નાનું અને ગોકુળિયું તળાવના કાંઠે આવેલું ગામ. ગામના મોટાભાગના લોકો આર્થિક રીતે સદ્ધર અને ખેતી કામ સાથે સંકળાયેલા ગામમાં આશરે 1500 લોકોની વસતિ ગામના લોકો દયાળુ, ખંતીલા અને સ્વભાવે દિલદાર એટલે નાનકડું મુંજીયાસર એવું નામ.

ગાણિતિક ક્રિયાઓમાં બાળકોમાં અરુચિ જોવા મળતી હતી અને બાળકો ગણિત પ્રત્યે ચિંતા વ્યક્ત કરતા હતા. અમારી શાળામાં પ્રથમ વખત ધોરણ 8 આવતા બાળકોમાં ગણિત પ્રત્યે ઉદાસીનતા જોવા મળતી ગણિતની સંકલ્પનાઓ, કોયડાઓ અને ગાણિતિક મોડેલ દ્વારા બાળકોમાં સરળતાથી સમજાવવા વિચારકરવામાં આવ્યો. ઉપરાંત બાળકોને N.M.M.S અને P.S.E. જેવી એક્ઝામમાં પણ સફળતા નમળતી.ત્યારબાદ ગણિતમાં રસ ઉત્પન્ન થાય તે માટે ગાણિતિક વિવિધ રમતો, કોયડા ઉકેલ પદ્ધતિ,ગાણિતિક નમૂનાઓ,મોડેલો, વૈદિક ગણિત દ્વારા ગણિત કઈ રીતે સરળ કરી શકાય તે વિચારવામાં આવ્યુ.બાળકો પોતાની જાતે ચાર અંકના દાખલાઓ, વર્ગ ક્રિયાઓ કરી શકે છે.ઘનફળ અને ક્ષેત્રફળનો સરળ રીતે ઉકેલ કરતાં થયા. અને વિવિધ સ્ક્વેર સુડોકા કરતાં થયા.બાળકોને ગણિતમાં રસ ઉત્પન્ન થયો અને બાળકો તેમની મેળે સરળતાથી ગાણિતિક ક્રિયાઓ કરવા લાગ્યા અને ગણિત એક મેજીક છે તેવું લાગ્યું અને બાળકોને ગણિતમાંથી ભય દૂર થયો અને ગણિત પ્રત્યે રસ ઉત્પન્ન થયો.

ધોરણ6 થી 8 ના બાળકોમાં ગાણિતિક ક્રિયાઓ દ્વારા ગાણિતિક મોડેલ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ નમુનાઓ અને વૈદિક ગણિત દ્વારા ગણિતમાં રસ ઉત્પન્ન થવા લાગ્યો.

શિક્ષકશ્રી દ્વારા શાળામાં 10:45 થી 11:15 સુધી એક તાસ નક્કી કરવામાં આવ્યો,અને ચિત્ર તાસમાં પણ 6 થી 8 ના બાળકોને સમયાંતરે વૈદિક ગણિત દ્વારા દાખલાઓ આપી તેમનો ઉકેલ શોધવાનું કહેવામા આવ્યું. ગાણિતિક મોડેલો દ્વારા વિવિધ નમુનાઓનું ઘનફળ અને ક્ષેત્રફળ તેમની મેળે મેળવવાનું નક્કી કરવામાં આવ્યું. આ રીત 35 બાળકોનું ચાર્ટ શીટ વડે સમયાંતરે મૂલ્યાંકન કરવામાં કરતા રહ્યા.

જેનાથી ધોરણ 6 થી 8 ના બાળકોમાં ગણિત પ્રત્યે રસ ઉત્પન્ન થયો.વૈદિક ગણિતનો ઉપયોગ કરતા થયા.ગાણિતિક ક્રિયાઓ ઝડપથી કરતા થયા., જટિલ સંકલ્પનાઓ સરળ રીતે કરતા થયા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

51

ઇનોવેટરનું નામ :- રાજ્યગુરુ ધર્મેશકુમાર હર્ષદરાય
શાળાનું નામ :- શ્રી સી.આર.સી કો ઓર્ડીનેટર ધારગણી કન્યા
તાલુકાનું નામ :- ખાંભા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9662503072



## :: અવયવો પાડવાની સરળ રીત ::

શિક્ષણની પ્રક્રિયા ત્રિધ્રુવી છે. વર્ગખંડમાં શિક્ષક વિદ્યાર્થી અને સામગ્રી વચ્ચે સતત પ્રક્રિયા થાય છે.શિક્ષણની પ્રક્રિયા જીવંત અને અસરકારક બનાવવા માટે તથા જ્ઞાન ચિરંજીવી બનાવવા પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવ્યો છે. N.C.F - 2005 અન્વયે પ્રક્રિયા અને પરિણામ આ બંનેમાંથી બાળક પ્રક્રિયા સાથે જોડાય અને પોતાનું કાર્ય સરળતાથી કરી શકે તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અભિગમમાં બાળક પાસે પરિણામની આશા રાખવાના બદલે પ્રક્રિયા પર ભાર મૂકવામાં આવે છે.

ગણિત જેવા વિષયો બાળકોને અઘરા લાગતા હોય છે ,ત્યારે " ક્રિયા દ્વારા શિક્ષણ "ના એક ભાગરૂપેબાળક જાતે પ્રયત્ન દ્વારા સાચા ઉકેલ સુધી પહોંચે તે ઇચ્છનીય છે .ગોખણપટ્ટી ને અવકાશ ન રહે અને બાળક સમજપૂર્વકનું શિક્ષણ મેળવે તેવા હેતુથી તેને પ્રક્રિયા કરવા જોડવામાં આવે છે.

ધોરણ - 5માં ગણિત વિષયમાં "અવયવો " શીખવવા માટે બાળકને 1 થી 20 ઘડીયાની સારણી સામગ્રી સ્વરૂપે આપવામાં આવે છે .જેથી તેને ઘડિયા ગોખવા પડતા નથી .માત્ર જે સંખ્યાના અવયવો પાડવાના છે તે જ સંખ્યા આપેલી ઘડિયાની કઇ કઇ સારણીમાં આવેલી છે તે બાળકને શોધવાનું હોય છે તથા આપેલી સંખ્યા જે સારણીઓમાં આવેલી છે તે ભેગી કરી ગુણાકાર સ્વરૂપે કા.પા. માં કે પોતાની નોટબુકમાં લખવાની હોય છે .ત્યારબાદ પોતે નોંધેલા ઘડિયાઓની સંખ્યા ઓને યોગ્ય ક્રમમાં લખવાના હોય છે .આ પ્રક્રિયાથી બાળકને અવયવો શોધવામાં સરળતા રહે છે. બાળક પોતે આત્મગૌરવની લાગણી અનુભવે છે.

બાળકો સ્વયમ પ્રક્રિયા કરતા હોવાથી ક્ષોભ અને સંકોચ દૂર થાય છે .બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે.બાળકોને ગુણાકાર અને ભાગાકાર જેવી પાયાની બાબતો કદાચ ન આવડતી હોય તો પણ સરળતાથી અવયવો પાડી શકે છે. ઘડિયાની સારણી સાથે પ્રક્રિયા કરતો હોવાથી ભૂલ થવાને કોઈ અવકાશ રહેતો નથી.

વર્ગના લગભગ મોટાભાગના બાળકો આ પ્રક્રિયા દ્વારા શિક્ષણના માધ્યમથી ગણિત વિષયમાં અવયવોપાડવાનું કૌશલ્ય પ્રાપ્ત કરી શક્યા હતા .બાળકો હવે કોઈપણ સંખ્યાના અવયવો ભૂલ રહીત અને ઝડપથી પાડી શકે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

52

ઇનોવેટરનું નામ :- ધાંધિયા દિવ્યાબેન ગૌરીશંકરભાઇ
શાળાનું નામ :- શ્રી સરસ્વતી વિદ્યામંદિર પ્રાથમિક શાળા – રાજુલા
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 7990605541



## :: છે સ્વર્ગથી એ વ્હાલી અમને અમારી શાળા ::

શ્રી સરસ્વતી વિદ્યા મંદિર પ્રાથમિક શાળાના બાળકોનું નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તા માટેના નક્કર પ્રયાસો કરીને શિક્ષકો શાળાને સફળતા તરફ લઈ જઈ રહ્યા છે ત્યારે વિવિધ કાર્યો ક્ષેત્રોમાંથી કયા ક્ષેત્રોમાં ત્રુટી રહેલી છે તે બાબતે વિચારી વિહંગાવલોકન શરૂ કર્યું અને જણાયું કે શાળા બહારની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં બાળકો ભાગ લેતા નહીં. બાહ્ય પરીક્ષા અને સ્પર્ધાના ડરના કારણે જૂજ બાળકો જ લાભ લેતા અને શિષ્યવૃત્તિ યોજના ના લાભથી વંચિત રહેતા. બાલદેવો ભવ: વાક્યને ચરિતાર્થ કરવા વર્ષ 2018-19 થી શાળા સમય બાદ તન મન ધનથી મૂલ્ય શિક્ષણ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ તેમજ સાંપ્રત વિષયોને ધ્યાને રાખી સમયદાન વર્ગના શ્રી ગણેશ કરાયા.

કહેવાય છે ને કે"મન હોય તો માળવે જવાય."NMMS અને P.S.E. વર્ગની શરૂઆત માં Motivation Story કહેવામાં આવતી. સંદર્ભ સાહિત્ય સાથે વિભાગ 1 માં વિસ્તારથી સમજ અપાતી અને Daily Reading Daily Test નામના શીર્ષક હેઠળ નિયમિત 10 ગુણ ની કસોટી લેવામાં આવતી. સમયાંતરે ઓનલાઈન વર્ગો શરૂ થયા જેમાં 25 જેટલા વિદ્યાર્થીઓને ઓનલાઈન વર્ગમાં જોઈન્ટ કરી , નિયમિત અધ્યાપન કરતા કર્યા. સમયદાન વર્ગમાં કયા વિભાગમાં કયા પ્રકરણમાં શું મુશ્કેલી પડી? તેની જૂથ ચર્ચા દ્રઢીકરણ અને સમજ સાથે સમય દાનનો ત્રિવેણી સંગમ જાણે વહેતો કરી સેવાનું ઝરણું ખળખળ કરતું સંસ્કૃત ગૌરવ સુધી પહોંચ્યું. આ પરીક્ષામાં વિદ્યાર્થીઓને વર્ષના પ્રારંભથી દર મહિનાના દર શનિવારે 11 થી 12 ક્રમશઃ પ્રવેશિકા, પ્રદિપિકાના વર્ગોનું અધ્યયન કાર્ય T.L.M. અને જ્ઞાનકુંજ માધ્યમથી કર્યું . છેલ્લા બે વર્ષથી 95 જેટલા વિદ્યાર્થીઓ સંસ્કૃત ગૌરવ થકી મૂલ્ય શિક્ષણ લઈ રહ્યા છે તેમજ સમિતિ દ્વારા મુકાયેલ ઓનલાઇન ટેસ્ટ મોબાઈલ દ્વારા વધુ ને વધુ બાળકો આપેછે આમ હાફ ડે ની સ્કૂલ હોવા છતાં ફુલ ડે સ્કૂલ હોય તેવો અનુભવ બાળકો કરવા લાગ્યા. તેમના સર્વાંગી વિકાસ કરવામાં વધુને વધુ સમયદાન આપવાનું શરૂ રાખ્યું. સ્થાનિક કક્ષાના જન્માષ્ટમી, શિવરાત્રી પર્વ પર વેશભૂષા સાથે રાસ ગરબામા સહભાગી કર્યા બાળકોમાં કલા ક્ષેત્રે રસ રુચિના બીજનું વાવેતર કરી તાલુકાના પ્રજાસત્તાક પર્વ, ખેડૂત સંમેલન, ગાંધી જયંતી જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમમાં બેસ્ટ પર્ફોર્મન્સ આપતા થયા. આમ 2018 થી 2022 સુધીમાં N.M.M.S,P.S.E., સંસ્કૃત ગૌરવ પરીક્ષા, કલાકુંભ, કલા ઉત્સવ, બાળ પ્રતિભા શોધ સ્પર્ધા, આઝાદી કા અમૃત મહોત્સવ, મેઘાણી જયંતિ, મોબાઈલ ટુ સ્પોર્ટ્સ સ્પર્ધા, કલા વાટિકા સ્પર્ધા, ડ્રોઈંગ એલિમેન્ટ્રી એક્ઝામ, હર ઘર તિરંગા,એક ભારત શ્રેષ્ઠ ભારત, સંસ્કૃતોત્સવ, પુસ્તક સમીક્ષા, પુસ્તક વાચક, કવિતા, વાર્તા સર્જન જેવી વિવિધ ક્ષેત્રોની સ્પર્ધાઓમાં બાળકો રસ દાખવતા થયા અને શાળાનું ગૌરવ વધારતા ગયા.

સમય દાન વર્ગમાં વિવિધ પ્રવૃત્તિઓનું મૂલ્યાંકન કરવામાં આવતું NMMS, P.S.E. અને સંસ્કૃત ગૌરવ પરીક્ષાનું મૂલ્યાંકન જુના પ્રશ્નપત્રો દ્વારા OMR શીટ પર પ્રેક્ટિસ કરાવીને . કલા ક્ષેત્રે વિવિધ સ્પર્ધાઓ દ્વારા મૂલ્યાંકન થતું

આમ વર્ષ 2019-20 અને 2020-21 માં NMMSનાં વિદ્યાર્થીઓ પાસ થયા અને બે વિદ્યાર્થીઓ મેરીટમાં સ્થાન મેળવી શિષ્યવૃત્તિ યોજના નો લાભ મેળવતા થયા. સંસ્કૃત ગૌરવ પરીક્ષાના બધા જ વિદ્યાર્થીઓ પાસ થયા તેમાંથી 16 વિદ્યાર્થી 90 ઉપર ગુણાંકન પ્રાપ્ત કરી શાળાને સંસ્કૃત ગૌરવ પરીક્ષા સમિતિ દ્વારા પ્રમાણપત્રથી સન્માનિત થયા . આ કલા ક્ષેત્રે 2018 થી 2022 સુધીમાં વિવિધ સ્પર્ધાઓમાં શાળા, પે સેન્ટર,તાલુકા,જિલ્લા,ઝોન કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી રાજ્ય કક્ષા સુધી પસંદગી પામી ને વિદ્યાર્થીઓ પ્રમાણપત્રો,મોમેન્ટો,રોકડ પુરસ્કાર મેળવી સન્માનિત થયા. વિશેષ વિદ્યાર્થીના સર્વાંગી કલા કૌશલ્યનો વિકાસ થયો વિવિધ સ્પર્ધાના ડરથી મુક્ત બન્યા ધોરણ 3 થી 5 ના બાળકો જિલ્લા કક્ષાએ ભાગ લેતા થયા. જાજા હાથ રળિયામણા કહેવત સાર્થક કરવા શિક્ષકો વિષય મુજબ વિભાગ પ્રમાણે NMMS અને P.S.E પરીક્ષા માટે સંકલન અને આયોજન મુજબ સમય દાન આપ્યું જેનો મને તેમજ શાળા સમુદાયને અનેરો આનંદ છે.

उदयमेन हि सध्यन्ति कार्या ण न मनोरथैः।
न हि सुप्तस्य संहस्य प्र व -शन्ति मुखे मृगाः।।

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

53




ઇનોવેટરનું નામ :- ટાંક સુરેશભાઇ ચુનીલાલ
શાળાનું નામ :- શ્રી રાંઢીયા પ્રાથમિક શાળા
તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9427555207


## :: બેઝીક કન્સેપ્ટ ઓફ સાયન્સ ::

વડી નદીના કાઠે આવેલું ગામ અને પથ્થરોની ખાણની ભવ્યતા અને સંસ્કૃતિના ભવ્ય વારસાને જતન કરતુ રાંઢીયા ગામ અને તેમાં પણ વડી નદીના કિનારે આવેલી અને વૃક્ષોથી લહેરાતા સુંદર બગીચો અને વિશાળ મેદાન ધરાવતી અને અત્યાધુનિક સુવિધાઓ ધરાવતી મારી રાંઢીયા પ્રાથમિક શાળા.

હું કેળવણીનું સિંચન કરતો માણસ તેમાં ધોરણ 6 થી 8 ના બાળકોને ગણિત-વિજ્ઞાનનો અભ્યાસ કરવું ત્યારે પાઠ્યપુસ્તક અભ્યાસક્રમમાં આવતી સંજ્ઞાઓ અને પ્રયોગ શાળામાં સાધનોના પરિચય તેમજ અણુસુત્રો સમજાવામાં મુશ્કેલી પડતી હતી

જેથી મેં શાળામાં વિજ્ઞાન પ્રયોગશાળાના સાધનોનું પ્રદર્શન યોજ્યું તેમાં ધોરણ 6 થી 8ના બધા બાળકોએ પ્રયોગશાળાના સાધનોનું રસપૂર્વક નિદર્શન કર્યું અને મેં તેના ઉપયોગો વિશે સમજાવ્યું અને વિજ્ઞાનમાં આવતા અણુસુત્રો અને સંજ્ઞાઓ તેમજ પ્રાયોગિક સાધનોનું એક પેમ્ફલેટ બનાવ્યું આ પેમ્ફલેટ દરેક બાળકને આપ્યું થોડા સમય માટે તૈયારી માટે આપવામાં આવ્યો

હવે તેમને મૌખિક પ્રશ્નોતરી અને લેખિત કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું જેના કારણે ધોરણ 6 થી 8ના 30% બાળકો જે સંજ્ઞાઓ અણુસુત્રો અને સાધનો સમજી શકતા હતા તેના બદલે 80% બાળકો આજે સંજ્ઞાઓ, અણુસુત્રો તેમજ પ્રાયોગિક સાધનો ઓળખી શકે છે. તેમજ તેમના ઉપયોગો પણ કરી શકે છે.

આવી રીતે ઇનોવેશનથી બાળકોમાં વિજ્ઞાનના પ્રયોગો દરમિયાન પ્રાયોગિક સાધનોનો સહેલાઇ થી ઓળખતા અને ઉપયોગ કરતા થયા. તેમજ હવે બાળકોને વિજ્ઞાનામાં આવતા અણુસુત્રો અને સંજ્ઞાઓ સહેલાઈથી સમજે છે.

**ઇનોવેટરનું નામ :- બારૈયા સંજયકુમાર બાલુભાઇ**
**શાળાનું નામ :- શ્રી એમ.આઇ.એસ.કો.ઓ. બી.આર.સી.ભવન**
**તાલુકાનું નામ :- ખાંભા જિલ્લો : - અમરેલી**
**ફોન સંપર્ક :- 7069067904**




# :: કલાકોનું કામ મિનિટોમાં ::

21 સદી એટલે જ્ઞાનનો વિસ્ફોટ અને શિક્ષણનો સાગર માનવામાં આવે છે. તેમજ સતત પરિવર્તનશીલ યુગમાં સમયની કિંમત વધતી જાય છે. જે અન્વયે સમયનો સદઉપયોગ ઉપયોગ કેવી રીતે કરવો તેમજ ઓછામા ઓછા સમયમાં ઝડપી કામ કેવી રીતે કરવું.? એવો સરકારી કચેરી, પ્રાઇવેટ સેકટરોમાં સતત પ્રયત્નો થતાં હોય છે. "કલાકોનું કામ મિનિટોમાં તમામ" આ ઇનોવેશનનો ઉપયોગ ખૂબ જરૂરી છે.

સૌ પ્રથમ કોઇ માહિતી કે ડેટા માટે તમામ સી.આર.સી. કો.ઓર્ડિનેટરને ફોન કરીને નિયત પત્રકમાં મેઇલ મંગાવવામાં આવતા હતા જેમા જીલ્લા કે રાજ્ય કક્ષાની સમય મર્યાદાવાળી માહિતી નિયત સમયે મોકલવામાં થોડો વિક્ષેપ પડતો હતો જેના નિરાકરણના ભાગરૂપે બ્લોક કક્ષાએ ચર્ચા થતા "કલાકોનું કામ મિનિટોમાં તમામ" કરવા અંગે નિર્ણય લેવાયો. જેમા બી.આર.સી. કો.ઓર્ડિનેટર અને સી.આર.સી. કો.ઓર્ડિનેટર સાથે બ્લોક કક્ષાએ મિટીંગ કરી " કલાકોનું કામ મિનિટોમાં તમામ"ની કાર્ય પધ્ધતિ અંગે પ્રોજેકટર દ્વારા સમજ આપવામાં આવી. જેમા સૌપ્રથમ સમગ્ર શિક્ષાની કોઇ પણ માહિતી હોય તે QR કોડની મદદથી સરળ રહે છે. વોટ્સએપગ્રુપમાં એક લિંક મુકવામં આવે છે જે પહેલેથી જ ગુગલશીટમાં મેઇલ કે ડ્રાઇવમાં અપલોડ કરેલી હોય છે જ્યારે વોટ્સએપ- ગ્રુપમાં લીંકને ક્લિક કરતા નિયત પત્રક એક્સેસ કરેલ મેઇલ આઇ.ડી.માં દ્રશ્યમાન થતા માહિતિની વિગત માત્ર ભરવાની હોય છે જે ઓટોમેટીક અપલોડ થતી રહે છે.

પહેલા માહિતીના એકંદરીમાં તમામ મેઇલ ડાઉનલોડ કરી એકત્રીકરણ થતું હતું જ્યારે "કલાકોનું કામ મિનિટોમાં તમામ"થી તમામ ડેટા ઓટોમેટીક આપેલ ફોર્મુલા મુજબ ભરાઇ જાય છે. જેને ડાઉનલોડ કરી માંગેલ ફોર્મેટ મુજબ કે એકસ્ટેંશન સાથે જિલ્લા કક્ષા કે રાજ્ય કક્ષાએ મોકલી શકાય છે. જેનાથી સમયની બચત થાય છે અને એકંદરી પત્રકથી છુટકારો મળે છે. તેમજ સમગ્ર શિક્ષાની કોઇ પણ માહિતી હોય તે QR કોડની મદદથી સરળ રહે છે.

"કલાકોનું કામ મિનિટોમાં તમામ"નો ઉપયોગ કર્યા પછી અમારા ખાંભા તાલુકામાં કુલ 7કલસ્ટરની64 પ્રાથમિક શાળાઓ, 10 માધ્યમિક શાળાઓ, અને 8 ઉચ્ચતર માધ્યમિક શાળાઓ એમ આ પ્રોજેક્ટ સમગ્ર શિક્ષાની કોઇ પણ માહિતી હોય તે QR કોડની મદદથી સરળ રહે છે. ડેટાઓના એકંદરીકરણ કરવા માટે જે મારે 5 થી 6 કલાકનો સમય લાગતો હતો. તે આજે કલાકોનું કામ મિનિટોમાં તમામના માધ્યમથી ગુગલ ડ્રાઇવની લિંક વોટસએપ એપ્લીકેશનમાં શેર કરવાથી તે માહિતી મને એકંદરીકરણ કરતાં માત્ર 5 થી 7 મીનીટ્સમાં કરવું શકય બન્યું છે.

આ ઉપરાંત માહિતીની સચોટતા પણ વધી છે. કલાકોનું કામ મિનિટોમાં તમામમાં લિંક શેર કરતાં સ્માર્ટફોનમાંથી પણ કામ કરવું ઘણું સહેલું છે.

ઇનોવેટરનું નામ :- પઠાણ ફિરોઝખાન દિલાવર ખાન
શાળાનું નામ :- શ્રી બી.આર.સી. ખાંભા
તાલુકાનું નામ :- ખાંભા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 94274 31992



# :: I CAN FLY ::

આજના આધુનિક યુગમાં સમધારણ વિદ્યાર્થીઓ સાથે દિવ્યાંગ વિદ્યાર્થીઓ પણ કદમ મિલાવી શકે. વિકલાંગધારો 2016 અન્વયે દિવ્યાંગ વિદ્યાર્થીઓ સામાન્ય શાળાના વિદ્યાર્થીઓ સાથે અભ્યાસ કરે શીખે અને સંમિલિત થાય દિવ્યાંગ વિદ્યાર્થીઓની આવડત શીખવાની પદ્ધતિને વેગ મળે સમાજ સાથે સમાયોજન સાધી શકે અને મુક્ત મને પોતાના વિચારો રજૂ કરી શકે વ્યવસાયિક તાલીમ અને રોજગારી મેળવીને પોતાનું ગુજરાન ચલાવી શકે ગુજરાત સરકારશ્રીના લક્ષ્ય મુજબ આત્મ નિર્ભર બને.

શું મારા દિવ્યાંગ વિદ્યાર્થીઓ સામાન્ય વિદ્યાર્થીઓની જેમ વ્યવસાયિક સજ્જતા ન મેળવી શકે શું એના કોઈ સપનાઓ ન હોય ? આ એનોવેશનના શિર્ષક મુજબ સફળ થયેલા દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ખરેખર ફ્લાય કરી છે તેથી આ ઇનોવેશનનું નામ આઇ કેન ફ્લાય રાખ્યું છે. ઘણા સમયથી ઇનોવેશન એક્ટિવિટી કરવાનું મન થતું હતું દિવ્યાંગ વિદ્યાર્થીઓના ડિસેબિલિટી સર્ટીથી માંડીને સરકારશ્રી તરફથી મળતા તમામ લાભો અપાવ્યા. પરીક્ષા લક્ષી સાધન સહાય, શિષ્યવૃત્તિ વ્યવસાયિક તાલીમ, પુનઃવસનને લગતી પ્રવૃત્તિઓ કરવામાં સાથે શિક્ષણ આપતા સામાજિક કરણ પણ શીખવ્યું. ધોરણ 12 સુધીના શિક્ષણ પછી શું ? આ બાબતે ચિંતન કરતા સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે શિક્ષણની સાથે પ્રામાણિકતાના પાઠ શીખવ્યા. તેમને વ્યવસાયિક તાલીમો અપાવીને રોજગારી માટે આત્મનિર્ભર કર્યા. આજે દિવ્યાંગોને બિચારા કે બાપડા બનીને નહીં પણ સમાજ સાથે સન્માનભેર જીવી શકે પુનર્વસન થાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા.

વર્ષ 2022માં શ્રી જે એન મહેતા હાઇસ્કૂલ ખાંભામાં નિયમિત અભ્યાસ કરતા ધોરણ 11 અને 12 ના કુલ 1વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે વ્યવસાયિક તાલીમ આપીને સજ્જ કર્યા. તેમણે સ્વરોજગારી મળી રહે તે માટે સ્થાનિક કંપનીઓમાં જઇ નોકરીદાતા પાસે રોજગારી માટે વાત કરીને સંમત કર્યા .

આ કાર્ય થકી દિવ્યાંગ વિદ્યાર્થીઓ આ મુજબ સફળ રહ્યા છે દેવેરા ગૌતમ વ્યવસાયિક તાલીમ પછી સુરત મુકામે એમ્બ્રોઇડરી વ્યવસાયમાં માસિક રૂપિયા 20,000 થી 25 હજારની કમાણી કરે છે તેવી રીતે વાળા અજય પઠાણ, વિશાલ અને કાતરીયા કૃતિ વિવિધ વ્યવહારો બાદ 18000 જેવી કમાણી કરે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



**56**


**ઇનોવેટરનું નામ :- હિનાબેન કાનજીભાઇ ચૌહાણ**

**શાળાનું નામ :- શ્રી સરકારી માધ્યમિક શાળા – બાબરકોટ**

**તાલુકાનું નામ :- જાફરાબાદ જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 70969 84584**


## :: વેબસાઈટ ::

શ્રી સરકારી માધ્યમિક શાળા- બાબરકોટની સ્થાપના તારીખ 16/06/2011 ના રોજ થઇ. તા.03/04/2017માં સામાજિક વિજ્ઞાન વિષયમાં શિક્ષણ સહાયક તરીકે મારી નિમણૂંક આ શાળામાં થઈ. શાળામાં નિમણૂક થઈ ત્યારથી એક પ્રશ્ન મને ખૂબ જ હેરાન કરતો કે શાળા 2011થી ચાલુ છે, એક એવી માન્યતા પણ ઘર કરી ગઈ કે અહી આ ક્ષેત્રમાં શિક્ષણકાર્ય કરાવી શકાય નહીં. અહી બાળકો એવા, ગામ એવું. શિક્ષક તરીકે આ સ્થિતિ અસહ બની. એવામાં 04/02/2020 થી મને શાળામાં ઇન્ચાર્જ આચાર્યનો ચાર્જ મળ્યો. મે આ વાસ્તવિક રીતે શિક્ષકત્વને વહેતું મૂકવાની અને એ તકને જડપી લીધી. એકલા હાથે જ શાળાના એક એક પ્રશ્ન બાબતે કામ કરવાનું ચાલુ કર્યું. પરંતુ શાળા કાર્યરત રાખવા સામે અનેક પડકારો હતા. જેમાં શાળાના બિલ્ડીંગ વગર, શિક્ષકોની ઘટ સાથે, વિધાર્થીઓની બહોળી સંખ્યા, વિધાર્થીઓની અશિસ્ત, વીંખાયેલું વહીવટી તંત્ર અને કોઈપણ પ્રકારની ભૌતિક સુવિધા વગર પ્રાથમિક શાળામાં, તમામ વહીવટી કાર્યો કરતાં કરતાં સ્ટાફ વગર શાળાને કાર્યરત રાખવાની હતી. આ પ્રશ્ન સ્ટાફ વિના, કામના અનુભવ વગર વહીવટી કાર્યો કરવા અને સાથે શિક્ષણનો દીવો પણ પ્રજવલિત રાખવોનો? દરેક અગવડતાઓને સગવડતામાં ફેરવવાનું સૂત્ર મે મારા જીવનમાં આપનાવી લીધું હતું અને શ્રી સરકારી માધ્યમિક શાળા બાબરકોટને શ્રેષ્ઠ શાળા બનાવવાનો નિર્ધાર કર્યો.. કામ થતું ગયું તેમ લોકો જોડતા ગયા. જરૂરિયાત શોધની જનની છે એમ કામ કરતાં કરતાં રોજ વિચાર આવતો કેવી રીતે વહીવટી કામ સરળ થઈ શકે.? ત્યારે મને શાળાની વેબસાઇટનો વિચાર આવ્યો ઘણા પ્રશ્નોના જવાબ રૂપ આ ટેકનૉલોજી ઉપયોગી સાબિત થઈ .પરંતુ એમાં પણ મોટો પ્રશ્ન વેબસાઇટ બનવાનો ખર્ચ અંદાજિત 90 હજાર જેવો થાય. ત્યારે મારા ભાઈ સચીનભાઈ (સોફ્ટવેર એન્જિનિયર) સાથે આ પ્રશ્નની ચર્ચા કરી તેમણે ચાર્જ લીધા વગર વેબસાઇટ બનાવવા તૈયાર થયા. વેબસાઇટના ડોમેન અને લાઇવ કરવાનો ખર્ચ મે ઉપડયો. DEO માનનીય શ્રી પ્રજાપતિ સાહેબ, પૂજ્ય શ્રી લતાબેન ઉપાધ્યાય તેમજ EI શ્રી સોલંકી સાહેબની પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યું અમે કામ ચાલુ કર્યું. વર્તમાન શિક્ષણનીતિ, ગુણોત્સવ અને વિધા સમીક્ષા કેન્દ્રની જેમ આ શાળાની સૂક્ષ્મ સમીક્ષારૂપ આ વેબસાઇટ Language:python,web framework:Django4, Front-end:Bootstrap5.2, javascript,jQuery, Rest-Framwork: DRF(Django Rest Framework)માં બનાવવામાં આવી.વર્તમાન શિક્ષણ નીતિમાં શાળાની ભૂમિકાની સમજ કેળવી તમામ પ્રકારના વહીવટી કાર્યોની અનુકૂળતા ઊભી કરનાર વેબસાઇટને વિધા સમીક્ષાકેન્દ્ર જેવી સમીક્ષા કરે છે તેવી સૂક્ષ્મ સમીક્ષાના રૂપમાં વેબસાઇટનું નિર્માણકાર્ય થયું.

માનનીય DEO શ્રી પ્રજાપતિ સાહેબના હસ્તે જિલ્લાની પ્રથમ સરકારી શાળાની વેબસાઇટ તા.30/12/2022ના લોકો માટે ખૂલી મૂકવામાં આવી. જેના દ્વારા બોનફાઇટ સર્ટી, બર્થ સર્ટી, ટ્રાયલ સર્ટી, LC માટેની વિગતો અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં એક ક્લિકમાં મેળવી શકાય છે. તેમજ શાળાનો ડેટા અપડેટ થતો જાય તેમ ઓટોમેટિક શાળાની સ્થિતિનું સ્ટેટિક અપડેટ થતું રહે છે જે શાળા વિકાસ યોજના બનાવવા ખૂબ જ ઉપયોગી છે. વેબસાઇટ દ્વારા વહીવટી કાર્ય તો સરળ થાય જ છે. શાળાકીય ઇન્ડીકેટર્સ પર દેખરેખ રાખી તેને સબળ બનાવી શકીએ છીએ. વિધાર્થીઓ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરી શકે છે. સ્વમૂલ્યાંકન ટેસ્ટ આપી શકે છે. વિધાર્થીઓ નોટિસબોર્ડ પર નોટિસ મેળવી શકે. વાલીઓ શાળાની પ્રવૃતિ જોઈ શકે. પબ્લિક શાળા સાથે જોડાયેલ રહી શકે છે. જેનાથી શાળાના નામાંકનમાં વધારો થાય છે. ચાલુ વર્ષથી માધ્યમિક શાળામાં ગુણોત્સવ 2.O લાગુ કરવામાં આવ્યો છે તેમાં શાળાના ગુણાંકનમાં વધારો થયો છે. તેમજ વાલીઓને તથા વિધાર્થીઓને સાઈટની ઉપયોગીતા સમજાવી. શિક્ષણ સાથે સંકળાયેલા લોકોનો વેબસાઇટ બાબતે રિવ્યુ લેવામાં આવ્યા. સાઇટ વિઝિટરના આંકડા દ્વારા સાઇટની ઉપયોગિતા જાણી શકાય છે 'સ્વયં દીપ: ભવેત' એ મુજબ સતત જ્ઞાનનો પ્રકાશ આ શાળા ફેલાવી રહી છે.

**વેબસાઇટ:https://www.govsecbabarko-t.in**

ઇનોવેટરનું નામ :- સરિતાબેન તુળજાશંકર દવે
શાળાનું નામ :- શ્રી દીપક હાઇસ્કૂલ – અમરેલી
તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 94287 97977



## :: ચાલો, નાગરિક શાસ્ત્રને વિધાર્થી પ્રિય બનાવીએ ::

સામાન્ય રીતે ધો.- 6 થી 10 સુધીના વિધાર્થીઓને સામાજિક વિજ્ઞાનમાં ક્યો વિભાગ અઘરો મુશ્કેલ લાગે છે. તેનો સર્વે કરવામા આવે તો બની શકે કે બધાના જવાબ અલગ-અલગ હોય તો પરંતુ મોટા ભાગના વિધાર્થીઓ નાગરિકશાસ્ત્ર અઘરું લાગતું હોય છે. વિધાર્થીઓને રાજયશાસ્ત્ર આવતા શબ્દો અઘરા લાગે. નાગરિક શાસ્ત્ર સંસદીય પ્રક્રિયા,ચૂંટણી પ્રક્રિયા,સંસદીય પરિભાષા અઘરી લાગતી સામાન્ય હોય છે.આવું મારી સાથે પણ મારી સંસ્થામાં બનેલ. મારા વિધાર્થીઓને નાગરિક શાસ્ત્રનો પરિભાષા, સંસદીય પ્રક્રિયા વગેરે બાબતો અઘરી લાગતી. આ માટે મે કેટલાક પ્રયત્નો કર્યા.જે આપની સામે રજૂ કરું છુ.

સૌપ્રથમ તો મારા પ્રોજેકટની શરૂઆત ક્રિયાત્મક સંશોધન દ્વારા કરી. વિધાર્થીઓના એક સમુહ પર ક્રિયાત્મક સંશોધન દ્વારા જાણવા મળ્યું કે વિધાર્થીઓને નાગરિકશાસ્ત્રમા આવતા પરિભાષીક શબ્દો અઘરા લાગે છે. ખરડો કાયદો કઈ રીતે બને છે ?સર્વોચ્ચ અદાલત કઈ રીતે કામ કરે છે ? વિધાનસભા-વિધાનપરિષદ વચ્ચેનો તફાવત, લોકસભા - રાજ્યસભા વચ્ચેનો તફાવત વગેરે બાબતો સમજવામાં થોડી વાર લાગે છે અથવા કહી શકાય કે, તે થોડુંક મુશ્કેલ લાગે છે.

આ સમસ્યા નિવારવા માટે મે ધો-8 થી 10 માં આવતા પારિભાષિક શબ્દોને અલગ તારવ્યા,તેની સરળ સમજૂતી માટે પારિભાષિક શબ્દ ભાંડોળ તૈયાર કર્યું. જ્યાં પણ અઘરો શબ્દ આવે બાળક આ PDF યાદીથી ચેક કરી આગળ વધી શકે, લોકસભા-રાજ્યશાભા રચના, ચૂંટણી પ્રક્રિયા, કામગીરી બતાવવા ચાર્ટ તૈયાર કર્યાં એજ રીતે વડીઅદાલત, જિલ્લા અદાલત રચના અને કાર્ય પધ્ધતિના ચાર્ટ તૈયાર કર્યા. સંસદીય કામગીરીથી પરિચિત બને તે માટે મોક સંસદની રચના કરી. અદાલતની પ્રક્રિયા પણ મોક ન્યાયાલય દ્વારા સમજાવવાનો પ્રયત્ન કર્યો. વિષયાંગ પ્રમાણે કઠિનબિંદુને સરલ બનાવવાની મારી ટેક્નિક અલગ-અલગ રહેતી.

બાળકના પ્રશ્નોના જવાબ વિધાર્થીઓ પોતે અને શિક્ષક સંયુક્ત રીતે આપી શકયા.વિધાર્થીઓને નાગરિકશાસ્ત્રમાં રસ પડ્યો. વિષય સરળ બનતા સારા માર્ક મેળવી શકયા. નાગરિકશાસ્ત્ર પ્રત્યેની સૂગ દૂર કરી શકાઇ. નાગરિક શાસ્ત્ર પ્રત્યેનો હાઉ દુર કરી શકાયો વર્તમાન ની ઘટનાઓ અને સંસદીય પ્રક્રિયાની સમજૂતી સરળ બન

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**58**




**ઇનોવેટરનું નામ :- કનાલા ધર્મેન્દ્રભાઈ અરજણભાઈ**

**શાળાનું નામ :- શ્રી જનતા વિદ્યાલય - તાતણિયા**

**તાલુકાનું નામ :- ખાંભા   જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 9998320045**


## :: The art of learning to learn ::

ફિલ્મ કલાકાર નાના પાટેકરે સ્કૂલના એક ફંકશનમાં કહેલું કે,"સ્કૂલમાં જો કોઈને કલાકાર બનવું હોય તો તેનો અભ્યાસક્રમ શું હોવો જોઈએ?" બાળકને જે બનવું છે એ એનો શોખનો વિષય હોય તો કેવું ? અને એનું પાઠ્યપુસ્તક એ પોતે જ બનાવે તો કેવું?! આ અનુસંધાને જ આ પ્રયોગ કરવાની ઈચ્છા થઈ આવી. આપણને ગમે એ બધું શા માટે બાળકને ભણાવવાનું? અને ચાલો, એ તો ભણાવીએ પરંતુ જે એને ભણવું છે એનું શું ?

એ વિચાર બાદ આ પ્રયોગ હાથ ધર્યો. બાળકનો શોખ જ બાળકનું પાઠ્યપુસ્તક બને પછીથી એ જ એનો વ્યવસાય બને તો દેશને સારા નાગરિકો , કલાકારો મળી રહે એવા શુભ હેતુથી ધોરણ 11ના વિદ્યાર્થીઓને એક ફોર્મ આપ્યું જેમાં તેના શોખ અને આગળ જઈને તેઓને કયો વ્યવસાય પસંદ કરવો તેના ડેટા ભરવાના હતા. આ ડેટા એનાલિસિસ કર્યા બાદ 55 માંથી 18 બાળકો એવા નીકળ્યા કે જેમના શોખના વિષયો બિલકુલ અલગ હતા. આપણાં પાઠ્યપુસ્તકો આ વિષયને સંપૂર્ણપણે કવર કરતા નહોતાં. હવે આ પ્રથમ તબક્કાનું કામ શરૂ કરવામાં આવ્યું. જેના અંતર્ગત આ 18 બાળકોના અલગ જ રસના વિષયો હતા (તબલા, ફોટોગ્રાફી, વનસ્પતિ વિજ્ઞાન,કાગળના રમકડાં, લોકનૃત્ય, કાઉન્સેલિંગ, જાદુ વગેરે) તેના પર પાઠ્યપુસ્તક બનાવવાની કામગીરી કરી.આ પાઠ્યપુસ્તક બનાવવા માટે અલગ પ્રકારના સ્ત્રોતો જેવા કે પીડીએફ, ફોટોગ્રાફ, વેબસાઈટ, એપ, બ્લોગ, વિડિયો, લેખ, વગેરેની મદદ લેવામાં આવી.

આ ડેટાનું વિશ્લેષણ કરી, તેને યોગ્ય રીતે સંપાદિત કરી, પાઠ્યપુસ્તકનું સર્જન કરવામાં આવ્યું. ત્યાર બાદ વિદ્યાર્થીને રસ પડે એ માટે જે-તે વિષયની ફોટો અને વિડીયો ગેલેરી તૈયાર કરી હવે પછી કામ ઘણું અઘરું હતું. કારણ કે હવે જે તે વિષય એમને પાઠ્યપુસ્તકમાંથી અને પ્રાયોગિક રીતે ભણાવી શકે એવા તજજ્ઞોની જરૂર હતી  જે તજજ્ઞ અમારી શાળા, આજુબાજુની શાળા, સમાજમાંથી મળી આવ્યા. શાળા એ તેઓની તાલીમ શરૂ કરી. આ તજજ્ઞોએ તેમને પાઠ્યપુસ્તક ભણાવ્યું. છેલ્લે આ બાળકોને તેના રસના વિષયનું પ્રાયોગિક જ્ઞાન પણ આપવામાં આવ્યું.. બાદમાં આંકડાકીય રીતે જોતાં આ બાળકોની આ વિષય પર કસોટી લેવામાં આવી તેમાં તેને શાળાકીય કસોટી કરતા ઘણા વધુ ગુણ આવ્યા. 18 માંથી એક પણ બાળક એવું નહોતું કે જેને 70% થી ઓછા માર્કસ હોય. 25% થીયરી અને 75% પ્રેક્ટીકલના આધારે જે આ કસોટી લેવામાં આવી તે આપતી વખતે બાળકના ચહેરા પર ન તો ડર હતો, ન ડિપ્રેશન કે ન કોઈ તકલીફ, ન ગોખણપટ્ટી ન ફેઈલ થવાની બીક. પોતાના શોખનો વિષય હતો એટલે બાળકોએ ખૂબ આનંદથી અને આરામથી પરીક્ષા આપી.

આમ ભારત સરકારની નવી શિક્ષણનીતિ પ્રમાણે બાળકને વિષય પસંદગીમાં સ્વતંત્રતા મળે અને શિક્ષકો વધુને વધુ વિદ્યાર્થીકેન્દ્રી અભિગમ અપનાવે તથા માત્ર જેને શાળાકીય શિક્ષણ લેવું છે એ જ નહીં અન્ય વિષયોમાં રસ ધરાવતા બાળકોનો પણ સમાવેશી શિક્ષણ અંતર્ગત સમાવેશ થાય. એ બધા જ અભિગમો સાથે આ પ્રયોગ હાલમાં ખૂબ સુંદર રીતે ચાલી રહ્યો છે.

ઇનોવેટરનું નામ :- જોષી મયંકકુમાર જનકભાઈ
શાળાનું નામ :- દિવાળીબા હાઈસ્કુલ, મુ. પીઠવડી
તાલુકાનું નામ :- સાવરકુંડલાજિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9427426030



# :: શૂન્યથી સૂત્ર સુધીની સફર ::

વિધાર્થીઓની ધોરણ - 1 થી ઉચ્ચ અભ્યાસ સુધીની અભ્યાસકીય શૈક્ષણિક સફરમાં ગણિત એ પાયાનો વિષય છે. કોરોનાના સંક્રમણ દરમિયાન શાળામાં પ્રત્યક્ષ શિક્ષણ બંધ હોવાથી વિધાર્થીઓ ગણિત વિષય પ્રત્યે વિમુખ બની ગયા. ગણિત વિષય વિધાર્થીઓને કઠિન લાગે છે. જેની અસર વિધાર્થીઓના ધોરણ 10ના S. S. C.નાપરિણામ પર પડે છે. વળી ઉચ્ચ અભ્યાસ કરી ચૂકેલા વિધાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષામાં ગણિત વિષયને આધારે પૂછેલા પ્રશ્નોના સાચા ઉત્તર ઝડપથી આપી શકતા નથી.આમ ગણિત વિષયમાં પાયાના જ્ઞાનનો અભાવ અને ગણિતની તૈયારી માટે યોગ્ય સંકલિત વિષયવસ્તુનોઓનો અભાવ વિધાર્થીઓ માટે એક સમસ્યા રૂપ બાબત છે.

આ સમસ્યાના ઉકેલ માટે ધોરણ- 5 થી 10 સુધીના ગણિત વિષયમાં આવતા શૈક્ષણિક મુદ્દાઓ, સૂત્રો, સંકલ્પનાઓને એકત્રિતકરી**"શૂન્ય થી સૂત્ર સુધીની સફર"** નામની પુસ્તિકાનું રૂપ આપ્યું. અમારી શાળામાં પ્રવેશ મેળવતા વિધાર્થીઓને આ પુસ્તિકા દ્વારા ગણિત વિષયના પાયાનું જ્ઞાન આપવામાં આવ્યું. દરેક વિધાર્થીઓ પાસે આ પુસ્તિકા હોવાથી સમગ્ર અઠવાડિયા દરમિયાન તેનું વાંચન કરી તેમાંથી સુત્રો યાદ રાખતા થયા અને દર શનિવારે વિધાર્થીઓ આ પુસ્તિકા માંથી શીખેલા સુત્રો-સંકલ્પનાઓ વગેરેનું પુનરાવર્તન કરીને ગણિત જેવા અઘરા અને અણગમતા વિષયને મનગમતો કરી રસથી અભ્યાસ કરવા લાગ્યા. આ પુસ્તિકામાં સંખ્યા પરિચય, માપક્રમ, અંતર માપન, ક્ષેત્રફળ ,ઘનફળ, નફો ખોટ, પૂર્ણાંક અપૂર્ણાંક સંખ્યા પરિચય, અવયવ,અવયવી,ત્રિકોણ ,વર્તુળ ,ચતુષ્કોણ, યામ ભૂમિતિ, ઘાત-ઘાતાંક ,આંકડાશાસ્ત્ર વગેરે શૈક્ષણિક મુદ્દાઓને આવરી લીધા હોવાથી વિધાર્થીઓને બધા જ સૂત્રો, સંકલ્પનાઓ આ એક જ પુસ્તિકામાંથી પ્રાપ્ત થાય છે.

વિધાર્થીઓનો ગણિત વિષય પ્રત્યેનો ભય દૂર થયો. વિધાર્થીઓ ગણિત વિષયને રસથી અભ્યાસ કરવા લાગ્યા શાળાના S. S. C ના ગણિત વિષયના પરિણામમાં સુધારો થયો. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિધાર્થીઓને ગણિત વિષયવસ્તુની પાયાની બાબતો એક જ પુસ્તકમાંથી પ્રાપ્ત થઇ. વિધાર્થીઓને પ્રોજેક્ટ રુપે આપેલા ગણતરી કરવાના દાખલાઓને ખૂબ જ સરળતાથી ગણીશક્યા.

60

ઇનોવેટરનું નામ :- આશિષભાઇ મણીલાલ જોશી
શાળાનું નામ :- શ્રીએસ. વી. દોશી. ગર્લ્સ હાઇસ્કૂલ અને
શ્રી એ. કે. ઘેલાણી ગર્લ્સ હાયર સેકંડરી સ્કૂલ
તાલુકાનું નામ :- સાવરકુંડલા જિલ્લો : - અમરેલી



# :: Magic Sparsh ::

શિક્ષણ અને સાહિત્યની નગરી સાવરકુંડલામાં શ્રી એસ. વી. દોશી. ગર્લ્સ હાઇસ્કૂલ અને શ્રી એ. કે. ઘેલાણી ગર્લ્સ હાયર સેકંડરી સ્કૂલ કાર્યરત છે. આ શાળામાં ધોરણ 11 અને 12 માં 300 વિધાર્થી બહેનો અભ્યાસ કરે છે. આ વિધાર્થી બહેનોને કોરોના કાળમાં શિક્ષણને લગતી ઘણી મુશ્કેલીઓ થતી. ખાસ કરીને અંગ્રેજી વિષયમાં તેમને માત્ર pdf મોકલી કે online શીખવી (data પણ ન હોઇ/તે સમયે ઘરે mobile પણ ન હોઇ શકે) ને વિષયવસ્તુને સમજાવી કે સમજવી ખૂબ કઠીન હતી.

આ મુશ્કેલીના નિવારણ માટે મને એક વિચાર આવ્યો કે જો આપણે બાળકોને તેને શિખવવા માંગતા વિષયવસ્તુને દ્રશ્ય શ્રાવ્ય માધ્યમથી અભ્યાસ કરાવવામાં આવે તો તેને સરળતાથી સમજાઇ પણ જાય અને લાંબો સમય સુધી યાદ પણ રહે છે. આ વિચાર થી પ્રેરીત થઇને મેં ઘરે પાઠ્યપુસ્તકના વિષયવસ્તુને સંબંધીત વિડીયો તૈયાર કર્યાં જેમાં હું સરળ ભાષામાં સમજૂતી આપતો હોવ અને પાછળ એ જ સમજૂતીનું મૂવી શરૂ હોઇ. ત્યાર બાદ આ તૈયાર કરેલ વિડિયોને બાળકો સુધી પહોંચાડવા એ પણ એક પ્રશ્ન હતો તે દૂર કરવા મેં એક Magic Sparsh તૈયાર કર્યુ જેમાં માત્ર વિષયવસ્તુનાં ચિત્રને સ્પર્શ કરવાથી તેનો વિડીયો ખુલશે.

આ વિચારને એટલી સફળતા મળી કે બાળકો હોંશેંહોંશેં અંગ્રેજીના વિડીયો જુએ અને તેના પરથી જાતે જ પ્રોજેક્ટ તૈયાર કરે અને ચર્ચા પણ કરે. પરીણામે ધોરણ 12 નાં બોર્ડ ના રીજલ્ટ માં પણ ઘણો સુધાર થયો. જે પરીણામ 70 થી 80% આવતું તે આજે 90 થી 97% સુધીનું આવે છે. અંગ્રેજીનો હાવ પણ દૂર થયો છે

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**61**


**ઇનોવેટરનું નામ :- બારૈયા વિપુલભાઈ લવજીભાઈ**

**શાળાનું નામ :- શ્રી જયચામુંડા આદર્શ માધ્યમિક શાળા**

**તાલુકાનું નામ :- રાજુલા. જિલ્લો : - અમરેલી**

**ફોન સંપર્ક :- 7600633561**




## :: ધોરણ 10 ગણિત વિષય પરિણામ સુધારણા ::

નવતર પ્રયોગની સંપૂર્ણ વિગત :- મારી શાળા માં સમસ્યા નિવારણ માટે દરેક વિધાર્થીઓ ને બેજિક ગણિત તેમજ સ્ટાન્ડર્ડ ગણિત મુજબ પ્રકરણ વાઈઝગુણભારલખાવવામાં આવે છે. તેમજ પ્રકરણ પૂર્ણ થયા બાદ પ્રકરણનાગુણભાર મુજબ 20-25 માર્કનીટેસ્ટ લેવાય છે.અને ઓછા માર્ક લાવનાર બાળકો માટે 1 કલાક વધારાનું શૈક્ષણિક કાર્ય કરાવવામાં આવે છે.લીધેલટેસ્ટના માર્ક શાળાના નોટિસ બોર્ડ પર મુકવામાં આવે છે.પ્રિલીમ પરીક્ષા પૂર્ણ થયા બાદ વિધાર્થીઓનેરીડિંગની રજા ન આપતા શાળા પર જ બોર્ડની પરીક્ષા પદ્ધતિ મુજબ ઓછામાં ઓછા 5 પેપર લખાવવામાં આવે છે.

- પ્રથમ સત્રાંત પરીક્ષા પૂર્ણ થયા બાદ ગણિત વિષયમાં મેળવેલ માર્કને આધારે નબળા અને હોશિયાર વિધાર્થીઓના બે જુથ બનાવી શકાય અને નબળા અને હોશિયાર વિધાર્થીઓના બે જુથ બનાવી શકાય. અને નબળા જૂથમાં બે હોશિયાર વિધાર્થીઓ બેજિક ગણિત માટે નીચે મુજબ 41 માર્કનું સોલ્યુશન કરાવવામાં આવે છે.
- પ્રકરણ-5 સમાંતર શ્રેણી - 08 માર્ક
- પ્રકરણ-14 આંકડાશાસ્ત્ર - 14 માર્ક
- પ્રકરણ-15 સંભાવના - 11 માર્ક
- પ્રમેય - 04 માર્ક
- રચના - 04 માર્ક
- કુલ - 41 માર્ક

  મારી શાળામાં શૈક્ષણિક કાર્યની વહેચણી ગણિત અને વિજ્ઞાનમાં પ્રકરણ તેમજ પાઠ મુજબ કરવામાં આવે છે.
- પરિણામ
- વિધાર્થીઓમાં હરીફાઈ જોવા મળે છે.જેથી તેના પરિણામમાં સુધારો થાય છે.
- બોર્ડની પરીક્ષાનો ભય દૂર થાય છે.
- નબળા વિધાર્થી શિક્ષક સમક્ષ પોતાની મુશ્કેલી કેવામાં શરમ અનુભવતા હોય છે.જે તેના સહપાઠીને તેની મુશ્કેલી સરળતાથી કહી શકશે અને પોતાની મુંજવણ દૂર કરે છે.
- શિક્ષણની અસરકારક્તા સારી જોવા મળે છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

62

ઇનોવેટરનું નામ :- પંપાણીયા ધાનાભાઇ અરજનભાઇ
શાળાનું નામ :- શ્રી જે.એ. સંઘવી હાઇસ્કૂલ
તાલુકાનું નામ :- રાજુલા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9924195404



## :: ડિજિટલ શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા ::

અમરેલી જિલ્લામાં રાજુલાનું નામ આવે ત્યારે લોકોના માનસ પર પથ્થર યાદ આવે અને એવાજ અમારા રાજુલાના વિધાર્થીઓ બહારથી પથ્થરની જેમ મજબુત પરંતુ અંદરથી એટલાજ કોમળ હ્દયના !

આજે વાત કરવી છે મારે રાજુલા મધ્યે આવેલ ઐતિહાસીક ધરોહર ધરાવતી અમારી શાળા એટલે "શ્રી જે.એ. સંઘવી હાઇસ્કૂલ રાજુલા"આ એજ શાળા છે કે જેમણે સમાજને ખુબ સારા નાગરીકોનું નિર્માણ કર્યુ છે. અનેક વિધાર્થીઓ નામ યાદ ન કરતા એક ઉત્તમ ઉદાહર એટલે આપણા ગુજરાત રાજ્યના પુર્વ મુખ્ય સચિવ શ્રી પી.કે. લહેરી સાહેબ જે આ શાળામાંથી અભ્યાસ કર્યો છે.

વાત કરવી છે અમારી શાળાના વિધાર્થીઓની જિલ્લાની સૌથી જુનીશાળાઓમાં જેનું નામ છે. અને રાજુલા તાલુકાના ગરીબ અને સામાન્ય પરિવારના વિધાર્થીઓ અહિયાથી શિક્ષણ લઇ રહ્યા છે. હું આ શાળામાં ઉચ્ચત્તર મા. વિભાગમાં સમાજશાસ્ત્ર અને ભૂગોળ વિષય શિખવું છું. કોરોના સમય દરમિયાન પ્રત્યક્ષ શિક્ષણથી વંચિત રહેલા વિધાર્થીઓને શિક્ષણ કઇ રીતે આપી શકાય તે મારા મનમા પ્રશ્ન હતો. અને મેં એક પ્રયોગ કર્યો ઘરે વિડીયો લેક્ચર બનાવી વિધાર્થીને આપી શકાય કે કેમ ? બસ ત્યારથી શિક્ષણમાં ટેક્નોલોજીનો દોર શરૂ થયો. અને મારી પોતાની યુટ્યુબ ચેનલ બનાવી અને વિધાથીઓને ડિજિટલ શિક્ષણ આપવાનું શરૂ કર્યુ. આજે મારા વિધાથીઓ ડિજિટલ શિક્ષણનો ભરપુર ઉપયોગ કરી રહ્યા છે. માત્ર મારી શાળાના જ વિધાર્થીઓ નહી પરંતુ ગુજરાતભરની શાળાઓમાં મારી યુ-ટ્યુબ ચેનલથી ડિજિટલ શિક્ષણ લઇ રહ્યા છે.

પરિણામ એ આવ્યુ કે ટેક્નોલોજી અને ડિજિટલ શિક્ષણના કારણે વિધાર્થીઓનો ઉત્સાહ વધ્યો. સાથે મેં ટેક્નોલોજીનો વધારે ઉપયોગ કરીને એકજ પી.ડી.એફ. ફાઇલમાં આખો અભ્યાસક્રમ જેમાં બધાજ પ્રકરણના વિડીયોલેક્ચર, સ્વાધ્યાયના પ્રશ્નો, બ્લુપ્રિન્ટ, આદર્શ પ્રશ્નપત્ર, બોર્ડ પ્રશ્નપત્ર સોલ્યુશન, ક્યુ.આર. કોડ, વિડીયો લિંક, લેખીત સામગ્રી ડિજિટલ સ્વરૂપે, અને સાથે ઓનલાઇટેસ્ટ, ઘણુ બધુ.............

અંતે એટલુજ કે આજના ડિજિટલ યુગમાં શિક્ષકએ પણ ડિજિટલ થવું પડશે તો જ ડિજિટલ શિક્ષણમાં શિક્ષકની ભૂમિકા અગત્યની બની રહેશે...............

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

63

ઇનોવેટરનું નામ :- તળાવિયા કેતનકુમાર કાંતિભાઈ
શાળાનું નામ :- શ્રી અમૃતબા વિદ્યાલય
તાલુકાનું નામ :- લિલિયામોટા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9979449595



## :: SELF LEARN & SELF TEACH ::

અમરેલી જિલ્લાના મોટાલિલિયાની શ્રીઅમૃતબા વિદ્યાલય શાળામાં ધોરણ 11અને 12 માં 132 વિદ્યાર્થીઓ અભ્યાસ કરેછે . આ વિદ્યાર્થીઓ માંથી મોટા ભાગના વિદ્યાર્થીઓમા એવું જોવા મળ્યુ કે તેઓ નામાના મુળતત્વો વિષયમાં મુશ્કેલી અને ડર અનુભવતા હતા તેમજ તેમનામા સ્ટેજ પર આવીને બોલવાનું અશક્ય જેવું હતું તપાસ કરવાથી એવું જાણવા મળ્યુ કે વિષયમા રસ ન હોવાને કારણે તેમજ વિષય અઘરો હોવાને કારણે આવું બનેછે. વિષયમા સમજ ઓછી હોવાને કારણે વર્ગ કાર્ય દરમિયાન આળસ અનુભવતા હતા.

આ બાબતને ધ્યાનમાં રાખીને મને એવો વિચાર આવ્યોકે જો વિદ્યાર્થીઓ જાતે વિષય ભણાવતા થાય તો બે કામ એક સાથે થાય એક તો વિષય સમજતા થાય અને તેઓ સ્ટેજ પર આવીને બોલતા થાય .શરુઆતમાં વિદ્યાર્થીઓ ડર અનુભવતા હતાં પરંતુ ચાર પાંચ દિવસ પછી એવું બન્યુ કે વિદ્યાર્થીઓ સામેથી વિષય ભણાવવાનું કહેવા લાગ્યા. આમ વિષય પ્રત્યેનો ડર દુર થયો તેમજ સ્ટેજ ફિયર પણ દૂર થયો. વિષયમા રસ જાગૃત થવાને કારણે વિષય સરળ બન્યો ,તેમજ કંટાળો દુર થયો.

બસ આ નવી પ્રવૃતિ દ્વારા ખરેખર એક ચમત્કાર થયો લગભગ મોટા ભાગના વિદ્યાર્થીઓ આ વિષય ધ્યાનપૂર્વક અભ્યાસ કરતા થયા ,નામા વિષયમા રસ ન હતો તે રસ આ પ્રવૃતિ દ્વારા ઉભો થયો હોય તેવું લાગ્યુ અને આજે પણ જે બાબત કઠીન લાગે તેને આ રીતે બાળકો દ્વારા ભણવવામા આવેછે અને બહુ જ સરસ પરીણામ મળેછે. ખરેખર સરળ લાગતી આ પ્રવૃતિ જે એકદમ સામાન્ય કહી શકાય પરંતુ કેટલુ મોટુ પરીણામ આપી શકતી હોયછે તે બાબત મારા આ ઇનોવેશન દ્વારા સાબિત થઇ છે.

ઇનોવેટરનું નામ :- પરમાર મંજુલાબેન બાબુભાઇ
શાળાનું નામ :- શ્રીજી.એન.દામાણી મ્યુનિસિપલ હાઇસ્કૂલ
તાલુકાનું નામ :- ધારી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 8980812811



## :: ગુજરાતીમાં અક્ષર સુધારણા ::

અમરેલી જિલ્લાનો ગીર કાંઠાનો તાલુકો ધારી. જેની સૌથી જૂની અને પ્રતિષ્ઠિત હાઇસ્કૂલ એટલે શ્રી જી.એન. દામાણી મ્યુનિસિપલ હાઇસ્કૂલ.જેમાં અંદાજે 28 ગામડાના વિધાર્થીઓ અભ્યાસ અર્થે આવે છે.

કોરોનાકાળ દરમ્યાન રાજ્યભરની શાળાઓના વિધાર્થીઓ ઘરે બેઠા અભ્યાસ કરી રહ્યા હતા. શાળાના શિક્ષકો online અભ્યાસક્રમ ચલાવતા હતા. મોબાઇલનો ઉપયોગ કરી you tube, ગૂગલ મીટ, જુમ જેવી એપ્લિકેશનનો ઉપયોગ કરી વિધાર્થીઓને ઘરેબેઠા અભ્યાસ કરાવતા હતા. આમાં મોટે ભાગે ગ્રામ્યકક્ષાએ વિધાર્થીઓને ઈન્ટરનેટ અને કવરેજના પ્રોબ્લેમ્સ બહુ હતા.ગરીબ વિધાર્થીઓને એન્ડ્રોઇડ મોબાઈલ પણ નહોતા આમ અભ્યાસક્રમ બગડતો. આ રીતે લગભગ બે વર્ષ એમના બગડ્યા. કારણ કે ક્લાસરૂમમાં જે શીખવાય એ મિબાઇલથી ભણવું જોઇએ એવી સફળતા નહોતી મળી. એના પરિપાક સ્વરૂપે વિધાર્થીઓમાં out put ન મળતું. ખાસ તો મારા ગુજરાતી વિષયમાં લેખન શૈલી બગડી. પેન અને નોટનો સંબંધ તૂટ્યો હોય એવું જણાયું. મને મારી હાઇસ્કૂલના વિધાર્થીઓની સમસ્યાનું નિવારણ કેમ કરવું એ વિચાર આવ્યો અને ઇનોવેશન કરવાનું મન થયું જેનું અમલીકરણ કરવા માટે મેં કામ શરૂ કર્યું. જેવી શાળા શરૂ થઇ વિધાર્થીઓને કોઇ ટોપિક ક્લાસમાં લખાવીએ તો તેમની નોટ-પેન સરખી ચાલે નહિ અને અક્ષર બગડ્યા હોય એવું જણાયું. લગભગ 50 ટકા જેવા બાળકોના અક્ષર સારા નહોતા થતા. આ બાબતને ધ્યાને લઇને મેં અક્ષર સુધારણા માટે કામ શરૂ કર્યું અને મહત્તમ વિધાર્થીઓને ગુજરાતી ભાષાની લખવાની ક્ષમતા ખીલે તેમજ સુદ્રઢ બને એ માટેનું કાર્ય આરંભ કર્યો.જેમાં મહદઅંશે સફળતા મળી.



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

65


ઇનોવેટરનું નામ :- નવરોજ બરકત ગાંગાણી
શાળાનું નામ :- શ્રી ઝવેરચંદ મેઘાણી હાઇસ્કુલ, બગસરા
તાલુકાનું નામ :- બગસરા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9426976211




## ::"NA'J Method : ઉદભવબિંદુ"::

વિધાર્થીઓને શાળામાં આંતરિક મૂલ્યાંકનના ગુણ સરળતાથી મળી જવાથી વિધાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃતિઓ રાષ્ટ્રીય,પ્રવૃતિઓમાં સહભાગી થવું , પ્રોજેક્ટ કાર્યમાં ભાગ લેવો કે અન્ય શિક્ષણ સિવાયની વિકાસલક્ષીય પ્રવૃતિઓ હોવા છતાં ભાગ ન લેવો અને નિરાશતા દેખાતી હોવાથી એવું કંઈક કરીએ કે જેથી વિધાર્થીઓ રસ લેતા થાય અને વિધાર્થીઓની આંતરિક શક્તિનો વિકાસ થાય. ઉપરાંત સહઅભ્યાસિક પ્રવૃતિઓ શિક્ષણ જેટલું અને શૈક્ષણિક પ્રવૃતિઓ જેટલુ જ વિકાસ માટે જરૂરી છે અને સર્વાંગી વિકાસ ત્યારે જ થઇ શકે છે. તેવા ભાગ રૂપે મૂલ્યાંકન માટે NA'J પદ્ધતિ મને આશીર્વાદ રૂપ લાગી અને મે અમલમાં મૂકી.

**આત્મસાત કરીને , રાષ્ટ્રીય ભાવ ઉત્પન માટે પાંચ Methodology,**

**1) રાષ્ટ્ર માટે ઉપયોગી એક કાર્યવર્ષમાં 200 દિવસ દરમ્યાન એમનું નિરીક્ષણ**:જેમાં તમે વૃક્ષારોપણ કરી શકો કોઇ એક વૃક્ષ વાવો તેનો ફોટોગ્રાફ લો , તેનું પિયત કેવી રીતે કરશો તેનો પ્લાન આપો , અઠવાડિયામાં એક વખત મોનીટરીંગ કરો છો તે દર્શાવો , મહિનામાં એક વખત પેરેન્ટ્સ સાથે વૃક્ષ સાથેની મુલાકાત, ક્વાટરમાં એક વખત ટીચર સાથે મુલાકાત અને એવી રીતે લગભગ 200 દિવસ એટલે કે 30 વિક સુધીનું કાર્ય કરવું. અને પર્યાવરણ બચાવવા સહભાગી થવું . **2)સ્વચ્છતા મારો સંકલ્પ**:જેમાં બુક્સ , ટેક્સ્બૂક, નોટબુક્સઅને અન્ય રેફરન્સ બુક્સને પૂઠા ચડાવવા બાઈન્ડીંગ કરવું અને સ્વચ્છ રાખવી, બેગ સ્વચ્છ રાખવી. શાળામાં આપલે બેઠક વ્યવસ્થા છે એ અને તેના ઓરડામાં સ્વચ્છતા છે તેની તકેદારી રાખવી , કોઇ ન રાખે તો પણ બીજાની સામે નહિ જોતા હું તો સ્વચ્છ રાખીશ જ કેમ કે સ્વચ્છતા એ મારો સંકલ્પ છે. આખી શાળામાં કોઇ પણ વિધાર્થી શાળા બગાડશે તો પણ હું સ્વચ્છ કરી દઇશ અને સ્વચ્છતા રાખીશ અને ક્રમશ:30 વિક અંદાજીત 200 દિવસ સુધીનુંહું પ્રયાસ કરીશ. **3)વાંચન કળા**:સફળતા મેળવવા માટે સકફળ લોકોની બુક્સ વાંચન માટે આપવી. સફળતા કોઇનો ઇજારો નથી, જીત તમારી , શૂન્યમાંથી સર્જન વગેરે જેવી 10 બુક્સમાંથી એક બૂક પસંદ કરવી અને 200 દિવસના વાંચન બાદ બૂક પૂર્ણ થયા પછીની તેમના વિષેની સ્ટોરીનો અનુભવ જણાવો અને આ બૂક માંથી પ્રાપ્ત કર્યું હોય તેનું વર્ણન કરવું.**4)નિયમિતતા કેળવવી**:પ્રાર્થનાની શરૂઆત થાય શાળામાં તે પેહલા આવવું ,ક્લાસ રૂમમાં દરેક સમયે નિયમિત રેહવું , હોમ વર્કમાં નિયમિત રેહવું , શાળાકીય પ્રવૃત્તિમાં જે સમય આપેલ છે તેનું પાલન કરવું ,તેમજ રાષ્ટ્રીય તેહેવારોની ઉજવણી અન્ય સામાજિક પ્રસંગો શાળા દ્વારા ઉજવાય તે દરેક સમયે આપેલા સમયે નિશ્ચિત સમયે હાજર રેહવું.**5) ગણિત એક પ્રકરણનું સંક્ષિપ્ત**:ગણિતના પ્રકરણ પૂર્ણ થયા પછી કોઇ એક પ્રકરણ પસંદ કરી એ પ્રકરણને સંક્ષિપ્તમાં લખવું , એટલેકે એ પ્રકરણ ને 3 પેજમાં સમાવી લેવું , એ પ્રકરણમાં આવતી મેથળો કેટલી છે , સુત્રો કેટલા છે , અને એક એક ઉદાહરણ આપી આટલું તૈયાર કરીએ એટલે પ્રકરણ તૈયાર થાય જાય ટૂંકમાં પ્રકરણનો નીચોડ બનાવતા શીખવું અને બનાવીને પ્રોજેક્ટ તૈયાર કરવો.

**આ પ્રોજેક્ટના ફાયદાઓ :**

ઓછામાં ઓછુ એક કાર્ય એવું કરશે કે જેનાથી પર્યાવરણ નું અને વાતાવરણનું જતન થશે . વાંચનની કળા ખીલશે . અને સફળતા પામવા માટે કઇ કઇ મુખ્ય બાબતો છે તેનું આત્મસાત કરશે . એક પ્રકરણને સંક્ષિપ્તમાં લખવાની ટેવથી દરેક પ્રકરણને ટૂંકસાર કરી સંક્ષિપ્ત માં લખી યાદ કરવાની અને લાંબા સમય સુધી મેમરીમાં રાખવાની અને સમજણ પ્રાપ્ત કરવાની કળા વિકાશશે. દરોજ એક ભલું કાર્ય કરવાની આદત તેમના જીવનમાં વણાઇ જશે, સ્વચ્છતા, નિયમિતતા જેવા ગુણોનો વિકાસ થશે. સારી બાબતો તેના વ્યવહારુ જીવનમાં કેળવાઇ અને 10 કે 12 વર્ષ પછી એ વિધાર્થી મળે ત્યારે આ બધી વસ્તુઓ તેના જીવનમાં વણાઇ ગયેલ હોય છે એનો જયારે એ વાત કરે છે ત્યારે મને ખુશી થાય છે કે આંતરિક મૂલ્યાંકન એ તો મારા મનની અંદર ઉદ્બવેલી વાચા નું એક પ્રતિબિંબ દેખાય છે . અને મારું આંતરિક મન બાળકોના સર્વાંગી વિકાસ તરફ લઇ જનારું મૂલ્યાંકનછે એવો એહસાસ ઘણી વાર થયો છે.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી



66

ઇનોવેટરનું નામ :- જાવિયા વસંતબેન વી.
શાળાનું નામ :- શ્રીવી.એન.પટેલ કલ્યાણ વિધાલય જામબરવાળા
તાલુકાનું નામ :- બાબરા જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9978226573

# :: વ્યસનમુક્તિ ::

કોરોના દરમ્યાન વિધાર્થીઓ દ્વારા જાણવા મળ્યું કે તેના પપ્પા માનસિક રીતે બેચેન રહેછે .તથા સ્વભાવ ચીડયો થઇ ગયોછે . આ બધુ બજારમાં મળતા મસાલા ઓછા થઈ જવાના કારણે થયું. ત્યારે અમારી સ્કૂલશ્રી વી, એન .પટેલ કલ્યાણ વિધાલયના આચાર્યશ્રી મુકેશભાઈ કાનાણી સર આ બાબતમાં ઊંડાણ પૂર્વક વિચારી સ્ટાફમાં ચર્ચા કર્યા બાદ વિધાર્થીઓના આ પ્રશ્નનું નિરાકરણ લાવવા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો. જેનું સંચાલન શ્રીવસંતબેન જાવિયાને આપવામાં આવ્યું. સર ના માર્ગદર્શન નીચે અમે વિધાર્થીઓના વાલીની મુલાકાત લીધી તથા વાલી મિટિંગ ગોઠવામાં આવી. વિધાર્થીને પણ વિશ્વાસ આપ્યો કે ધીમે –ધીમે અમે આ પરિસ્થિતીમાં સુધારો કરવાનો પ્રયત્ન કરશું

2021- માં શરૂ કરવામાં આવેલ આ કાર્યના પરિણામ અમને 2022માં સારા જોવા મળ્યાં. વિધાર્થીઓ દ્વારા પણ આ બાબતે સકારાત્મક વિચાર જોવા મળ્યાં વાલી વિધાર્થીઓ પાસે પાન –મસાલા મગાવતા બંધ થઈ ગયા તથા દિવસ દરમ્યાન ઓછામાં ઓછા મસાલા ખાયછે.

અમે વ્યસન માંથી મુક્ત થવાના કેટલાક ઉપાય દર્શાવ્યા હતાં

- તમાકુના સેવનની ઈચ્છા થતાં લીંબુ ચૂસવાથી ફાયદો થાયછે.
- લીમડાનાં પાન ચાવવાથી વ્યસન મુક્ત થઈ શકાયછે.
- મધના સેવનથી શરીરનું ઝેર બહાર નીકળી જતાં નશો કરવાની ઈચ્છા ઓછી થાયછે.

આમ ,અમે વાલીની રૂબરૂ મુલાકાત લીધી તથા ધણા બધા સૂત્રો તથા મહાન વ્યક્તિના જીવનચરિત્ર્યોની ચર્ચા કરી

કરે વ્યસન તો જીવન બરબાદ છે .

બરબાદ જીવનમાં શું આબાદ છે.

આબાદ રહેવા સંકલ્પ જરૂરી છે.

વ્યસન મુક્તિનો મંત્ર જરૂરી છે.

હજુ આ દિશામાં અમારા પ્રયત્ન ચાલુ છે..

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

**67**

ઇનોવેટરનું નામ :- સથવારા કર્દમકુમાર નટવરલાલ
શાળાનું નામ :- શ્રી યુ. એમ. અજમેરા હાયર સેકન્ડરી સ્કુલ, દામનગર
તાલુકાનું નામ :- લાઠી જિલ્લો : - અમરેલી
ફોન સંપર્ક :- 9924198643



## ::3d એનિમેશનદ્વારાભૌતિકવિજ્ઞાનમાંશિક્ષણ::

નમસ્કાર કોરોના કાળ દરમિયાન બાળકોને ઓનલાઇન શિક્ષણ આપવાનું થયું હોવાથી બાળકો ઓનલાઇન શિક્ષણમાં યોગ્ય સમજ મેળવે અને પોતાનો વિષય પ્રત્યે રુચિ વધારે તથા વિષયને યોગ્ય રીતે સમજે તથા વિષય માં રહેલા પ્રાયોગિક નિદર્શનનો સાચો અનુભવ જેવો જ અનુભવ પ્રાપ્ત થાય અને તેના નિષ્પત્તિઓ પ્રત્યેના ખ્યાલો બને તે હેતુસર થ્રીડીએનિમેશન દ્વારા ઓનલાઇન શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો અને જેનાથી બાળકોને વધુ સારી પ્રાયોગિક સમજ પડે તેવું શિક્ષણ પૂરું પાડ્યું

ભૌતિક વિજ્ઞાનમાં કેટલાય એવા પ્રયોગો છે કે જેનો સીધો પ્રાયોગિક નિદર્શન કરવું શક્ય નથી અને આથી આવા પ્રયોગો વિશે બાળકોને સમજાવું થોડુંક અઘરું રહે છે માટે આ બાળકોને તેના પ્રાગિક ઘટના ને 3-D એનિમેશનમાં બતાવી તેની સાચી સમજ આપી શકાય છે અને બાળકોની અટપટા વિષય પ્રત્યે રુચિ વધારી શકાય છે દાખલા તરીકે સૂર્યની અંદર થયેલ ન્યુક્લિયર સંલયન પ્રક્રિયા આપણે બાળકોને સમજાવી છે તો તેના માટે આપણે 3 d એનિમેશન દ્વારા સૂર્યમાં થતી ન્યુક્લિયર સલયન પ્રક્રિયા સરળતાથી સમજાવી શકીએ છીએ અને જેથી બાળકોની વિષય પ્રત્યે રુચિ વધે છે ભૌતિક વિજ્ઞાનમાં આવા ઘણા બધા પ્રયોગો છે કે જેની સાચી સમજ આપણે થ્રીડીએનિમેશન દ્વારા વધુ સારી રીતે આપી શકે છે અને બાળકોની ભૌતિક વિજ્ઞાન પ્રત્યેની રુચિ વધારી શકીએ છીએ તે હેતુસર મેં સર્વ પ્રથમ બ્લેન્ડર એપ્લિકેશનનો ઉપયોગ કરી અને ત્યારબાદ એ ડોબી ઇલસ્ટ્રેટર,પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન વગેરેની મદદથી 3d એનીમેટેડ વિડીયો દ્વારા શિક્ષણ આપવાનું શરૂ કર્યું અને જેનાથી બાળકોની વિષય પ્રત્યેની રુચિમાં વધારો થયો.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી

68


ઇનોવેટરનું નામ :- વઘાસિયા મહેશ રતિલાલ

શાળાનું નામ :- કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય – અમરેલી

તાલુકાનું નામ :- અમરેલી જિલ્લો : - અમરેલી

ફોન સંપર્ક :- 9427745001




## :: નોંધપોથી દ્વારા મૂલ્યાંકન::

**"સફળ શિક્ષણ સફળ જીવનનો પાયો છે"**


જૂન 2022......કોવિડ-19ની ભયાનક બીક વચ્ચે શરૂ થયું અને સાથે જ શાળાઓ પણ નિયમિત શરૂ થઇ. વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત આવતાં થયા. ફેબ્રુઆરી-2020થી વિદ્યાર્થીઓ માટે અભ્યાસ ચાલુ રાખવા માટે ટેકનોલોજી પર આધારીત થઇ જવું પડ્યું. એવામાં મધ્યમ અને ગરીબ વર્ગના બાળકો ખર્ચ ન કરી શકવાના કારણે ચાલુ અભ્યાસે પણ અભ્યાસથી વિમુક્ત થઇ ગયાં. હવે જયારે શાળાઓ નિયમિત ચાલુ થઇ ત્યારે વર્ગમાં આપવામાં આવતું વર્ગકાર્ય પણ સારી રીતે કરી શકતા ન હતાં.તેવામાં ગૃહકાર્યએ વિદ્યાર્થીઓ માટે કઠીન સાબિત થઇ રહ્યુ હતું. વાલીઓ પણ વારંવાર એક જ ફરીયાદ લઇને આવતાં હતાં કે મારું બાળક ઘેરે કોઇ પણ પ્રકારનું વાંચન કે લેખનકાર્ય કરતું નથી એ વખતે મારી શાળામાં મારા દ્વારા એક **"નોંધપોથી દ્વારા મૂલ્યાંકન"** નામનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો. કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિધાલય-અમરેલી આ શાળામાં જૂન-2022થી શરૂ કરેલ

**"નોંધપોથી દ્વારા મૂલ્યાંકન"** દ્વારા કાર્યક્રમ શરૂ કરવા માટે સૌપ્રથમ શાળાનાં આચાર્યશ્રી વી.બી.વ્યાસ સાહેબની સંમતિ લેવામાં આવી અને ત્યારબાદ આચાર્યશ્રીની જ અધ્યક્ષતામાં આ કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા મારા સાથી શિક્ષકમિત્રો સામે મુકવામાં આવી. ત્યારબાદ ધોરણ 9 અને 10નાં વિદ્યાર્થીઓને આ રૂપરેખા આપવામાં આવી.ત્યારબાદ દરરોજ શાળા સમયબાદ 0 તાસ દરમિયાન કાર્યની નોંધપોથી દ્વારા મુલ્યાંકન કાર્ય શરૂ થયેલ. શરૂઆતમાં એક અઠવાડીયા સુધી વિદ્યાર્થીએ નોંધપોથી કેવી રીતે નિભાવવી, નોંધપોથી શા માટે ? તેનું મહત્વ અને ઉપયોગીતા તેમજ નોંધપોથીની વિદ્યાર્થીનાં અભ્યાસ પર થનાર યાદચ્છિક અસરો વગેરે વિષયો પર પુરતી સમજણ આપવામાં આવી ત્યારબાદ વાલી મિટિંગ દ્વારા આ બાબતે વાલીઓને આ રૂપરેખા સમજાવામાં આવી. જે મુજબ દરેક વિદ્યાર્થીઓ જે વર્ગમાં અભ્યાસક્રમ ચાલે છે તે દરરોજ ધરે તેમના સમયે એ અભ્યાસક્રમનું વાંચન અને લેખન કરે એ ઉપરાંત શાળાના શિક્ષકો દ્વારા "આજનું લેશન" શિર્ષક અંતર્ગત આપવામાં આવતું કાર્ય પણ કરે. આ કરેલ કાર્યની તારીખ, સમય,અભ્યાસ કર્યાની વિગત અને પુનરાવર્તન માટેનો સમય પણ નોંધપોથીમાં નોંધે અને ધો.10નાં વિદ્યાર્થીઓને 3 કલાકનું અને ધો. 9 નાં વિદ્યાર્થીઓને 2 કલાકનું દૈનિક કાર્ય પુર્ણ થતાં જ વિદ્યાર્થીએ પોતે જ તેમનાં વાલી (ઘરે જે વ્યક્તિની હાજરીમાં આ દૈનિક કાર્ય કરેલ હોય)ની સહી કરાવવી. ત્યારબાદ એ નોંધપોથીમાં વિદ્યાર્થીએ કરેલ નોંધનાં મૂલ્યાંકન માટે ધો.9 અને ધો.10 ના 15-15 વિદ્યાર્થીઓની ટીમ બનાવી આપવામાં આવેલ. જે દરેક ગ્રુપનાં 2 – 2 વિદ્યાર્થીઓને ગ્રુપ લીડર બનાવવામાં આવેલ ઉપરાંત દરેક ટીમની જવાબદારી 1 - 1 શિક્ષકને સોપવામાં આવેલ છે. વિદ્યાર્થીની નોંધપોથી સૌપ્રથમ ટીમ લીડર દ્વારા ચેક કરવામાં આવે છે ઉપરાંત તેમાં લખેલી નોંધમાંથી ટીમ લીડર દ્વારા પ્રશ્નોતરી પણ કરવામાં આવે છે અને વિદ્યાર્થીએ કાર્ય વ્યવસ્થિત કરેલ છે કે નહીં તેની નોંધ ટીમ લીડર રાખે છે અને ત્યારબાદ ટીમ લીડર આ સંપુર્ણ કાર્યનું અઠવાડીક રીપોર્ટિંગ તેની ટીમનાં જવાબદાર શિક્ષકને કરે છે અને મારા સાથી શિક્ષકમિત્રો આ જવાબદારી પણ પોતાની અંગત ફરજ સમજીને વિદ્યાર્થીની જરૂરીયાત જેવી કે કઠીનબિંદુનું નિરાકરણ,ઉપચારાત્મક શિક્ષણ તેમજ વિદ્યાર્થીના લેખન,વાંચન પ્રત્યે નિષ્ઠાથી કાર્ય કરે છે. આ કાર્ય દરરોજ શાળા સમય બાદ ૦ તાસ દરમિયાન થઇ રહ્યુ છે.તેમજ શાળા સમય બાદ વાલીઓમાં જાગૃતિ આવે તે માટે શિક્ષકો વાલી સાથે ટેલીફોનિક સંપર્ક કરીને અથવા રૂબરૂ મુલાકાત કરીને પણ તેમનાં બાળકની ગૃહકાર્ય વિશેની માહિતી મેળવતાં હોઇએ છીએ.જેથી વિદ્યાર્થી પણ પોતાના કાર્ય પ્રત્યે હરહંમેશ જાગૃત રહે છે **"નોંધપોથી દ્વારા મૂલ્યાંકન"** આ કાર્યક્રમ સફળતાનું વર્ણન કરુ તો જૂન – 2022 ની શરૂઆતના સમયમાં શાળાએ આવતો બાળક અભ્યાસ પ્રત્યે અરૂચિ ધરાવતો હતો તે હવે અભ્યાસ પ્રત્યે રૂચી દાખવતો થયો.એ સમયે લગભગ 25% કરતાં પણ ઓછા વિદ્યાર્થીઓ ગુહકાર્ય કરીને લાવતાં હતાં તે આજે 85% ઉપરાંત વિદ્યાર્થીઓ ગૃહકાર્ય કરીને લાવતાં થયા.વાલીઓ વારંવાર ફરીયાદ કરતાં હતાં કે મારું બાળક ઘરે વાંચન-લેખન કરતું નથી તે ફરીયાદ કરનારા વાલીઓ પણ આજે તેના બાળકનાં વખાણ કરતાં થાકતાં નથી.ઉપરાંત કેટલાક વાલીઓ તો ટેલીફોન દ્વારા તેમજ રૂબરૂ મળીને પણ શિક્ષકોને પોતાના બાળકની નોંધ આપતાં થયા.

***ખરેખર પરિશ્રમ એ જ જીવનમાં સફળતાનું રહસ્ય અને આત્માનું રત્ન છે***

# ઇનોવેશન ફેસ્ટીવલ રાઇટ અપ વર્કશોપ ઝલક












જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન



